# ગુલદસ્તા (ભાગ-૧)

: લેખક :

ઈબ્રાહીમ બી. પટેલ, ભરુચ

: પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

ભરૂચ-૩૯૨૦૦૧.

મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.)

તથા

આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

*ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.*

# અવર બેંકર્સ

## નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

# અનુક્રમણીકા


| ક્રમ | વિગત | પેજનં. |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૭ |
| ૧. | કુર્રાનની ફરિયાદ | ૧૪ |
| ૨. | એક ખૂબજ ચિંતન-મનન કરવાની વાત | ૩૨ |
| ૩. | એક દિલચસ્પ ઘટના | ૩૫ |
| ૪. | સહાબાએ કિરામની રૂહાનિયત | ૪૧ |
| ૫. | કુર્રાનને છોડીને શું મતલબ થાય છે ? | ૪૩ |
| ૬. | હું પણ ત્યાં હાજર હતો... | ૪૮ |
| ૭. | તાવીઝ શું છે ? એની હકીકત શું છે ? | ૫૩ |
| ૮. | સૂરએ ફલક | ૫૬ |

| | | |
|---|---|---|
| ૯. | સૂરતુન્નાસ | ૫૯ |
| ૧૦. | અંગિશ્તરી – અંગૂઠી એટલે હાથની વીંટી ઇસ્લામની દ્રષ્ટિમાં એક ચર્ચા | ૮૭ |
| ૧૧. | અંગૂઠી કઈ ધાતુની હોવી જોઈએ ? | ૯૦ |
| ૧૨. | અકીકની ફઝીલત | ૯૧ |
| ૧૩. | યાકૂત, ઝબરજદ અને ઝમર્રૂદની ફઝીલત | ૧૦૦ |
| ૧૪. | ફિરોઝા અને જજએ યમાનીની ફઝીલત | ૧૦૨ |
| ૧૫. | દુર્રે નજફ, બિલ્લૂર, હદીદે ચીની અને અન્ય નગીનાઓની ફઝીલત | ૧૦૭ |
| ૧૬. | કોઈપણ પ્રકારના ત્રાસવાદનો | ૧૧૪ |

| | | |
|---|---|---|
| | ઇસ્લામ સખત વિરોધી છે. | |
| ૧૭. | ઇસ્લામ વિરૂધ્ધ યુરોપનો ત્રાસવાદ | ૧૨૩ |
| ૧૮. | અમેરિકાનું હરામનું સંતાન-ઇઝરાઇલ | ૧૨૬ |
| ૧૯. | લબનાન ઇઝરાઇલ યુધ્ધ અને મુસ્લિમ દેશોની ખામોશી | ૧૩૫ |
| ૨૦. | ગુનાહની સજા-અદલે ઇલાહી | ૧૩૮ |
| ૨૧. | ખૂંબહા અને કિસાસમાં તમારી જિંદગી છે. | ૧૪૧ |
| ૨૨. | ઇન્સાફ ઇન્સાફ છે. કોઈ ગમે તે ધર્મ પાડતો હોય | ૧૪૩ |
| ૨૩. | મુસલમાનો હંમેશા રાષ્ટ્રવાદી રહ્યા છે ? | ૧૪૫ |
| ૨૪. | ઈમામ હુસૈન અને હિંદુસ્તાન | ૧૬૦ |

# બિસ્મિલ્લાહ હિર રહમાનિર રહીમ

# પ્રસ્તાવના

## ઇલ્મ - જ્ઞાન

يُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّعْلَمُوْنَ ۝

યોફસ્સેલુલ આયાતે લેકૌમિંય યઅ્લમૂન

(સૂ. યુનુસ, આ. ૫)

તે (અલ્લાહ) વિસ્તારથી વર્ણવે છે. આયાતો તે લોકોના માટે જેઓ જાણવા ઇચ્છે છે.

જેઓને ઇલ્મ શીખવાનો શોખ છે, જેઓને ઉમંગ છે. તેઓના માટે કલામુલ્લાહ ઇલ્મનો ખજાનો છે.

نَبِّـُٔوۡنِىۡ بِعِلۡمٍ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ﴿۱۴۳﴾

નબ્બેઉની બેઇલ્મિન ઇન કુન્તુમ સાદેકીન.

(સૂ. અન્આમ, આ. ૧૪૩)

મને કોઇ ઇલ્મની બુનિયાદ પર બતાવો અગર તમે સાચા છો.

وَلَقَدۡ اٰتَيۡنَا دَاوٗدَ وَسُلَيۡمٰنَ عِلۡمًا ۚ وَقَالَا الۡحَمۡدُ

لِلّٰهِ الَّذِىۡ فَضَّلَنَا عَلٰى كَثِيۡرٍ مِّنۡ عِبَادِهِ

الۡمُؤۡمِنِيۡنَ ﴿۱۵﴾

વલકદ આતયના દાવુદ વ સુલયમાન ઇલ્મા, વકાલલ હમ્દો લિલ્લાહિલ્લઝી ફઝ્ઝલના અલા કષીરિમ મિન એબાદેહિલ મુઅ્મેનીન.

(સૂ. નમ્લ, આ. ૧૫)

અને ચોક્કસ અમે દાવુદ અને સુલયમાનને ઇલ્મ આપ્યું. અને બંનેએ કહ્યું: દરેક પ્રકારની તારીફ અલ્લાહના માટે જ છે. જેણે અમને પોતાના મોમિન બંદાઓમાંથી ઘણાંબધા ઉપર ફઝીલત આપી.

ઇલ્મ મળતાં આ અલ્લાહના નેક બંદા અંબિયાઓએ અલ્લાહનો શુક્ર અદા કર્યો. જો અલ્લાહ આપણને પણ કોઇપણ પ્રકારનું ઇલ્મ આપે તો આપણે પણ અલ્લાહની શુક્રગુજારી કરવી જોઇએ.

અય અલ્લાહ! તમામ તારીફને લાયક તું જ છે. તું તારી ખૂબીઓના કારણે હમ્દને લાયક છે.

બારે ઇલાહ ! મારા જેવા હકીર, કમઇલ્મ, ગુનેહગાર ઇન્સાનને આટલી તૌફીક આપી, આટલી હિંમત આપી, આટલો સમય આપ્યો કે હું મારી શક્તિ પ્રમાણે તારી અઝીમ કિતાબ કુર્આન મજીદની ખિદમત અને તબ્લીગે દીને હકમાં થોડોક ભાગ લઇ શક્યો. જે કિતાબને તે તારા પ્યારા નબી હઝરત મોહંમદ નબીએ આખરૂઝ્ઝમાન ઉપર વહી દ્વારા અમારા માટે આખિરતની ભલાઇ હાસિલ કરવા માટે નાઝિલ કરી.

ખુદાવંદા ! તેં કુર્આને હકીમને એવું નૂર બનાવ્યું જેની પેરવી કરીને તેના પ્રકાશમાં અમે ગુમરાહી અને અજ્ઞાનતાના અંધકારમાંથી હિદાયત હાસિલ કરી શકીએ છીએ.

અમને તારા ચિંધેલા સીધા રસ્તા ઉપર લઇ જા અને ચલાવ્યે રાખ.

અમને તારી કિતાબની સાચી તાબેદારી કરનારા બનાવી દે. અમને સાચાઓના ‘‘હોઝ'' ઉપર પહોંચાડી દે. તેના મીઠા પાણીના જામથી સેરાબ કરી દે.

પરવરદિગારા ! અમને એવા લોકોમાંથી બનાવી દે જેઓ પુરેપુરો અમલ કરનારા હોય.
યા અરહમર્રાહેમીન !

તારા આ જાહિલ અને નાદાન બંદા ઉપર રહેમ કર, કદમ કદમ પર મારી એવી હિદાયત ફરમાવ કે હું તારી હિદાયતના સદકામાં ગુમરાહીથી બચી જાઉં.

યા અલ્લાહ ! મારી આ નાચીજ કોશિશોને ઇન્સાનોની હિદાયતનો ઝરીઓ બનાવ.

યા અલ્લાહ ! તેં મને મદદગારોનું એક આખું ગ્રુપ આપ્યું છે. જેમાં કિતાબોને છાપનારા ભાઇ(પ્રેસ) પણ સામેલ અને એટલા જ મદદગાર છે. જેટલા કે મારા દોસ્તો છે. મારા મદદગારો છે. મારા ચાહકો છે. જેઓ મારા આ અમ્ર બિલ મઅરૂફના કાર્યમાં મદદગાર છે.

યા અલ્લાહ ! હું એકલો હરગિઝ કદમ નહીં ઉપાડી શકું જ્યાં સુધી તું તારા આ બધા જ બંદાઓને મારી સાથે મારા નેક કાર્યોમાં પૂરેપૂરા ભાગીદાર નહીં બનાવે.

યા અલ્લાહ ! મારા મદદગારોનો પૂરેપૂરો હિસ્સો નક્કી કર. મારા તમામ નેક કાર્યોમાં તેઓને પૂરેપૂરા ભાગીદાર બનાવ.

યા અલ્લાહ ! આ લોકોના નામોને તું ખૂબ જાણે છે. તુ આલેમુલ ગયબ છે. છતાંય હું કોઇક

કોઇક વખત તારી બારગાહમાં આ નામો રજૂ કરી દઉં છું.

યા અલ્લાહ ! તારા એવા સેંકડો ગરીબ બંદાઓને પણ તું ભરપૂર બદલો આપ જેઓ મહબ્બતથી, દુઆઓથી, ઇલ્મથી, વાંચનથી, મારી સાથે જોડાયેલા છે. મારા માટે દુઆ કરે છે. મારાથી દુઆના ઉમ્મીદવાર છે.

યા અલ્લાહ ! મારી દુઆઓને મોહંમદ અને આલે મોહંમદના સદકામાં કબૂલ ફરમાવ.

અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિવ વ આલે મોહમ્મદ.

**નાચીજ**

**ઈબ્રાહીમ બી. પટેલ**

# (૧) કુર્રાનની ફરિયાદ

તાકોંમેં સજાયા જાતા હું, આંખોંસે લગાયા જાતા હું
તાવીઝ બનાયા જાતા હું, ધો ધો કે પિલાયા જાતા હું
જુઝદાન હરીર-વ-રેશમ કે ઓર ફૂલ સિતારે ચાંદી કે
ફિર ઇત્રકી બારિશ હોતી હૈ, ખુશ્બુમેં બસાયા જાતા હું
જિસ તરહસે તોતા મેનાકો, કુછ બોલ સિખાયે જાતે હૈં
ઇસ તરહ પઢાયા જાતા હું, ઇસ તરહ સિખાયા જાતા હું
જબ કૌલ-વ-કસમ લેનેકે લિયે તકરારકી નૌબત આતી હૈ

ફિર મેરી ઝરૂરત પડતી હૈ, હાથોં પે ઉઠાયા જાતા હું
દિલ સોઝસે ખાલી રહતે હૈં, આંખેં હૈ કે નમ હોતી હી નહીં
કહનેકો મૈં એક એક જલ્સેમેં, પઢ પઢકે સુનાયા જાતા હું
નેકીપે બદીકા ગલબા હૈ, સચ્ચાઇસે બઢકર ધોકા હૈ
એક બાર હંસાયા જાતા હું, સૌ બાર રૂલાયા જાતા હું
યે મુઝસે અકીદતકે દાવે, કાનૂનપે રાઝી ગૈરોં કે
યું ભી મુઝે રૂસવા કરતે હૈં, ઐસે ભી સતાયા જાતા હું
કિસ બઝમમેં મુઝકો બાર નહીં કિસ ઉર્સમેં મેરી ધૂમ નહીં

ફિર ભી મૈં અકેલા રહતા હું, મુઝસા ભી કોઇ મઝલૂમ નહીં

(જનાબ માહિરૂલ કાદરી)

જનાબ માહિરૂલ કાદરી સાહેબની ઉપરોક્ત નઝમને મેં આજથી લગભગ બાવીસ વર્ષ પહેલાં અમદાવાદના જમાઅતે ઇસ્લામીના ત્રણ દિવસીય અધિવેશનમાં વાંચી સંભળાવી હતી. આજે પણ આપણા સમાજજીવનને એ એટલીજ ફિટ બેસે છે.

કુર્આનેપાક હિદાયતનો એક ચશ્મો છે. તેના ઝરીયાથી અલ્લાહ સુધી પહોંચી શકાય છે. તેનો ફાયદો ફક્ત આપણને ત્યારે જ પહોંચશે જ્યારે કે આપણે તેને સમજીને પઢીએ અને તેના ઉપર ચિંતન-મનન કરીએ. કુર્આનની તાલીમાતના અનુસંધાનમાં આપણી જિંદગીઓને ઢાળીએ, જીવીએ, રહીએ. કુર્આનનો એક હક આપણા ઉપર

તેના તિલાવતનો છે. તિલાવતનો મતલબ સમજીને પઢવાનો થાય છે.

ઇરશાદે ખુદાવંદી છે.

اَفَلَا يَتَدَبَّرُوْنَ الْقُرْاٰنَ اَمْ عَلٰى قُلُوْبٍ اَقْفَالُهَا ﴿٢٤﴾

અફલા યતદબ્બરૂનલ કુર્આન અમ અલા કોલુબિન અકફાલોહા.

(સૂ. મોહંમદ આ. ૨૪)

કુર્આનમાં આ લોકો શા માટે ચિંતન-મનન નથી કરતા શું તેમના દિલો ઉપર તાળાં પડેલા છે?

કુર્આનેપાક તે કિતાબ છે જે તમામ આસમાની કિતાબો અને સહીફાઓનો નિચોડ છે. દુનિયામાં જેટલાય નબીઓ આવ્યા, રસૂલો અને પેગંબરો આવ્યા. તેમના ઉપર અલ્લાહ તઆલાએ સહીફાઓ અને કિતાબો નાઝિલ કરી. જે કિતાબો

જુદી જુદી કોમો ઉપર જુદા જુદા ઇલાકાઓમાં આબાદ કોમો ઉપર ઉતારવામાં આવી. તે તમામ કિતાબોનો લુબ્બે-લુબાબ-સારાંશ અને ખુલાસો કુર્આન છે.

કુર્આનમાં શું તાષીર છે? એને આપણે હજી સુધી સમજ્યા જ નથી. જોઇએ કુર્આનને કુર્આનના શબ્દોમાં સુરએ હશ્રની ૨૧મી આયતમાં ઇરશાદે ઇલાહી છે.

لَوْ اَنْزَلْنَا هٰذَا الْقُرْاٰنَ عَلٰى جَبَلٍ لَّرَاَيْتَهٗ

خَاشِعًا مُّتَصَدِّعًا مِّنْ خَشْيَةِ اللّٰهِ ؕ

લવ અન્ઝલ્ના હાઝલ કુરઆન અલા જબલિલ લરઅયતહુ ખાશેઅમ મોતસદ્દેઅમ મિન ખશયતિલ્લાહ.

(સૂ. હશ્ર, આ. ૨૧)

જો અમે આ કુર્આનને કોઇ પહાડ ઉપર નાઝિલ કરી દેત તો તમે તેને જોઇ શકત કે તે અલ્લાહના ખૌફથી કટકે કટકા થઇ જાત.

પરંતુ આપણા દિલો તો પથ્થર કરતાં પણ વધારે સખત થઇ ગયાં છે. કુર્આનની કોઇ અષર આપણા ઉપર થતી જ નથી. સુરએ બકરહમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે,

ثُمَّ قَسَتۡ قُلُوۡبُكُمۡ مِّنۡۢ بَعۡدِ ذٰلِكَ ﴿۷۴﴾

સુમ્મ કસત કોલુબોકુમ મિમ બઅદે ઝાલેક

(સૂ. બકરહ, આ. ૭૪)

તમારા દિલો પથ્થરોની જેમ સખત થઇ ગયાં છે.

આપણે કલામુલ્લાહને ન ધ્યાનથી સાંભળીએ છીએ, ન તો એના ઉપર ચિંતન-મનન કરીએ છીએ.

કુર્આનેપાક એક જિંદગી જીવવાનો તરીકો છે. દસ્તુરે હયાત છે. The way of life છે. જે લોકોએ એને જીવન જીવવાનો તરીકો બનાવ્યો તેમના દિલોમાંથી તમામ પ્રકારનો ભય અને ડર-ખોફ નીકળી ગયો. ફરમાવ્યું,

فَاِمَّا يَاْتِيَنَّكُمْ مِّنِّيْ هُدًى فَمَنْ تَبِعَ هُدَايَ فَلَا

خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿٣٨﴾

ફઇમ્મા યઅતેયન્નકુમ મિન્ની હોદન ફમન તબેઅ હોદાય ફલા ખવફુન અલયહિમ વલાહુમ યહઝનૂન

(સૂ. બકરહ, આ. ૩૮)

જુઓ જ્યારે તમારી પાસે મારી તરફથી હિદાયત પહોંચે તો તેની પૈરવી કરજો. જેમણે મારી હિદાયતની પૈરવી કરી તેમને ન ખૌફ હશે, અને ન તેઓ ગમગીન હશે.

સુરએ જુમ્આની બીજી આયતમાં અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે. જેમાં રસુલે ઇસ્લામની જવાબદારીમાં કુલ ચાર બાબતોનું વર્ણન છે.

هُوَ الَّذِىْ بَعَثَ فِى الْاُمِّيّٖنَ رَسُوْلًا مِّنْهُمْ

يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَ يُزَكِّيْهِمْ وَ يُعَلِّمُهُمُ

الْكِتٰبَ وَ الْحِكْمَةَ ۗ وَ اِنْ كَانُوْا مِنْ قَبْلُ

لَفِىْ ضَلٰلٍ مُّبِيْنٍ ۙ﴿۲﴾

હોવલ્લઝી બઅષ ફિલ ઉમ્મીય્યીન રસૂલમ મિનહુમ યત્લુ અલયહિમ આયાતેહી વ યોઝક્કીહિમ વયોઅલ્લેમોહોમુલ કિતાબઅ્ વલ હિકમત વ ઇન કાનૂ મિન કબ્લો લફી ઝલાલિમ મોબીન.

(સૂ. જુમ્આ, આ. ૨)

તે જ તો છે જેણે ઉમ્મુલકોરાના રહેવાસીઓમાં એમની જ કોમમાંથી(મોહંમદ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમને) પેગંબર બનાવીને મોકલ્યા. જે તેમને અલ્લાહની આયતો પઢી પઢીને સંભળાવે છે. અને તેમને પાક કરે છે. અને અલ્લાહની કિતાબ અને અક્કલમંદી શીખવાડે છે. આ અગાઉ તે લોકો સ્પષ્ટ ખુલ્લી ગુમરાહીમાં હતા.

**ઉપરોક્ત આયતમાં ચાર કામોનું વર્ણન છે.**

(૧) તિલાવતે આયાત પઢીને સંભળાવે છે.

(૨) પાક કરવું. જે આયતો દ્વારા તઝકીયએ નફસ(નફસની સુધારણા) કરે છે.
(૩) કિતાબની તાલીમ આપે છે.
(૪) હિકમતની તાલીમ આપે છે.

## *(૧) સૌ પ્રથમ કુર્આનની તાલીમ આપી.*

એટલી અસરકારક રીતે આપી કે સમગ્ર અરબસ્તાનના બુદ્ધિશાળીઓના મોં બંધ થઇ ગયાં. મોટા મોટા શાઇરોની બોલતી બંધ થઇ ગઇ. મોઢાં સિવાઇ ગયાં. જમાનએ જાહિલિયતમાં (ઇસ્લામના ઉદય પહેલાંના સમયમાં) એક શાએર હતો. તેના શેઅરો સાંભળીને લોકો તેની સામે સિજદામાં પડી જતા હતા. તેને પૂછવામાં આવ્યું તમે શેઅર કહેવાનું કેમ બંધ કરી દીધું? તે કહેવા લાગ્યો

‘‘અફઅ બઅદલ કુર્આન'' ‘‘શું કુર્આનના પછી પણ કોઇ શાઇરીની ગુંજાઇશ છે?''

સૌ પ્રથમ હુઝુર(સલ.) એ કુર્આન મજીદની સ્વયં પોતે તિલાવત કરી, પછી લોકો પાસે તિલાવત કરાવી. આ તિલાવત ચિંતન-મનન-ફિક્ર અને સમજ સાથેની હતી, ન કે ફક્ત સમજ્યા વગરનું પઢી જવાની. તેઓ પોતે અરબ હતા જેથી સમજીને જ પઢતા હતા. તેથી તો તેમના જીવનમાં ઇન્કિલાબ આવ્યો.

## *(૨) પાક કરવું-નફસની પાકી*

બીજું કામ જે પેગંબરે ઇસ્લામે કર્યું તે અરબોના નફસને પાક કરવું. અરબી સમજતા હોવા છતાં અરબોને એ કલામની સહી તફસીર-સમજ આપવી. આ સહાબાની તરબીયતનો દૌર હતો.

જેમાં અડધી રાતના ઉઠીને કુર્આનને નવાફિલમાં પઢવું. જે સિલસિલો સહાબામાં ચાલુ રહ્યો. આપણા માટે તો આ કામ સુન્નત રહ્યું. પરંતુ પેગંબરે ઇસ્લામ માટે આ અમલ સમગ્ર જીવન દરમ્યાન ફરઝ રહ્યો.

આપ(સલ.) અડધી રાતના ઉઠી નમાઝમાં કલામે ખુદાની તિલાવત ધીમે ધીમે અટકી અટકીને કરતા હતા. જેમાં આયાતે રહમતની તિલાવત કરતી વખતે રહમતની દુઆઓ માંગતા અને ગુસ્સા અને ગઝબની આયાતો ઉપર અલ્લાહતઆલાની પનાહ માંગતા. આમ તિલાવત અને દુઆ આપસમાં ભેગી આવી જાય તો આપ(સલ.) ખૂબ જ રડતા. આ હાલત તઝકીયએ નફસ જેને ગુજરાતીમાં આપણે આત્મશુદ્ધિ કહીશું તે કરતા.

સુરએ મુઝ્ઝમ્મિલમાં ૧ થી ૬ આયતોમાં અલ્લાહે નબીએ પાક(સલ.)ને ઉદ્દેશીને જે ઇરશાદ

ફરમાવ્યો તે ઇરશાદ આ ઉમ્મતના રેહબરો, સમજદારો, ઇલ્મયાફતા લોકો, ઓલમા વગેરેને પણ લાગુ પડે છે.

يٰۤاَيُّهَا الْمُزَّمِّلُ ۝١ قُمِ الَّيْلَ اِلَّا قَلِيْلًا ۝٢ نِّصْفَهٗۤ اَوِ

انْقُصْ مِنْهُ قَلِيْلًا ۝٣ اَوْ زِدْ عَلَيْهِ وَرَتِّلِ الْقُرْاٰنَ

تَرْتِيْلًا ۝٤ اِنَّا سَنُلْقِيْ عَلَيْكَ قَوْلًا ثَقِيْلًا ۝٥ اِنَّ

نَاشِئَةَ الَّيْلِ هِيَ اَشَدُّ وَطْاً وَّ اَقْوَمُ قِيْلًا ۝٦

યા અય્યોહલ મુઝ્ઝમ્મેલો કોમિલ્લયલ ઇલ્લા કલીલા, નિસ્ફહુ અવિનકુસ મિન્હો કલીલા, અવઝિદ અલયહે વરત્તેલિલ કુર્આનઅ્ તરતીલા, ઇન્ના

સનુલકી અલયકઅ્ કૌલન ષકીલા, ઇન્ન નાશીઅતલ લયલે હેય અશદ્દો વતઅંવ વઅકવમો કીલા.

(સૂ. મુઝ્ઝમ્મિલ, આ. ૧ થી ૬)

અય ચાદરોમાં વીંટળાયેલા(રસુલ). રાતે નમાઝ માટે ઉઠયા કરો, પરંતુ થોડી રાત અડધી રાત અથવા એનાથી પણ કંઇક ઓછી રાત અને કુર્આનને ખૂબ અટકી અટકીને (ધીમે ધીમે) પઢયા કરો. અમે અનકરીબ તમારા ઉપર એક ભારે હુકમનો બોજો નાખીશું નિઃશંષય રાતનું ઊઠવું નફસે હયવાનીને પાયમાલ કરી નાખે છે. (મનોવિકારને-નફસની બદમાશીઓને દૂર કરે છે.) તે વખતે ઝિક્ર પણ દુરસ્ત (શુદ્ધ) થાય છે.

કુર્આનના માટે ફરમાવવામાં આવ્યું,

شِفَآءٌ لِّمَا فِى الصُّدُوْرِ ۝٥٧

શિફાઉલ્લેમા ફિસ્સોદૂર

(સૂ. યુનુસ, આ.૫૭)

દિલોમાં જે બીમારીઓ છે તેના માટે શિફા છે.

આ કુર્આન તમારા દિલોની બીમારીઓને પણ દૂર કરે છે. બાતિની બીમારીઓ ખાસ આવી જાય છે. એ દિલોમાં ઝુલ્મ છે, બગાવત છે, નફરત છે, નફસપરસ્તી છે, શયતાનિયત છે. ગુમરાહી છે. બદમાશી છે, અહંકાર છે, આ બધા જ વિકારોને આ કુર્આન દૂર કરે છે. પરંતુ ક્યારે? સમજીને ચિંતન-મનન કરીને પઢો તો વગર સમજ્યે પઢવાની અમૂક નેકી મળી જશે પરંતુ તમારા નફસને, મનોવિકારને એ તિલાવત દૂર કરશે નહિ.

***(3) તાલીમુલ કિતાબ :***

કિતાબની તાલીમ આપે છે. પેગંબરે ઇસ્લામે મુસલમાનોને વિસ્તારપૂર્વક કિતાબની

તાલીમ આપી છે. નબુવ્વતના પંદર વર્ષ પછી તાલીમુલ કિતાબનું કામ ઉચ્ચતાની ટોચ ઉપર પહોંચી ગયું. તેર વર્ષ મક્કામાં અને બે વર્ષ મદીનામાં પસાર થયા. ત્યાર બાદ કુર્આનના અહકામાત નાઝિલ થવાની શરૂઆત થઇ. હલાલ અને હરામ કાર્યોની ઓળખ થઇ.

હુઝુર(સલ.)નો ઇરશાદે મુબારક છે કે,

“તમારી બધી ઇબાદતો અને તેના તરીકાઓ મારી પાસેથી શીખી લો." (કિતાબે અહલે સુન્નત, મુસ્લિમ શરીફ)

એક ઇસ્લામી સમાજ તૈયાર થઇ ગયો હતો. આ સમાજ તે જમાનામાં પોતાની પ્રગતિની ઉચ્ચતાએ પહોંચી ચૂક્યો હતો. આ તાલીમે કિતાબનું પરિણામ હતું. જે કિતાબને આજે આપણે

ફક્ત સમજ્યા વગર પઢીને જ સંતોષ માનીએ છીએ.

*(૪) તાલીમુલ હિકમત :*

હિકમતની તાલીમ આપે છે. પેગંબરે ઇસ્લામે ફક્ત તાલીમ આપીને સંતોષ માનવાનો ન હતો. બલકે અલ્લાહે આપ(સલ.)ને આ પણ ફરમાવ્યું કે અય નબી! તમે મારા બંદાઓને હિકમતની તાલીમ પણ આપો. મતલબ કે કિતાબની તાલીમ પ્રમાણે જિંદગી ગુજારીને નમૂનો-ઉદાહરણ-દૃષ્ટાંત રજૂ કરો કે બુદ્ધિપૂર્વકની, ઇતમીનાન અને સંતોષપૂર્વકની જિંદગી આવી હોવી જોઇએ. આ દાનિશમંદાના હકીમાના તરીકાને સુન્નત કહે છે.

**સુન્નતમાં પણ ત્રણ વસ્તુઓ આવી જાય છે.**

(૧) હુઝુરે અકરમ(સલ.)નું કથન-ફરમાન-હુકમ

(૨) આપ(સલ.)નો અમલ પણ સુન્નતમાં ગણાય.

(૩) કોઇક મઆમલામાં આપ(સલ.)ની ખામોશી. એટલેકે આપ(સલ.)એ કોઇ અમલ અથવા બનાવ બનતો જોયો અથવા સાંભળ્યો, પરંતુ સહાબાને તેનાથી રોક્યા નહિ, મના ન કર્યું. બલકે તેને થવા દીધું. એને ''તકરીર'' કહે છે.

# (૨) એક ખૂબજ ચિંતન-મનન કરવાની વાત

ઉપરોક્ત ચાર કામોમાંથી બે કામો તો આપણે સદંતર છોડી દીધાં (૧) તિલાવતે આયાત છોડી દીધું. (૨) નફસને પાક કરવું. આ પ્રથમ બે પગથિયાં આપણે છોડી દીધાં. હવે ત્રીજી અને ચોથી વાત તાલીમુલ કિતાબ અને તાલીમુલ હિકમત પર આપણે ઘણી થોડી મેહનત કરીએ છીએ. તે પણ ખામીયુક્ત મેહનત. જેથી ઇસ્લામી સ્પિરિટ પેદા થતી નથી. જે દૌરે અવ્વલમાં સહાબામાં પેદા થઇ હતી.

વધુ બે આયતોનો આપણે અભ્યાસ કરીએ.

اِنَّ فِيْ ذٰلِكَ لَذِكْرٰى لِمَنْ كَانَ لَهٗ قَلْبٌ اَوْ

اَلْقَى السَّمْعَ وَهُوَ شَهِيْدٌ ﴿٣٧﴾

ઇન્ન ફી ઝાલેકઅ્ લઝિકરા લેમનકાનઅ્ લહુ કલબુન અવ અલકસ સમ્અ વહોવ શહીદ.

(સૂ. કાફ, આ. ૩૭)

જે વ્યક્તિ દિલ ધરાવે છે અથવા દિલથી ધ્યાનપૂર્વક સાંભળે છે, તેના માટે એમાં(કુર્આનમાં) નસીહત છે.

تَبْصِرَةً وَّ ذِكْرٰى لِكُلِّ عَبْدٍ مُّنِيْبٍ ﴿٨﴾

તબસેરતંવ વ ઝિકરા લેકુલ્લે અબ્દિમ મુનીબ.

(સૂ. કાફ, આ. ૮)

અલ્લાહ તરફ રજૂ થનાર દરેક બંદા માટે હિદાયત અને નસીહત છે.

આપણે ફક્ત આ જ કાર્ય કરવાનું છે કે પ્રથમ એક વખત કુર્આનને સમજીને પઢી લેવામાં આવે. પછી એને છાતીએ લગાવી લેવો જોઇએ.

# (3) એક દિલચસ્પ ઘટના

એક આલિમ દાક્તર મલેક ગુલામ મુરતઝા પોતાનો એક અનુભવ-પ્રત્યક્ષ દ્રષ્ટાંત વર્ણવે છે. હું એમના જ શબ્દોમાં વર્ણવું છું.

નાચીજ જ્યારે સઉદી અરબમાં પઢતો હતો ત્યારે એક બી.એ.માં અભ્યાસ કરતો અરબ વિદ્યાર્થી મારી પાસે આવ્યો. તેની આંખોમાં આંસુ હતાં. કહેવા લાગ્યો હું એટલી બધી ભયંકર પરેશાનીઓમાં ગુચવાયેલો છું કે જિંદગીથી બેઝાર થઇ ગયો છું. તમારી સાથે અલ્લાહવાસ્તાની મહબ્બત ધરાવું છું. તેથી જે કંઇ હું આપને બતાવી શકું છું કોઇ બીજાને નથી બતાવી શકતો. આપ મને કંઇક વજીફો કે દુઆ પઢવા આપો.

મેં મારા પ્રત્યેની મહબ્બત જોઇ અને તેની હાલત જોઇ કે તે ભાંગી પડયો હતો. મેં કહ્યું

અલ્લાહે અત્યારે જ એક વાત મારા દિલમાં નાખી છે. મારી વાત તું ધ્યાનથી સાંભળજે અને અમલની કોશિશ કરજે. તને જે કંઇ પરેશાની છે અને જે કંઇ અઝાબમાંથી તુ પસાર થઇ રહ્યો છે તને તેમાંથી છૂટકારાનો રસ્તો મળી જશે. ઇન્શાઅલ્લાહ.

મેં તેને જણાવ્યું કે તુ અરબી હોવાથી અરબી ઝબાનથી તો વાકેફ જ છે. એવું કર કે કુર્આનને પ્રથમથી જ સમજીને પઢવાનું શરૂ કર. પરંતુ આંખો ખુલ્લી રાખીને. સ્થિરતા-દ્દઢતા સાથે દિલના દરવાજા ખુલ્લા રાખીને પઢ. આમ પઢતાં પઢતાં જ તારી દ્દષ્ટિ સમક્ષ એક આયત આવી જશે અને તે આયત પોતે જ તને બતાવશે હું તારો ઇલાજ છું. તે આયતને વારંવાર પઢતો રહેજે. જ્યારે તને ખરેખરી આત્મિક શાંતિ પ્રાપ્ત થાય. ત્યારે ફરી પાછો આગળ પઢજે. તિલાવત કરતાં

ચાલ્યો જા. ફરી પાછી એક આયત આવશે. જે પોતે જાણે તારી સાથે વાત કરશે. તે આયત જાણે તને જ પોકારતી હોય એવું તને મહસુસ થશે કે મને પઢો. મને પઢો. હું જ તમારો ઇલાજ છું. પછી તે આયતને પણ વારંવાર પઢતો રહેજે. તને કોઇને પૂછવાની હરગિઝ જરૂર પડશે નહિ. સ્વયં તે આયત જ તને કહેશે કે મને વારંવાર પઢો. તુ ત્યાં રોકાઇને ખૂબ જ તેની તિલાવત કરજે. મહબ્બત અને તડપથી પઢજે. પછી જ્યારે તબીયતમાં ઠંડક અને તૃપ્તિનો અનુભવ થાય ત્યારે જ આગળ વધજે. પછી આજ રીતે ધીમે ધીમે કુર્આન મજીદ ચિંતન-મનન અને ફિક્રની સાથે પૂર્ણ કરજે. પછી આવીને મને મળજે.

તે બી.એ.નો વિદ્યાર્થી આ અમલ કર્યા પછી મારી પાસે આવ્યો, કહેવા લાગ્યો.

“જો મને ભય ન લાગત કે આપ મને થપ્પડ મારી દેશો અથવા ગુસ્સે થઇ જશો, તો હું આપના પગોને ચૂમી લેત, મારા ઘરમાં જ ઇલાજ મૌજૂદ હતો અને મને ઇલ્મ જ ન હતું."

પછી કહેવા લાગ્યો કે તમામ મસાઇલ હલ થઇ ગયા છે. અને હવે હું કુર્આનને ઇન્શાઅલ્લાહ આ જ રીતે સમજીને વિચારીને પઢતો રહીશ.

આ ઘટનામાં એક પ્લસ પોઇન્ટ આ છે કે તેને કુર્આનની ઝબાન આવડતી હતી. કારણકે તે અરબ હતો. કુર્આનની મંશા, એનો ભાવ-મતલબ એ સમજી શકતો હતો. આંખો ખુલી રાખીને દિલ લગાવીને પઢયો, તો એના બધા જ મસાએલ હલ થઇ ગયા.

મૌલાનાની વાત અહીં પૂર્ણ થાય છે.

આ તો અલ્લાહનો સંદેશો છે. તેનો ટેલિગ્રામ છે. તેને ફક્ત માથે ચઢાવવાનો કે ફક્ત સમજ્યા વગર તોતા-મેનાની જેમ રટણ કરવાનો નથી, સમજવાનો છે. સમજીને ધીમે ધીમે પઢશો તે જ તમારો નફસ પાક થશે. તેની તિલાવત કરવી એટલે સમજીને પઢવું. નફસ પાક થશે તો ઇલ્મ અને હિકમત દિલમાં દાખલ થશે.

કોઇ દાક્તર પાસે આપણે આપણું શરીર ચેકઅપ કરાવીએ. તે દાક્તર બધું ચેકઅપ કરીને દવાઓનું લિસ્ટ લખી આપે છે. જો કોઇ દર્દી આ દવાના લિસ્ટને ઘોળીને પી જશે તો એને કોઇ ફાયદો થવાનો નથી. અથવા આ લિસ્ટનું તાવીઝ બનાવી દેશે તો પણ કંઇ ફાયદો થશે નહિ. દર્દીએ લિસ્ટ પ્રમાણેની બધી દવાઓ મંગાવીને ખાવી

પડશે. ફક્ત એ દવાઓના વાંચનથી પણ કંઇ ફાયદો થવાનો નથી.

સહાબાએકિરામમાં એવી રૂહાનિયત હતી કે તેઓને કુર્આનની આયતોના પઢવાથી કે સાંભળવાથી વજદ આવી જતો હતો. જ્યારે આપણા લોકોને કવ્વાલની કવ્વાલી સાંભળીને વજદ આવી જાય છે. વજદ એટલે એક એવી કૈફિયત જેમાં આદમી મસ્તીમાં ડોલતો ધૂમતો થઇ જાય તેને વજદ કહે છે.

અમારા શબ્દ સહાબાએ કિરામથી મતલબ તે જ સહાબા સમજવા જે સહાબા પેગંબરે ઇસ્લામની વફાત પછી હઝરત અલી-ફાતેમા અને તેમની અવલાદોના ચાહક રહ્યા. એહલેબયતના દુશ્મનોની ગણતરી તો મુનાફિક સહાબામાં થશે.

# (૪) સહાબાએકિરામની રૂહાનિયત

સહાબાની રૂહાનિયત ત્રણ કામો ઉપર આધારિત હતી. (૧) નમાઝ (૨) તિલાવત (૩) જેહાદ

બાકી જીવનના બધા જ કામો પણ સાથે સાથે ચાલતા હતાં પરંતુ એ બધાં કામો બીજા દરજામાં આવતા હતાં. આ લોકો તિલાવત ચિંતન-મનન સાથે સમજપૂર્વકની હતી. તેઓ એક એક આયતના મંશા અને ભાવને દિલથી સમજવાની કોશિશ કરતા હતા.

સૂરએ સ્વાદમાં આયત નં. ૨૯ નો ઇરશાદ સમજીએ,

كِتٰبٌ اَنْزَلْنٰهُ اِلَيْكَ مُبٰرَكٌ لِّيَدَّبَّرُوْٓا اٰيٰتِهٖ

وَلِيَتَذَكَّرَ اُولُوا الْاَلْبَابِ﴿٢٩﴾

કેતાબુન અન્ઝલ્નાહો એલયકઅ્ મુબારકુલ લેયદ્દબ્બરૂ આયાતેહી વલેયતઝક્કરઅ્ ઉલુલ અલબાબ.

(સૂ. સ્વાદ, આ. ૨૯)

આ કિતાબ જે અમે નાઝિલ કરી છે. બાબરકત છે. કારણકે લોકો તેની આયતોમાં ચિંતન-મનન કરે અને અક્કલવાળા તેનાથી નસીહત પ્રાપ્ત કરે (તેના પ્રમાણે ઝિંદગી ગુઝારે)

કુર્આન કોઇ જંતરમંતર નથી કે તેને સમજ્યા વગર જ પઢી લીધું.

## (૫) કુર્રાનને છોડીને શું મતલબ થાય છે ?

સૂરએ કુરકાનની 30મી આયતમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે,

وَ قَالَ الرَّسُوۡلُ یٰرَبِّ اِنَّ قَوۡمِی اتَّخَذُوۡا هٰذَا

الۡقُرۡاٰنَ مَهۡجُوۡرًا ﴿۳۰﴾

વકાલર્રસૂલો યા રબ્બે ઇન્ન કૌમીત્તખઝૂ હાઝલ કુર્આન મહજૂરા.

(સૂ. કુરકાન, આ. 30)

રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ કયામતના દિવસે ફરમાવશે અય

મારા પરવરદિગાર! મારી કૌમે કુર્આનેપાકને છોડી દીધું હતું.

કુર્આનને છોડી દેવું આ છે કે કદી એને હાથ જ ન લગાવવામાં આવે, અને કુર્આનને છોડી દેવું આ પણ છે કે કદી એના મફહૂમ-મકસદ-મંશા અને ભાવ ઉપર ચિંતન-મનન જ ન કરવામાં આવે.

પૈગંબરે ઇસ્લામ કયામતમાં ફરિયાદ કરશે, યા અલ્લાહ! આ જ મારી ઉમ્મતના લોકો છે. જેમણે કુર્આનેપાકને છોડી દીધું.

અબુદાઉદ શરીફની એક હદીસ છે. હઝરત રસૂલે ખુદા(સલ.)એ હઝરત અબુઝરને ફરમાવ્યું ‘‘અય અબુઝર! તુ જો સવારમાં ઊઠતાંની સાથે જ કુર્આનમજીદની એક આયત શીખી લે, સમજી લે તો તે તારા માટે ૧૦૦ રકઅત નવાફિલ પઢવાથી બેહતર છે.

હઝરત સલમાન ફારસી(રઝિ.) ફરમાવે છે કે મને અલ્લાહના રસૂલે ઘણી બધી નસીહતો ફરમાવી, તેમાંની એક નસીહત આ પણ હતી કે ‘‘કદી કુર્આનમજીદની તિલાવતને (સમજીને પઢવાને) છોડશો નહિ.'' આ જોતાં સ્પષ્ટ જણાઇ આવશે કે એહલેબયતના ચાહક સહાબામાં આપણને એક વ્યક્તિ પણ એવો નહીં મળે, જે કુર્આનેપાકને સમજ્યા વગર પઢતો હોય. સમજીને પઢવાથી, પચ્ચીસ ઘણી નેકી મળે છે. અને જિંદગીમાં હિદાયતો આવે છે. જ્યારે સમજ્યા વગર પઢવાથી એક હર્ફ ઉપર એક નેકી મળી જાય છે. પરંતુ જિંદગીના ગલત ચાલતા ઢંગમાં કોઇ ફરક પડતો નથી.

અલ્લાહતઆલા સુરએ બનીઇસરાઇલની ૮૨મી આયતમાં ફરમાવે છે.

وَنُنَزِّلُ مِنَ الْقُرْاٰنِ مَا هُوَ شِفَآءٌ وَّرَحْمَةٌ

لِّلْمُؤْمِنِيْنَ ﴿٨٢﴾

વનોનઝ્ઝેલો મિનલ કુર્આને મા હોવ શેફાઉંવ વ રહમતુલ લિલ મોઅમેનીન.

(સૂ. બનીઇસરાઇલ, આ. ૮૨)

અને અમે કુર્આનના (ઝરીયાથી) દ્વારા તે ચીઝો નાઝિલ કરીએ છીએ જે મોમિનોના માટે શિફા અને રહમત છે.

વળી સૂરએ ઇબ્રાહીમમાં ફરમાવ્યું આયત નં. ૧

الٓرٰ ۚ كِتٰبٌ اَنْزَلْنٰهُ اِلَيْكَ لِتُخْرِجَ النَّاسَ

مِنَ الظُّلُمٰتِ اِلَى النُّوْرِ ۝١

અલીફ લામ રા, કેતાબુન અનઝલ્નાહો એલયકઅ્ લેતુખરેજન્નાસ મિનઝ્ઝોલોમાતે એલન્નૂર.

(સૂ. ઇબ્રાહીમ, આ. ૧)

આ એક પુરનૂર કિતાબ છે. તેને અમે તમારા ઉપર એટલા માટે નાઝિલ કરી છે કે લોકોને અંધકારમાંથી કાઢીને રોશનીની તરફ લઇ જાઓ.

હવે વિચારો કે સમજ્યા વગર પઢવાથી અંધકારમાંથી રોશની તરફ કેવી રીતે અવાશે! આજનો એકે એક ઇન્સાન દિલનો બીમાર છે. એના દિલમાં અહંકાર છે, ઝુલ્મ છે, ઝિના છે, માલ પરસ્તી છે, બખીલી છે, બેસબરી છે, અસંતોષ છે, ડરપોકતા છે, ખુદગરઝી છે. સમજ્યા વગર પઢવાથી આ બધી બીમારીઓ કેવી રીતે દૂર થશે.

# (૬) હું પણ ત્યાં હાજર હતો...

મારી કિશોરાવસ્થાના જમાનાની એક વાત મારા ઉપરોક્ત વિષયની પૃષ્ટિમાં ફિટ બેસે છે. અમારા ગામમાં એક હાફિઝે કુર્આન હતા. ઘણું જ પાકું કુર્આન યાદ હતું. ગામમાં હાફેઝોમાં એમનું નામ હતું. દાઢી પણ ઘણી મોટી રાખતા. પરંતુ આવારા જિંદગી ગુઝારે. જાહિલોમાં ફરે, જુગાર રમે, એક વખત એમના બાપ સાથે એમનો ઝઘડો થયો તો બાપના માથામાં કુહાડી મારેલી. પોલીસ એમને પકડી ગઇ ત્યારે હું પાસે જ હતો. તેઓ જાદુ શીખવા માટે બાજુના એક બ્રાહ્મણોના ગામના સ્મશાનમાં જતા. જ્યાં રાતના બાર વાગ્યે જાદુ શીખતા. આ હાફેઝ સાહેબ રમઝાનમાં તો આખો આખો દિવસ કુર્આને શરીફ પઢે. જાદુ શીખવા રાતે જાય બપોરે મસ્જિદ જઇ કુર્આન પઢે. કલાકોના

કલાકો કુર્આન પઢતા. ગાળો ખૂબ બકતા. મારા કહેવાનો મતલબ આ છે કે હિદાયત અને જીવનમાં સુધારણા સમજીને પઢવાથી જ આવશે.

તબ્લીગી જમાતના બીજા હઝરતજી મૌલાના યુસુફ સાહેબની કિતાબ "હઝરતજીકી યાદગાર તકરીરેં" માંથી એક વાત લખવી જરૂરી લાગે છે. મૌલાના પોતાની એક તકરીરમાં ફરમાવે છે. કયામતના દિવસે હાફિઝે કુર્આનને કહેવામાં આવશે કે તું કુર્આન પઢતો જા અને જન્નતના દરજ્જાઓ ચઢતો જા. પરંતુ તે એટલું જ ચઢી શકશે, જેટલા કુર્આન ઉપર એનો અમલ હશે. આ તકરીર પાકિસ્તાનમાં થઇ હતી, ગુજરાનવાલામાં.

જે કોમમાં કલામુલ્લાહનો અમલ સહી ઢંગથી આવી જાય છે તે કોમોનો ઉધ્ધાર થઇ જાય છે. પેગંબરે ઇસ્લામની હયાતીમાં આ જ કુર્આન

ઉપર અમલ થયો. તો અરબની જાહિલ કોમની તકદીર પલટાઇ ગઇ. તરક્કી અને ઉચ્ચતા તરફ ખૂબજ આગળ વધી. એ જ સહાબાની સંતાનોએ એ જ કુર્આનનો ઉપયોગ ઇમામ અલી(અલ.)ના લશ્કરને ધોકો આપવા માટે કર્યો. જેમાં કેટલાક મુનાફિક સહાબા પણ હતા.

જંગે સિફ્ફીનમાં મઆવિયા જ્યારે હાર ઉપર આવી ગયો. હાર નિશ્ચિત દેખાઇ તો અમ્ર બિન આસની ચાલાકી કામ કરી ગઇ. તેણે મઆવિયાને સમજાવ્યું કે મોટા મોટા બામ્બુ લાવો. તેના ઉપર કુર્આન લટકાવો સાથે લખો કે અમે તો કુર્આનથી ફેંસલો ચાહીયે છીએ. જ્યારે હઝરત અલી(અલ.)ને આ વાતની ખબર પહોંચી તો આપે ફરમાવ્યું કે આ ધોકો છે, છેતરપિંડી છે.

કેટલાકે નેઝાઓ ઉપર કુર્આન બુલંદ કર્યા હતા. સાથે લખ્યું હતું કે અમો કુર્આન દ્વારા ફેસલો ચાહિયે છીએ. મઆવિયાની આ ચાલાકીથી હઝરત અલી(અલ.)ના લશ્કરમાં બે ભાગ પડી ગયા. કેટલાકે લડવાથી ઇન્કાર કર્યો. મલઉન મઆવિયાની ચાલાકી કામ કરી ગઇ. અમ્ર બિન આસ અને મલઉન મઆવિયા જેવા સેંકડો મુનાફિક સહાબા પણ હતા જેમણે ધોકાબાજી અને છેતરપિંડી દ્વારા જંગ અટકાવીને પંચોમાં પણ છેતરપિંડી કરી. મઆવિયા જેવા બાગીને રાજા તરીકે કબૂલ કરી લીધો. મઆવિયાથી જ આ ઉમ્મત ખિલાફત તરફથી બાદશાહત તરફ જતી રહી. આ જ મઆવિયાએ ચાલાકી દ્વારા ઇમામ હસન(અલ.)ને ઝહેર અપાવ્યું. આપની પત્ની જોઅદાને નાણાં અને પોતાના પુત્ર યઝીદ સાથે શાદી કરાવવાની લાલચ

આપી. ઇમામ(અલ.)ની બીબી જોઅદા દ્વારા ઇમામને મધમાં ઝહેર અપાવ્યું. મઆવિયાએ એક લાખ દિનાર નાણાં આપી દીધાં. યઝીદ સાથે શાદી કરાવવાથી ફરી ગયો.

આ જ મલઉન મઆવિયાએ પોતાની જગ્યાએ પોતાના બેટા યઝીદ લાનતુલ્લાહને પોતાનો ગાદીવારસ બનાવ્યો. જે હઝરત ઇમામ હુસૈન(અલ.)ની શહાદતનું કારણ બન્યો. આ યઝીદ નાપાકની ફોજમાં ૩૦૦ ની સંખ્યામાં કુર્આનના હાફિઝો હતા. જેઓ ગુમરાહીની સાથે હતા.

મુસલમાનોએ કુર્આને પાકની તિલાવત, તરજુમા, તફસીર અને ચિંતન-મનન સાથે કરવી જોઇએ.

# (૭) તાવીઝ શું છે ? એની હકીકત શું છે ?

આપણા ગુજરાતમાં જ નહિ પરંતુ સમગ્ર ભારતમાં અને વિશાળ ભારત કે જેમાં પાકિસ્તાન, બાંગલાદેશ પણ સામેલ ગણાશે, તેમાં તાવીઝના ધંધાએ એક બીમારીનું રૂપ લઇ લીધું છે. આપણા દેશવાસીઓ વિદેશ જાય છે ત્યાં પણ આ બીમારી પોતાની સાથે લઇ જાય છે. યુરોપ અને અમેરિકામાં પણ તેમાય ખાસ એશિયનોમાં આ રોગ ખૂબ ફૂલ્યો-ફાલ્યો છે. બલ્કે મારી જાણ મુજબ કેટલાક યુરોપીયનોને પણ આ ચેપ લાગુ પડયો છે. આપણા ગુજરાતમાં તો બાપુઓનો રાફડો ફાટયો હોય એમ લાગે છે. તેઓ જિન્નાત કાઢવાનું કામ કરે છે. ત્યારે મને પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે “શું આ જિન્નાતોને

અલ્લાહ તઆલાએ ઇન્સાનોને વળગવા માટે પેદા કર્યા છે?"

સાસુ સતાવતાં હોય તો તેમને કબજે કરવાનું તાવીઝ, પતિ ઝુલ્મ કરતો હોય તો તેને સુધારવાનું તાવીઝ, ખેતી સારી પાકે તે માટેનું તાવીઝ, બાળક બીમાર પડયો હોય તો તેને સારૂં કરવાનું તાવીઝ, વળી જો ઘરમાં બે ચાર જણને વારાફરતી તાવ આવી જાય, તો સ્ત્રીઓ તરત જ કહેવા લાગે કે આપણા ઘરમાં કંઇ હરકત છે. તે હરકત દૂર કરવાનું તાવીઝ. નહીં તો બાપુની પથારી કરાવો. બાપ રે બાપ, કંઇ કેટલી જાતના તાવીઝ! આ લિસ્ટ પુરૂં જ ન થાય.

વળી નવાઇની વાત તો આ છે કે પાન ગલ્લાની જેમ કેટલાક મોલ્વીઓ તાવીઝની દુકાનો ખોલીને બેસી ગયા છે. કોઇને સારૂં થાય કે ન થાય

અમારા પેટનું તો તાવીઝ થાય છે. ‘‘તાવીઝ'' એક અરબી શબ્દ છે જેનો અર્થ થાય છે ‘‘કોઇને કોઇની પનાહમાં આવવું'' પનાહનો અર્થ શરણમાં લેવું પણ થઇ શકે છે. એક મુસલમાન દરેક પરિસ્થિતિમાં દરેક પરેશાનીમાં, દરેક મુસીબતમાં, દરેક આફત કે બલામાં અલ્લાહની પનાહ ઢૂંઢતો હોય છે. કુર્આનેપાકની છેલ્લી બે સુરતો ‘‘ફલક'' અને ‘‘નાસ''માં અલ્લાહ આપણને તાલીમ ફરમાવે છે કે આપણે હર હાલમાં તેનું શરણ શોધીએ. આપણે આ બંને સુરતોને તેના તરજુમા સાથે સમજીએ.

# (૮) સૂરએ ફલક

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

શરૂ કરૂં છું રહમાન અને રહીમ ખુદાના નામથી

قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ ﴿١﴾

કુલ અઉઝો બેરબ્બિલ ફલક

(અય રસુલ) કહી દો કે હું ફજરના પરવરદિગારની પનાહ માંગુ છું.

مِنْ شَرِّ مَا خَلَقَ ﴿٢﴾

મિન શર્રે માખલક.

દરેક તે વસ્તુના શરથી (દુષ્કૃત્યથી, શરારતથી, ઉપદ્રવથી, દંગાફસાદથી) જે તેણે પેદા કરી છે.

وَمِنْ شَرِّ غَاسِقٍ اِذَا وَقَبَ ۝۳

વ મિન શર્રે ગાસેકિન ઇઝા વકબ.

અને અંધારી રાતના શરથી જ્યારે કે તે પથરાઇ જાય.

وَمِنْ شَرِّ النَّفّٰثٰتِ فِي الْعُقَدِ ۝۴

વ મિન શર્રિન નફફાસાતે ફિલ ઉકદ.

અને ગાંઠો ઉપર ફૂંક મારનારીઓની બુરાઇથી.

وَمِنْ شَرِّ حَاسِدٍ اِذَا حَسَدَ ﴿٥﴾

વમિન શર્રે હાસેદિન ઇઝા હસદ.

અને દરેક હસદ કરવાવાળાના હસદથી, જ્યારે તે હસદ કરે.

# (૯) સૂરતુન્નાસ

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

શરૂ કરૂં છું રહમાન અને રહીમ ખુદાના નામથી

قُلۡ اَعُوۡذُ بِرَبِّ النَّاسِ ۙ‏ ﴿۱﴾

કુલ અઉઝો બેરબ્બિન્નાસ.

(અય રસુલ) કહો કે હું માણસોના પરવરદિગારની પનાહ માંગુ છું.

مَلِكِ النَّاسِ ۙ‏ ﴿۲﴾

મલેકિન્નાસ.

માણસોના બાદશાહની.

اِلٰهِ النَّاسِ ۝٣

એલાહિન્નાસ.

માણસોના મઅબૂદની.

مِنۡ شَرِّ الۡوَسۡوَاسِ ۙ۬ الۡخَنَّاسِ ۝٤

મિન શર્રિલ વસવાસિલ ખન્નાસ

તે શેતાનોના વસવસાની બદી થી. (બચવા માટે)

الَّذِىۡ يُوَسۡوِسُ فِىۡ صُدُوۡرِ النَّاسِ ۝٥

અલ્લઝી યોવસવેસો ફીસોદુરિન્નાસ
કે જે લોકોના મનમાં વસવસા નાખે છે.

مِنَ الْجِنَّةِ وَالنَّاسِ ۝٦

મિનલ જિન્નતે વન્નાસ

(પછી તે) જિન્નાતો માંહેનો હોય કે ઇન્સાનો માંહેનો.

ઉપરોક્ત બંને સૂરતો કુર્આનેપાકની છેલ્લી સૂરતો છે. જે એકસાથે નાઝિલ થઇ છે. મોઅવ્વઝતૈન કહેવાય છે. આ બંને સૂરતો આધારભૂત રિવાયતોથી મક્કામાં નાઝિલ થઇ છે. એનો લહેજો પણ મક્કી સૂરતો જેવો જ છે. આ બંને સૂરતોના ઉતરવાના કારણોમાં જુદી જુદી તફસીરોમાં કેટલીક રિવાયતો નકલ થઇ છે. જો કે

આ રિવાયતો સાચી નથી છતાંપણ આપણે એને જાણીએ, સમજીએ.

કહે છે કે કેટલાક યહુદીઓએ પેગંબરે ઇસ્લામ ઉપર જાદુ કરી દીધો હતો. જેના કારણે આપ બીમાર પડી ગયા હતા. હઝરત જિબ્રઇલ(અલ.) નાઝિલ થયા. તેમણે જાદુ કરેલી કેટલીક ચીજો, જેને એક અવાવરૂં કૂવામાં છુપાવી હતી, તેની નિશાનીઓ બતાવી. તે ચીજો બહાર કાઢવામાં આવી. પછી આ બંને સુરતોની તિલાવત કરતાં આ ચીજોમાંથી જાદુનો અસર નાબુદ થઇ ગયો અને પેગંબરે ઇસ્લામ(સલ.) સારા થઇ ગયા.

પરંતુ મરહુમ તબરસી અને બીજા અનેક વિદ્વાનોએ આવા પ્રકારની મતલબ રસૂલે ઇસ્લામની ઉપર જાદુ થયાની રિવાયતોને ગલત કહી છે. જેની સનદો ઇબ્ને અબ્બાસ અને માતાજી આયશા સુધીજ

ચાલે છે. આ સુરત મક્કી છે. જ્યારે કે પેગંબરે ઇસ્લામને યહુદીઓથી વાસ્તો તો મદીનામાં પડયો. આ રીતે પણ આ રિવાયત કે જેમાં પેગંબરે ઇસ્લામ ઉપર જાદુ કરવામાં આવ્યો, તે ગલત છે કારણકે પેગંબરે ઇસ્લામ જેવી ખૈરૂલ બશર-ઉચ્ચોચ્ચ ઇન્સાનિયત-નુરાની રૂહ જેવી મહાન હસ્તી ઉપર યહુદીયો, મુશરિકો કે કોઇપણ મખ્લૂકનો જાદુ અસર કરી શકતો નથી. જેમનો દરજ્જો ખુદા પછી સર્વે મખ્લૂકમાં અફઝલ હોય એવી હસ્તી ઉપર યહુદીઓના જાદુની અસર થાય!!! કહે છે કે આપની યાદશક્તિ આ જાદુની અસરથી કમજોર થઇ ગઇ હતી. જો આવી રિવાયતોને માની લેવામાં આવે તો રસૂલ પોતાના અઝીમુશ્શાન મિશનથી દૂર હટી શકે છે. અલ્લાહ તો આપને જાદુગરોના જાદુથી મહફૂઝ રાખે છે, જેથી કારે રિસાલત ઉપર કોઇ એતેરાઝ ન

થઇ શકે. જો આટલી આસાનીથી કે જેટલા દરજામાં તફસીર લખનારા વિદ્વાનોએ આ વાત લખી દીધી છે. પેગંબરે ઇસ્લામ ઉપર જાદુ થઇ જતો હોય તો પછી આપ(સલ.)ના ઇસ્લામી આદેશો, હુકમો, અમલો, ફરમાનો બધું જ શકપૂર્ણ બની જશે. વિચારો... વિચારો...

જમાઅતે ઇસ્લામીના સ્થાપક મૌલાના મવદૂદી સાહેબે પણ પોતાની તફસીર ‘‘તફહીમુલ કુર્આન" જિલ્દ-૬ માં પેગંબરે ઇસ્લામ ઉપર યહુદીઓ અથવા યહુદણ ઓરત દ્વારા જાદુ થયાની વાતનો સદંતર ઇન્કાર કર્યો છે. ‘‘તફસીરે નમૂના"માં અયતુલ્લાહ આકાએ નાસિર મકારિમ શીરાઝી સાહેબે પણ જિલ્દ ૨૭ માં સૂરએ મોઅવ્વઝતૈનની તફસીરમાં પેગંબરે ઇસ્લામ ઉપર જાદુ થયાની વાતનો સદંતર ઇન્કાર કર્યો છે. આ

વિદ્વાન આયતુલ્લાહ સાહેબે તો આ વિષયમાં ઘણી બધી ઇલ્મી દલીલો પણ કરી છે.

બલ્કે કાફિરો નબી(સલ.) ઉપર આ ઇલ્ઝામ લગાવતા હતા કે નબી જાદુની અસર પામેલી વ્યક્તિ છે. જેનો ઇન્કાર કુર્આને કર્યો છે. કાફિરોના આ ઇલ્ઝામને જુઠો ગણાવી નબી(સલ.)ને જાદુથી પાક સાફ હિદાયત તરફ બોલાવનારા જણાવાયા છે. સૂરએ બની ઇસરાઇલ આયત નં. ૪૭ માં અલ્લાહતઆલા ઇરશાદ ફરમાવે છે,

اِذْ يَقُوْلُ الظّٰلِمُوْنَ اِنْ تَتَّبِعُوْنَ اِلَّا رَجُلًا

مَّسْحُوْرًا ﴿٤٧﴾

ઇઝ યકુલુઝ ઝાલેમૂનઅ્ ઇનતત્તબેઉનઅ્ ઇલ્લા રજોલમ મસહૂરા.

(સૂ. બની ઇસરાઇલ આ. ૪૭)

આ ઝુલમગારો કહે છે કે તમે તો એવા શખ્સને અનુસરી રહ્યા છો, જેના ઉપર જાદુ કરવામાં આવ્યો છે.

ઉપરોક્ત આયતમાં અલ્લાહતઆલાએ નબી(સલ.) ઉપર જાદુનો આક્ષેપ કરનારાઓને ઝાલિમ કહ્યા છે.

હવે આપણે આ વાતને સમજવાની કોશિશ કરીએ કે અલ્લાહ તઆલાએ ઉપરોક્ત બંને સૂરતો દ્વારા આમ મુસલમાનોને શું તાલીમ આપી છે?

ખુદાની મખ્લૂકાતમાં જાતજાતના લોકો હોય છે. દંગા-ફસાદ કરનારા, ઉપદ્રવ કરનારા, દુષ્કૃત્યો આચરનારા, શરારત કરનારા વગેરેમાં જિન કે

ઇન્સાનો ગમે તે હોઇ શકે, તેમનાથી પનાહ માંગવામાં આવી છે. કારણકે આવા પ્રકારના લોકો હાસિદ(હસદ કરનારા) પણ હોય છે. મોમિનની ખુશહાલી તેઓ જોઇ શકતા નથી. મોમિના નેક સ્ત્રીઓનું ચેન-સુકૂન ઉપદ્રવી, ફસાદી, શરારતી અને બદમાશ સ્ત્રીઓથી પણ જોઇ શકાતું નથી. આવા શરારતી સ્ત્રી-પુરૂષો મોમિન-મોમેનાત સ્ત્રી-પુરૂષોના વિરૂદ્ધ હાસિદ બનીને કાવતરાં કરતા રહે છે. ખોટી રીતે ડરાવીને દિલમાં વસવસો નાખી દેતા હોય છે.

પેગંબરે ઇસ્લામ જ્યારે ઘરથી બહાર નીકળતા અને આવા જ નાપાક અબુજહલને પોતાની શેતાની ટોળકી સાથે બેઠેલો જોતા તો આપ(સલ.) તરત જ તેનાથી ખુદાની પનાહ માંગતા. આપણને આ બંને સુરતોમાં આ હુકમ આપવામાં આવ્યો છે કે તમો પણ તમારી વિરૂદ્ધ કાવતરાં કરતા આવા

તોફાનીઓને જાણો, અનુભવો તો આ બંને સુરતો પઢીને ખુદાની પનાહ માંગો. આ બંને સૂરતો એક બેહતરીન દુઆ છે.

સૂરએ ફલકની ત્રીજી આયતમાં અંધારી રાતના શરથી ખુદાની પનાહ માંગવામાં આવી છે. કારણકે નબીના દુશ્મનો-મોમિનોના દુશ્મનો તેમને હેરાન કરવાનાં કાવતરાં રાતનું અંધારૂં પથરાઇ ગયા પછી જ કરતા હોય છે. આવા ગુનાહિત મશ્વેરા પણ રાતે જ કરતા હોય છે.

એ જ સૂરતની ચોથી આયતમાં ગાંઠો ઉપર ફૂંકનારીઓની બુરાઇથી પનાહ માંગી છે. મક્કી જિંદગીમાં પેગંબરે ઇસ્લામ અને મુસલમાનો સાથે કાફિરોની દુશ્મનીનો આ હાલ હતો કો રાત-દિવસ તેઓ આ વિચારોમાં રહેતા હતા કે કેવી રીતે ઇસ્લામના આ મિશનને કચડી નાખે. નબીને ગાંડો

બનાવી દે, તેના ઉપર જાદુ કરે, મારી નાખે, તેને બીમારી લગાવી દે. મતલબકે નબી(સલ.)ને પોતાના મકસદથી હટાવી દે. આવા પ્રકારના બધા જ ઉપાયો તે લોકો અપનાવતા હતા. તેમાંથી એક શરારત આ પણ હતી કે કેટલીક સ્ત્રીઓ દોરી ઉપર ગાંઠો લગાવીને તેને ફૂંકતી હતી. મક્કામાં તે જમાનામાં આ રિવાજ પણ પ્રચલિત હતો કે જેને પરેશાન કરવું હોય, તેના માટે આવી ફૂંકનારી સ્ત્રીઓ ગાંઠો ઉપર ફૂંકતી હતી. જેથી અલ્લાહતઆલાએ પોતાના રસૂલને અને રસૂલની તમામ ઉમ્મતને તાલીમ ફરમાવી કે તેઓ આવી ફૂંકનારીઓથી પણ અલ્લાહની પનાહ માંગતા રહે. આવી ફૂંકનારી સ્ત્રીઓથી કંઇ રસૂલુલ્લાહ ઉપર જાદુ નથી થયો.

આ સુરતો તો બેહતરીન દુઆ છે. આપણા માટે, આપણા નાના બચ્ચાઓ માટે હરતાં ફરતાં પઢતાં રહેવાની દુઆ છે. આપણે કોઇ બદમાશ વ્યક્તિને જોઇએ જે મહોલ્લામાં આપણને હેરાન કરવાના પેંતરા બનાવતો હોય અથવા આવી ઉપદ્રવી ટોળી હોય જે આપણી વિરૂદ્ધ કાવતરાં વિચારતી હોય, ત્યારે તેમના શરથી અલ્લાહની પનાહ માંગીએ. આ સુરતો પઢીને દુઆ માંગીએ. સીધી પણ દુઆ માંગીએ કે અલ્લાહ આ નાપાક ટોળકીથી મને બચાવજે. જેઓ હંમેશા મને વગર ગુને હેરાન કરવા ઇચ્છે છે, અને આ બંને સુરતો દ્વારા પણ દુઆ કરીએ.

પેગંબરે ઇસ્લામ અને અઇમ્મએ માસૂમીનથી સૌથી વધુ દુઆઓ પઢવાનો હુકમ

આપવામાં આવ્યો છે કે મોમિન આ દુઆઓને સમજીને પઢે. અલ્લાહની પનાહ ઢૂંઢે.

અલબત્ત કેટલીક વિશ્વાસપાત્ર દુઆઓ એવી પણ છે કે અમૂક દુઆઓને લખીને ગળામાં કે હાથમાં બાંધવાનો હુકમ આપવામાં આવ્યો છે. પરંતુ આવી તો ઘણી જ ઓછી રિવાયતો છે. આના મુકાબલામાં પંચાણું ટકા દુઆઓ મોં વડે પઢીને માંગવાની દુઆઓ છે, અગર કોઇ દુઆ જે માસુમના મુબારક મોંથી નીકળી હોય અને આપણે તેને લખીને ગળામાં કે હાથમાં બાંધીએ તો તેનાથી કોણ વિરોધ કરી શકે છે? શરત આ છે કે તાવીઝ બનાવી આપનાર પણ નેક હોય, નમાઝ, રોઝા વગેરે વાજિબાતનો પાબંદ હોય. શરીઅતના કાનૂનનો પાબંદ હોય. પરાઇ સ્ત્રીઓની સાથે હળવા-મળવાથી પરહેઝ કરતો હોય. સાથે સાથે

બીજી નોંધપાત્ર વાત પણ જણાવી દઉં કે જે તાવીઝ બાંધે છે, તેના માટે પણ હલાલ અને પાકીઝા જિંદગી જીવવી જરૂરી છે જેથી તાવીઝ અસરકારક બને. આપણી પરિસ્થિતિ તો આવી છે કે આપણે આપણી જાતને તો કોઇ તકલીફ આપવી જ નથી. નમાઝ નથી પઢતા, રોઝા નથી રાખતા, કુર્આને પાકને સમજીને પઢવાની કોશિશ નથી કરતા. મતલબ આપણે પોતે તો કશું કરવું જ નથી અને કોઇ બીમારી કે બલા આવે તો તરતજ જાઓ મૌલાના પાસેથી તાવીઝ લઇ આવો. સહેલી વાત.

એક બીજી નોંધપાત્ર વાત પણ જણાવી દઉં કે જે કામ માટે તમે તાવીઝ(દુઆ) લખીને બાંધો. તે કામ માટે તમે પોતે પણ નમાઝ બાદ દુઆ પણ કરો. અસલ દુઆ છે. પરંતુ આપણે તો પાકીઝા જિંદગી જીવવી નથી. બસ પૈસા ખર્ચીને કોઇની

પાસેથી પણ તાવીઝ લાવીને તે બાંધીને કામ પતાવવું છે. મતલબ જાત ઉપર તો કોઇ તકલીફ ઝીલવી જ નથી.

મારા કહેવાનો મતલબ આ છે કે તાવીઝ બાંધનારે ફક્ત જાહેરી પાકી, પાક-સાફ કપડાં એટલું જ જરૂરી નથી. દિલો-દિમાગની પાકી પણ જરૂરી છે. તમારા કિરદાર(કૃત્યો) પણ પાક હોય. ઇખ્લાસ અને લિલ્લાહિયત સાથે અલ્લાહ સાથેનો તમારો સંબંધ પણ મજબૂત હોય.

ઇન્સાની ઉલઝનો અને પરેશાનીઓ લાખો પ્રકારની હોય છે. જેની ગણતરી મુશ્કેલ છે. વ્યક્તિગત ઉલઝનો માટે કે પરેશાનીઓ માટે માસુમીનથી રિવાયત પામેલ તાવીઝનું મળવું મુશ્કેલ છે. જો કે દરેક પ્રકારની મુસીબતો માટે પઢવાની દુઆઓ અસંખ્ય મળશે. કેટલાક

મોહદ્દિસોએ કેટલીક રિવાયતો ઉપર વિશ્વાસ કરીને છૂટ આપી છે કે જ્યાં કોઇ પઢવાની દુઆ કે તાવીઝ ન મળે ત્યાં સુયોગ્ય આયતે કુર્આની લખીને બાંધી શકાય છે. જેવી રીતે પઢવાની દુઆઓ હાજતમંદ વ્યક્તિ પોતે પઢે કે એવીજ રીતે બુદ્ધિગમ્ય બાબત છે કે બાંધવાનું તાવીઝ પણ હાજતમંદ જાતેજ લખીને બાંધે. પરંતુ આપણામાંથી ઘણાં-બધા અરબી ભાષામાં તાવીઝો જાતે લખી સકતા નથી અથવા પોતાની હાજત માટે યોગ્ય આયત શોધવા જેટલું જ્ઞાન ધરાવતા નથી. આવી પરિસ્થિતિમાં કોઇ મોલ્વીનો સહારો લઇ શકાય છે. આ બાબત અમારો કોઇ એતેરાઝ નથી.

અમારો વિરોધ ત્યાં છે કે જ્યારે તાવીઝ લખી આપવાને એક ધંધો રોઝગાર બનાવી લેવામાં આવે. તાવીઝો બનાવવાં જાણે નોટો છાપવાનું

મશીન બની જાય. તેમાંથી ખિદમતે ખલ્કની ભાવના નાબૂદ થઇ જાય ત્યારે એની અસર પણ શું રહેવાની છે?

આ જગ્યાએ હું આપણા એક મહાન આલિમે દીન સૈયદ સઇદ અખ્તર રિઝવી(રહ.)ના લખેલા કેટલાક અનુભવોને વર્ણવવું જરૂરી સમજું છું. આપના જ શબ્દોમાં રજૂ કરૂં છું.

હું એક જગ્યાએ પહોંચ્યો, ત્યાં એક જરૂરી કામે એક મૌલાનાને ઘેર જવાનું થયું. મેજ ઉપર કાચની ડબ્બીઓમાં જાતજાતનાં તાવીઝ સજાવેલાં હતાં ડબ્બીઓ ઉપર લખ્યું હતું ૨૦ શિલિંગ, ૨૫ શિલિંગ, ૪૦ શિલિંગ, ૫૦ શિલિંગ અને ૧૦૦ શિલિંગ. હાજતમંદ જેટલી રકમ ખર્ચે તેટલી જ રકમનું શક્તિશાળી તાવીઝ તેને આપવામાં આવતું. મતલબ જેટલો ગોળ નાખશો તેટલું જ ગળ્યું થશે.

તાવીઝની આયતોની શક્તિનો માપ નાણાંના રૂપમાં તે મૌલાનાએ કેવી રીતે કાઢયો હશે? તે મને સમજાયું નહિ. બીજા એક મૌલાના સાહેબ જેમણે પોતાની આખી જિંદગી આફ્રીકાની જમાતોમાં રખડીને પૂરી કરી નાખી. તેઓ જ્યાં જાય ત્યાં જરાય શરમાયા વગર આ વાતનું એલાન કરતા કે ૧૧ થી ૧૨ વાગ્યા સુધી એમનો તાવીઝ બનાવવાનો સમય છે આ સમય દરમ્યાન કોઇ પણ વ્યક્તિ એમને મળવા ન આવે. જ્યારે ત્રણ વાગ્યાથી પાંચ વાગ્યા સુધીનો સમય સ્ત્રીઓ માટે ખાસ છે. માટે આ સમયગાળામાં કોઇ નામહરમ મર્દ ન આવે. જાણે મૌલાના સાહેબ આફ્રીકાની બધી મુસ્લિમ સ્ત્રીઓ માટે મહરમ હતા. એમને સ્ત્રીઓ સાથે ભરવાની છૂટ કોણે આપી હશે?

એક ત્રીજા મૌલાના માટે સાંભળવામાં આવ્યું કે એમની પાસે ઘણીજ મોટી લાલ જિલ્દની એક કિતાબ છે. જે વ્યક્તિ એમની પાસે કોઇ ફરિયાદ લઇને જાય તેઓ આ કિતાબમાં જોઇને બતાવી આપે છે કે પેલી વ્યક્તિની પરેશાનીનું કારણ શું છે. પતિ-પત્નિ વચ્ચેનો ઝઘડો હોય, અવલાદની નાફરમાની, બિઝનેસનું નુકશાન કે ઇન્કમટેક્ષની પરેશાની, મતલબ કોઇ પણ ઉલઝન હોય મૌલાના સાહેબ આ લાલ જિલ્દની કિતાબમાં જોઇને બતાવી આપતા હતા. આ કોઇ જિન્નાતની સતામણી છે કે કોઇએ મેલું કરાવ્યું છે, વગેરે વગેરે. સાથે મૌલાના અમૂક માંગણી પણ મૂકતા કે જિનને કાબૂમાં લેવા માટે અમૂક વસ્તુઓની જરૂર પડશે. એક સફેદ કૂકડો, કાળો બકરો, ફલાણા રંગનું આટલા મીટર કાપડ, આટલું અત્તર,

ઝઅફરાન(કેસર) લોબાન અને સાથે આટલા રૂપિયા.

એક વખત મારા પ્રત્યક્ષ જોતાં ખબર પડી ગઇ કે પેલી લાલ જિલ્દવાળી કિતાબ ''મેઅરાજુસ્સઆદહ" હતી જે પ્રિયમ કાઉન્સીલ લાયબ્રેરી સાઉથ આફ્રિકા તરફથી આ શરતે આપવામાં આવેલી કે આ મૌલાના પોતાની મજલિસોમાં આ કિતાબમાંથી બે-ત્રણ હદીસો પઢીને લોકોની ઇસલાહ કરે. જેથી એમની મજલિસો ફક્ત લફ્ફાઝી(બકવાસ) ન બની જાય.

મૌલાના સઇદ અખ્તર રીઝવી સાહેબ પોતાના અનુભવોમાં આગળ લખે છે કે હું આફ્રિકામાં એક જગ્યાએ ગયો. ત્યાં એક મોલવી સાહેબનો મેહમાન બન્યો. તેઓની ઘણી જ જૂની છપાયેલ કિતાબોંમાંથી એક કિતાબ દૃષ્ટિગોચર થઇ.

જેમાં દરેક પેજ ઉપર આઠ-દસ તાવીઝો લખેલાં હતાં, જુદા જુદા કામો માટેના દરેક તાવીઝ ઉપર ૭૮૬ પણ લખેલું હતું. બીજા જ પાને બે તાવીઝો મારા ધ્યાનમાં આવ્યાં. એક તાવીઝ ઉપર લખ્યું હતું ‘‘આ તાવીઝ બાંધવાથી લક્ષ્મીદેવી ખુશ થાય છે." બીજા તાવીઝ ઉપર લખ્યું હતું. ‘‘આ તાવીઝ પાસે રાખવાથી દિવાળીના દિવસોમાં અને દિવાળીની રાતે ખાસ રાતના જુગારમાં ફાયદો થાય છે." મેં મૌલાનાનું ધ્યાન આ અને બીજા એવાં જ તાવીઝો તરફ દોર્યું. તો મને મૌલાનાએ ફરમાવ્યું ‘‘આ તાવીઝો તો હું કોઇને આપતો નથી તે સિવાયના તાવીઝો જ લખું છું." મેં કહ્યું ‘‘જે લોકોએ આ તાવીઝો લખ્યા છે તેમની દીનદારીનો અંદાઝ તો આ વાક્યોથી જ આવી જાય છે કે આ લખનાર કેટલો બેદીન છે. જે વ્યક્તિ જુગારમાં બરકતના

તાવીઝ લખતો હોય તે કિતાબના બીજાં તાવીઝો ઉપર તમે કેવી રીતે વિશ્વાસ કરો છો? મારા એતેરાઝ ઉપર તાવીઝ લખનાર મૌલાના ખામોશ થઇ ગયા. અહીં મૌલાના સઇદ અખ્તર રિઝવી સાહેબની વાત ખતમ થાય છે. ખરેખર મૌલાનાની વાતો ઘણી જ ઇબ્રતની વાતો છે.

તાવીઝ અંગેના મારા પોતાના એકાદ-બે અનુભવો વર્ણવું છું. વર્ષો પહેલાં એક મૌલાના હતા. ઘણા જ નેક પરહેઝગાર હતા. તેઓ પાસે કોઇ તાવીઝ લેવા આવે તો ના જ પાડી દેતા. એક વખત ભરૂચ નજીકના એક ગામના બે ચાર પટેલો મૌલાના પાસે આવ્યા. જણાવ્યું કે અમારો એક યુવાન છોકરો કોઇ પીરની દરગાહમાં બેસી ખૂબ જ કુર્આન પઢયા કરતો હતો. જેથી ગાંડો થઇ ગયો છે. તેના માટે કોઇ તાવીઝ બનાવી આપો.

મૌલાનાએ કહ્યું ‘‘ભલા કોઇ હલવો ખાય અને તેના દાંત તૂટી જાય એવું સાંભળ્યું છે?" પેલા પટેલોએ કહ્યું ‘‘ના" પછી મૌલાનાએ કહ્યું કે ‘‘તમારો છોકરો જુગારી કે સટોડિયો હશે. હારી ગયો હશે, તેથી દિમાગ બગાડી બેઠો. તમે દવા કરો જાઓ. હું દુઆ કરીશ. ઝિક્રુલ્લાહ કે તિલાવત કરવાથી કોઇ ગાંડુ થઇ જાય? હલવો ખાવાથી વળી દાંત તુટી જાય?

પાછળથી તેહકીક કરતાં ખબર પડી કે પેલો યુવાન સટ્ટા બેટીંગમાં ખૂબજ આંકડા રમતો હતો. ઘરમાં ચોરી કરી સોનાની જણસો વેચી હારી ગયો. મા-બાપને શું જવાબ આપશે? કુટુંબમાં બદનામી થશે એ ભયથી દિમાગ ગુમાવી બેઠો.

તબ્લીગી જમાતમાં જમાત સાથે હું એક મોટા કસબામાં હતો. દિવસની બે અને રાતની એક

એમ ત્રણ મજલિસો પઢવાથી હું ખૂબજ થાકી ગયો હતો. દિવસના નવ થી દસ યુવાન વિદ્યાર્થીઓમાં બપોર બાદ ત્રણ થી ચાર ઓરતોમાં, અને રાતના ઇશાની નમાઝ બાદ મસ્જિદમાં. આમ ત્રણ મજલિસો દરરોજ મારા ઝિમ્મે હતી. સાથીઓ બિલકુલ નવા અને વિદ્યાર્થીઓ હતા. મસ્જિદની એક રૂમમાં મારો મુકામ હતો. બિસ્તરો પાથરેલો હતો. રાતના અગિયાર વાગ્યે હજી હું સુવાની તૈયારી કરતો હતો કે એક નવયુવાન મારી પાસે આવ્યો. અમીર સાહેબ! હું આપની પાસે દુઆ કરાવવા માટે આવ્યો છું. મારે ફલાણી છોકરી સાથે શાદી કરવી છે. જો આપ દુઆ કરો તો હું આપની સાથે જમાતમાં આવવા તૈયાર છું.

મેં કહ્યું "દુઆ તો હું તું જમાતમાં નહીં આવે તો પણ કરીશ. પરંતુ તું મને આ કહે કે તે છોકરીની

આર્થિક સ્થિતિ તારી સમકક્ષ છે?" તે બોલ્યો ‘‘ના, તે તો ખૂબ જ ધનવાન છે. જ્યારે હું તો સામાન્ય ઘરનો છું." તેણે કહ્યું ‘‘મેં ત્રણ મૌલાનાઓ પાસેથી તાવીઝ લીધાં છે. પણ કામ બનતુ નથી. એક મૌલાનાએ રૂપિયા સો લીધા, બીજા મૌલાનાએ પચાસ રૂપિયા લીધા અને ત્રીજા મૌલાનાએ કહ્યું છે કે તારે જે આપવું હોય તે આપજે.

મને તે યુવાનની હાલત ઉપર દયા ઉપજી. મેં તેને સમજાવ્યો કે શું દુનિયામાં બીજી કોઇ છોકરીઓ છે જ નથી? તેણે કહ્યું ‘‘છે ઘણી છે." તો પછી તું અલ્લાહ પાસે આ દુઆ કેમ નથી માંગતો કે યા અલ્લાહ! મને કોઇ નેક, સાલેહ પત્ની આપ. ખૂબસૂરત શબ્દ ઉમેરવો હોય તો ત્રીજા નંબરે ઉમેરી દુઆ કર. તને કોઇ પચ્ચીસ લાખ રૂપિયાની કિંમતનો હાથી આપી દે તો તે તારા માટે મુસીબત

બની શકે છે. તુ હાથીને વેચી પણ નહીં શકે, જલ્દી ગ્રાહક પણ નહીં મળે, અને તેનો દરરોજનો ખોરાક તું પુરો નહીં કરી શકે. પત્નીની માલદારી અને ખૂબસુરતી બંને વસ્તુ ગરીબ પતિ માટે મુસીબત બની શકે છે. શાદી માટે આર્થિક દૃષ્ટિએ સમકક્ષ છોકરી જ યોગ્ય છે. જા હું દુઆ તો કરીશ જ. દુઆ તકદીરના ફેંસલા બદલી શકે છે. તે યુવાન મારી સાથે દસ દિવસ જમાતમાં જોડાયો. છુટા પડતી વખતે મારો હાથ પકડી રડતો હતો. મૌલાના આપે મારી આંખો ખોલી નાખી. મેં મારા મગજમાંથી બધાજ નકામા વિચારો કાઢી નાખ્યા છે. હવે હું આપે બતાવી એવી દુઆ કરૂં છું.

આવી તો અનેક ઘટનાઓ મારા સ્મરણમાં પડી છે. મારી દૃષ્ટિએ તાવીઝ બનાવી તેના નાણાં લેવા એક પ્રકારનું શોષણ છે. પોતાની શક્તિ બહાર

ગરીબ અને લાચાર વ્યક્તિ તાવીઝના પૈસા ચૂકવે છે. તેનું શોષણ થાય છે. આવા શોષણ દ્વારા સમાજમાં ઇલ્મયાફતા ગણાતો વર્ગ પોતાની જરૂરિયાતો પુરી કરે છે. અમારા ઇલાકામાં બાપુગિરી કરનારા બાપુઓ માલદાર બની ગયા છે. ગરીબો કે જેઓ તેમની પાસે ઇલાજ કરાવે છે. તેમની ગરીબાઇ જોઇને દયા ઉપજે છે. મેહનત મજુરી કરીને, પોતાની પ્રાથમિક જરૂરિયાતો પાછળ ધકેલીને હાડપિંજર જેવી મા-બહેનો આવા બાપુઓ કે મોલવીઓ પાસે તાવીઝ લેવા આવે છે ત્યારે મને અલ્લાહ યાદ આવે છે.

ઇમાન અને યકીનને મજબૂત બનાવો. જિન્નાતોને કે મેલા ઇલ્મનો અથવા કશું કરાવી નાખવાનો કોઇપણ પ્રકારનો ડર ખોફ દિમાગમાંથી કાઢી નાખો. તમો ઇલ્મયાફતા છો. તમારા સીનામાં

કલામુલ્લાહનો થોડો ઘણો અંશ છે. તમે વાજિબાતના પાબંદ છો. કોઇપણ જાદુ-મંતર તમારી ઉપર અસર કરી શકશે નહિ. ઇન્શાઅલ્લાહ. નાના બાળકો ઉપર સૂરએ હમ્દ અને સૂરએ મોઅવ્વઝતૈન(ફલક-નાસ) પઢીને ફૂંક લગાવ્યા કરો, નજરે બદ દૂર થઇ જશે. ઇન્શાઅલ્લાહ. ઘરમાં આયતુલ કુર્સી થોડાક ઊંચા અવાજે દરરોજ પઢો. બહેનો પાંચેય નમાઝોની તકબીર થોડાક ઊંચા અવાજે (ઘરના એરિયામાં અવાજ રહે) પઢે. આમ કરવાથી ઘરમાંથી જિન-શયાતીન ભાગી જશે. ઇન્શાઅલ્લાહ. આ બાબત સતત અમલ કરતા રહો.

# (૧૦) અંગિશ્તરી – અંગૂઠી એટલે હાથની વીંટી ઇસ્લામની દ્રષ્ટિમાં એક ચર્ચા

પુરૂષ અને સ્ત્રી માટે સુન્નતે મોઅક્કેદા છે કે જમણા હાથમાં વીંટી પહેરે. પેગંબરે ઇસ્લામ(સલ.)ની હદીસોમાં અને તમામ અઇમ્મએ તાહેરીન(અલ.)ની હદીસોમાં પણ અંગૂઠી પહેરવાના હુકમો છે. આપ(સલ.)એ અમીરૂલ મોઅમેનીન હઝરત ઇમામ અલી(અલ.)ને ફરમાવ્યું: અય અલી! અંગૂઠી પહેરો લાલ અકીકની. અય અલી! અકીકે સુર્ખે(અકીકના લાલ પથ્થરે) ખુદાની વહદાનિયત, મારી નબુવ્વત તમારી ઇમામત અને વિલાયત તથા તમારી અવલાદની ઇમામતનો ઇકરાર કર્યો છે.

અમીરૂલ મોઅમેનીન અલી(અલ.)એ ફરમાવ્યું કે હઝરત જિબ્રઇલે જનાબે રસૂલેખુદા(સલ.)ને વિનંતી કરી કે જે કોઇ મોમિન મર્દ ઓરત પોતાના જમણા હાથમાં અંગૂઠી પહેરશે. આપની સુન્નત અને અલ્લાહની રઝામંદીના હેતુથી પહેરશે. જો આ લોકોને હું મેહશરમાં પરેશાન જોઇશ, તેઓને હાથ પકડીને આપની અથવા અમીરૂલ મોઅમેનીનની પાસે પહોંચાડી દઇશ.

ઇમામ જઅફરે સાદિક(અલ.)થી નકલ છે કે જમણા હાથમાં અંગૂઠી પહેરવી પેગંબરોની સુન્નત છે. કેટલીક સહીહ હદીસોમાં ડાબા હાથમાં અંગૂઠી પહેરવાની પણ છૂટ આપી છે. હઝરત અમીરૂલ મોઅમેનીન(અલ.)એ ફરમાવ્યું: જે કોઇ ડાબા હાથમાં અંગૂઠી પહેરે તેના માટે જરૂરી છે કે પેશાબ-

પાયખાને જતી વખતે અંગૂઠી ડાબા હાથમાંથી કાઢી જમણા હાથમાં પહેરી લે.

ઇમામ જઅફરે સાદિક(અલ.)એ ફરમાવ્યું કે જનાબે રસૂલે ખુદા(સલ.)એ કલિમાની આંગળી અને વચલી આંગળીમાં અંગૂઠી પહેરવાની મનાઇ ફરમાવી છે. મતલબ અંગૂઠી મોઅમિનની ઓળખ છે. સુન્નતે મોઅક્કેદા એટલે તાકીદી સુન્નત છે.

# (૧૧) અંગૂઠી કઈ ધાતુની હોવી જોઈએ ?

સુન્નત છે કે અંગૂઠી ચાંદીની હોય. સ્ત્રીઓ માટે સોનાની અંગૂઠી જાઇઝ છે. પુરૂષો માટે સોનાની અંગૂઠી પહેરવું હરામ છે. લોખંડ, પોલાદ(સ્ટીલ) અને પીત્તળની અંગૂઠી પહેરવું સ્ત્રી અને પુરૂષ બંને માટે મકરૂહ છે. મના છે, બેહતર નથી. પેગંબરે ઇસ્લામ(સલ.) ચાંદીની અંગૂઠી પહેરતા હતા.

પેગંબરે ઇસ્લામે લોખંડની અંગૂઠી પહેરી નમાઝ પઢવાની મના ફરમાવી છે. પેગંબરે ઇસ્લામ(સલ.)ની અંગૂઠી ચાંદીની હતી. તેના ઉપર "મોહંમદુર રસુલુલ્લાહ" કોતરેલું હતું.

# (૧૨) અકીકની ફઝીલત

રિવાયતમાં છે કે અમીરૂલ મોઅમેનીન(અલ.) ચાર પ્રકારની અંગૂઠીઓ પહેરતા હતા.

(૧) અવ્વલ યાકૂતની ઝીનત અને બુઝુર્ગી માટે.

(૨) ફિરોઝાની ફતેહ અને નુસરત(મદદ) માટે.

(૩) હદીદે ચીનીની કુવ્વત(શક્તિ) માટે

(૪) અકીકની અંગૂઠી દુશ્મનોની બદમાશીઓથી અને બલાઓથી બચવા માટે.

સહીહ હદીસોમાં ઇમામ અલી ઇબ્ને મુસર્રઝા(અલ.)થી રિવાયત છે કે અકીક ગરીબાઇ અને મોહતાજીને દૂર કરે છે. મુનાફિક દોસ્ત જે મિત્ર જેવો દેખાતો હોય, પરંતુ હકીકતમાં દુશ્મન હોય તેના શરથી ફસાદથી બચાવે છે. ઇમામે આગળ ફરમાવ્યું કે જે વ્યક્તિ અકીકની અંગૂઠી પહેરીને

વહેંચણી વગેરે માટે ચિઠ્ઠીઓ નાખશે. તેનો પુરો ભાગ તેને મળશે. મતલબ ફાયદામાં રહેશે.

રબીયા રાઝી લખે છે કે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) અમારા ચોથા ઇમામને મેં પુછયું: મૌલા! આપના મુબારક હાથમાં અંગૂઠી છે. કયો નગીનો છે? ફરમાવ્યું અકીકે રૂમી છે.

પેગંબરે ઇસ્લામ મોહંમદ્દર રસુલુલ્લાહ(સલ.)એ ફરમાવ્યું: જે વ્યક્તિ અકીકની અંગૂઠી પહેરશે એની હાજતો અલ્લાહ પૂરી કરશે. અમારા છઠ્ઠા ઇમામ જઅફરે સાદિક(અલ.)થી રિવાયત છે કે અકીકની અંગૂઠી પહેરવાથી સફરમાં અમન અને સલામતિ પ્રાપ્ત થાય છે. વળી અકીકની અંગૂઠી પહેરનાર દિમાગી સંતુલન જાળવી રાખે છે. પરેશાન થતો નથી. ઇમામે એક એવો ગુનેહગાર જે હકીકતમાં ગુનેહગાર ન હતો. પરંતુ

ઝાલિમ હાકિમે તેને પકડી લીધો હતો. તેના માટે તેના સગાંવહાલાઓને ફરમાવ્યું કે અકીકની અંગૂઠી તેની પાસે પહોંચાડી દો. આપના હુકમ ઉપર અમલ કરવામાં આવ્યો. ખોટો મુજરિમ નિર્દોષ બહાર આવ્યો.

પેગંબરે ઇસ્લામ હઝરત રસુલે ખુદા(સલ.)ને કોઇએ ફરિયાદ કરી કે યા રસુલલ્લાહ! સફર દરમ્યાન રસ્તામાં મારો માલ લુંટાઇ ગયો. ફરમાવ્યું: તુ અકીકની અંગૂઠી કેમ નથી પહેરતો? તે દરેક બલાથી આદમીને બચાવે છે. અહીં આદમીનો મતલબ પુરૂષ સ્ત્રી બંને થાય છે. વળી આપ(સલ.)એ એક વખત સહાબાને ફરમાવ્યું: અકીકની અંગૂઠી પહેરો. અકીકની અંગૂઠી તમારા હાથમાં હશે ત્યાં સુધી તમને કોઇ ગમ પહોંચશે નહિ. ફરમાવ્યું: કે પથ્થરોમાં આ પહેલો

પથ્થર છે જેણે ખુદાની વહદાનિયત, તૌહીદ, મારી નબુવ્વત અને યા અલી! તમારી ઇમામતનો ઇકરાર કર્યો છે.

વિશ્વાસપાત્ર હદીસોમાં છે કે લાલ, પીળા અથવા સફેદ આ ત્રણે અકીકોમાંથી કોઇપણ અકીકની અંગૂઠી પહેર્યા કરો અથવા વારાફરતી ત્રણે પહેરો. ફરમાવ્યું કે લોકો આ બાબતમાં કેમ ગાફિલ છે? શા માટે બેદરકાર રહો છો? અકીકે સુર્ખ, ઝર્દ અને સફેદ આ ત્રણે જન્નતના પહાડ છે. તેમાંથી લાલ અકીકનો મહેલ જનાબે રસુલુલ્લાહ(સલ.) ઉપર છાંયડો કરે છે. મતલબ આપ(સલ.)નો છે. અકીકે ઝર્દ(પીળો અકીક) જનાબે ફાતેમા(સલા)નો અને સફેદ અકીક જનાબ અમીરૂલ મોઅમેનીન અલી(અલ.) માટે છે. આ ત્રણે મહેલો સાથે સાથે જ છે. આ ત્રણે પહાડોના મહેલો નીચેથી નહેરો જાય

છે. જેમનું પાણી ઠંડુ, મીઠું અને સફેદ છે. આ ત્રણે નહેરો કૌષરમાંથી નીકળે છે.

ફરમાવ્યું: કે કૌષરની આ નહેરોનું પાણી આલે મોહંમદ માટે અને તેમના દોસ્તો, ચાહકો અને મદદગારો માટે છે. આલે મોહંમદના ચાહકો સિવાયના કોઇ આ પાણી પામી શકે નહિ. આ ત્રણે પહાડો અલ્લાહતઆલાની તસ્બીહ કરે છે. તારીફ-વખાણ કરે છે.

ફરમાવ્યું કે મોહંમદ અને આલે મોહંમદના ચાહકોમાંથી જે કોઇ મર્દ-ઓરત આ ત્રણે અકીકોમાંથી કોઇ એક પણ અકીકની અંગૂઠી હાથમાં પહેરશે. તો તેમના માટે ઘણી જ બેહતરી છે. તેઓની રોઝીમાં વધારો થશે. તેઓ આફત બલાઓથી બચશે અને જે જે વસ્તુઓથી ઇન્સાનને ભય અને ખતરો અનુભવાય છે, તે બધાથી અલ્લાહ

તેને રક્ષિત રાખશે. ભલે પછી કોઇ ઝાલિમ બાદશાહનો ખોફ હોય કે પછી કંઇપણ.

ઇમામ હુસૈન(અલ.)થી રિવાયત છે કે જેટલા હાથો આસમાન તરફ ઉઠે છે તેમાંથી અલ્લાહને તે હાથ સૌથી વધારે પસંદ છે જે હાથમાં અકીકની અંગૂઠી હોય.

એક વખત હઝરત જિબ્રઇલ(અલ.) પેગંબરે ઇસ્લામ(સલ.)ની સેવામાં હાજર થયા. વિનંતી કરી યા રસુલલ્લાહ! પરવરદિગારે આલમ આપને સલામ કહે છે. ઇરશાદ ફરમાવે છે કે જમણા હાથમાં અંગૂઠી પહેર્યા કરો. જેનો નગીનો અકીકનો હોય. સાથે હઝરત અલી ઇબ્ને અબી તાલિબ(અલ.) તમારા ચચાઝાદ ભાઇને પણ કહી દો, તેઓ પણ અંગૂઠી પહેરે જેમાં અકીકનો નગીનો હોય. હઝરત અમીરૂલ મોઅમેનીન અલી(અલ.)એ પૂછયું.

યા રસુલલ્લાહ! આ અકીક શું છે? ફરમાવ્યું તે યમનના ઇલાકાનો એક પહાડ છે, જેણે ખુદાની તૌહીદનો, મારી નબુવ્વતનો, તમારી અને તમારી ઔલાદની ઇમામતનો તથા તમારા ચાહકો અને મદદગારો માટે જન્નતનો અને તેમના દુશ્મનો માટે જહન્નમનો ઇકરાર કર્યો છે.

અમીરૂલ મોઅમેનીન હઝરત ઇમામ અલી ઇબ્ને અબી તાલિબ(અલ.)નો ઇરશાદ છે કે, એક વ્યક્તિની જમાઅત વગરની નમાઝ જેના હાથમાં અકીકની અંગૂઠી હોય, બીજા વ્યક્તિની જમાઅતની નમાઝથી જેના હાથમાં અકીક સિવાય બીજી અંગૂઠી હોય, ચાલીસ દરજ્જા અફઝલ છે.

આપણા છઠ્ઠા ઇમામ જઅફરે સાદિક(અલ.) મનસુર અબ્બાસીના મકાનમાં હતા. આપના એક સહાબી સુલયમાન આઅ્મશ કહે છે કે હું પણ

હઝરતની સાથે હતો. સિપાઇઓ એક વ્યક્તિને મનસુરની સામે લાવ્યા જેને કોરડાની સજા કરવામાં આવી હતી. ઝુલમી બાદશાહો આમ કરતા હતા. ઇમામે ફરમાવ્યું: જો આ વ્યક્તિના હાથમાં અકીકની અંગૂઠી હોત તો એને કોરડા ન પડત. અથવા એની અસરથી પણ ખુદા એને રક્ષિત રાખત.

પોતાનું બયાન ચાલુ રાખતાં ઇમામે ફરમાવ્યું: અય સુલયમાન! અલ્લાહ અઝ્ઝ વ જલ તે હાથને દોસ્ત રાખે છે જે હાથમાં અકીકની અંગૂઠી પહેરી હોય. વળી તે હાથ તેની સમક્ષ દુઆ માટે ફેલાવવામાં આવે, તો કદી તે હાથ ખાલી પાછો ફરતો નથી. મતલબ તે હાથની દુઆ કબૂલ થાય છે. અલ્લાહનો તે બંદો માલ-દૌલતથી ખાલી રહેતો નથી.

ઇમામે ફરમાવ્યું: અકીક વ્યક્તિને દરેક બલાથી મહફૂઝ રાખે છે. ભૂખમરો અને ગરીબાઇથી બચાવે છે. ઇમામ(અલ.)ની એક બીજી રિવાયતમાં છે કે અકીકની અંગૂઠી પહેરીને પઢેલી બે રકઅત નમાઝ તે હજાર રકઅત નમાઝ કરતાં અફઝલ છે જે અકીકની અંગૂઠી પહેર્યા વગર પઢવામાં આવી હોય.

# (૧૩) યાકૂત, ઝબરજદ અને ઝમર્રૂદની ફઝીલત

ત્રણ વિશ્વાસપાત્ર હદીસોમાં હઝરત અલી ઇબ્ને મુસા રઝા(અલ.)એ ફરમાવ્યું: યાકૂતની અંગૂઠી પહેરવાથી પરેશાની દૂર થાય છે.

ઇમામ જઅફરે સાદિક(અલ.)એ ફરમાવ્યું: યાકૂત અને ઝબરજદની અંગૂઠી જમણા હાથમાં પહેરવી સુન્નત છે.

હઝરત ઇમામ મુસા કાઝિમ(અલ.)એ ફરમાવ્યું, કે ઝમર્રૂદની અંગૂઠી પહેરવાથી મુશ્કેલીઓ આસાન થાય છે.

બીજી હદીસમાં અમારા આઠમા ઇમામ જનાબ અલી રઝા(અલ.)એ ફરમાવ્યું: ઝબરજદ અને ઝમર્રૂદની અંગૂઠી પહેરવાથી ગરીબાઇ દૂર

થાય છે. વ્યક્તિ જીવનમાં સફળતા પામે છે. ઇમામનો યાફ્તે ઝર્દ માટે પણ આ હુકમ છે.

# (૧૪) ફિરોઝા અને જઝએ યમાનીની ફઝીલત

ઇમામ જઅફર સાદિક(અલ.)એ ફરમાવ્યું: જે વ્યક્તિ ફિરોઝાની અંગૂઠી પહેરશે કદી મોહતાજ નહીં થાય. હસન બિન અલી ઇબ્ને મહરાનથી નકલ છે કે હું હઝરત ઇમામ મુસા કાઝિમ(અલ.)ની ખિદમતમાં પહોંચ્યો. મેં હઝરતની મુબારક આંગળીમાં એક અંગૂઠી જોઇ તેમાં ફિરોઝો હતો. કોતરેલું હતું "લિલ્લાહિલ મુલ્ક" હું તે તરફ વારંવાર જોતો હતો. અહીં સુધી કે હઝરતે ફરમાવ્યું: શું જુએ છે? મેં વિનંતી કરી કે જનાબ અમીરૂલ મોઅમેનીન(અલ.)ની અંગૂઠીમાં પણ ફિરોઝો હતો. તેમાં પણ આજ કોતરેલું હતું. ફરમાવ્યું તું તેને ઓળખે છે? મેં અરજ કરી ના. ફરમાવ્યું: આ તે જ

અંગૂઠી છે. આ નગીનો જનાબ જિબ્રઇલે અમીને પેગંબરે ઇસ્લામ(સલ.)ના માટે જન્નતથી હદીયો લાવ્યા હતા. આ અંગૂઠી રસુલુલ્લાહ(સલ.)એ હઝરત અમીરૂલ મોઅમેનીન(અલ.)ને તોહફો આપી હતી. અહીં સુધી કે તે દરજા બ દરજા અહીં સુધી પહુંચી.

હઝરત અમીરૂલ મોઅમેનીન ઇમામ અલી ઇબ્ને અબી તાલિબ(અલ.)એ ફરમાવ્યું: જઝએ યમાનીની અંગૂઠી પહેર્યા કરો. શયાતીનના મકરો-ફરેબથી તમારો બચાવ થશે. આપણા આઠમાં ઇમામ જનાબ અલી રઝા(અલ.)ની રિવાયત છે કે હઝરત અમીરૂલ મોઅમેનીન ઇમામ અલી ઇબ્ને અબી તાલિબ(અલ.)એ ફરમાવ્યું:

એક દિવસ પેગંબરે ઇસ્લામ હઝરત મોહંમદ(સલ.) જઝએ યમાનીની અંગૂઠી પહેરીને

બયતુશ શરફની (ઇઝ્ઝતવાળું ઘર-ઘરમાંથી) બહાર તશરીફ લાવ્યા. પછી અમારી સાથે નમાઝ પઢી. જ્યારે નમાઝથી પરવાર્યા તો તે અંગૂઠી મને આપી. ફરમાવ્યું: આને જમણા હાથમાં પહેરીને નમાઝ પઢા કરો. કે જઝએ યમાનીની સાથે પઢેલી નમાઝ સિત્તેર નમાઝો બરાબર છે. આ નગીનો તસબીહ અને ઇસ્તિગફાર પઢે છે. તેનો સવાબ અંગૂઠી પહેરનારના માટે લખાય છે.

અલી ઇબ્ને મોહંમદ કહે છે કે મેં જઅફર ઇબ્ને મોહંમદની પુત્રી સાથે શાદી કરી. મને મારી પત્ની સાથે ખૂબજ મોહબ્બત હતી. પરંતુ અમારે અવલાદ થતી ન હતી. એક દિવસ ઇમામ અલી નકી(અલ.) અમારા દસમા ઇમામની સેવામાં હાજર થઇને મેં મારી ગરઝ-મતલબ પેશ કરી. હઝરત

મારી વાત સાંભળીને મુસ્કુરાયા. પછી ઇરશાદ ફરમાવ્યો કે ફિરોઝાની અંગૂઠી લે. અને તેના ઉપર.

رَبِّ لَا تَذَرۡنِیۡ فَرۡدًا وَّ اَنۡتَ خَیۡرُ الۡوٰرِثِیۡنَ ﴿۸۹﴾

રબ્બે લાતઝરની ફરદંવ વઅન્ત ખયરૂલ વારેષીન.

(સૂ. અંબિયા, આ.૮૯)

કોતરાવી લે મેં હઝરતના હુકમ ઉપર તરતજ અમલ કર્યો એક જ વર્ષની અંદર અંદર અમારે ત્યાં પુત્રનો જન્મ થયો.

હઝરત રસૂલે ખુદા(સલ.)એ ફરમાવ્યું: કે પરવરદિગારે આલમ ઇરશાદ ફરમાવે છે કે જેના હાથમાં અકીક અને ફિરોઝાની અંગૂઠી હોય અને તે વ્યક્તિ મારી સમક્ષ દુઆ માટે હાથ ફેલાવે, મને તેનાથી શરમ આવે છે. જેથી હું તે હાથોને

નાઉમ્મીદ નથી કરતો. મતલબ તેની દુઆ કબુલ કરૂં છું.

# (૧૫) દુર્રે નજફ, બિલ્લૂર્, હદીદે ચીની અને અન્ય નગીનાઓની ફઝીલત

વિશ્વાસપાત્ર રિવાયતોના આધારે ઉપરોક્ત ત્રણે નગીનાઓની ફઝીલત જાણવા મળે છે. મુફઝ્ઝલ ઇબ્ને અમ્રથી રિવાયત છે કે હું એક દિવસ હઝરત ઇમામ જઅફર સાદિક(અલ.)ની ખિદમતમાં દુર્રે નજફની અંગૂઠી પહેરીને ગયો. તો આપે દુર્રે નજફ જોઇને ફરમાવ્યું: અય મુફઝ્ઝલ! એને જોવાથી મોમિન અને મોમિનાતને ખુશી પ્રાપ્ત થાય છે. અને એને જોવાથી આંખોનું દર્દ દૂર થાય છે.

અય મુફઝ્ઝલ! દરેક મોમિન માટે હું આ પસંદ કરૂં છું કે પાંચ અંગૂઠીઓ પોતાની પાસે રાખે.

**(૧) યાકૂત** : તે સૌથી ઉમદા છે.

(૨) **અકીકે ઝર્દ** : તે ખુદાએ તઆલા અને અમે એહલેબયતના માટે ખુલૂસ રાખવાવાળો નગીનો છે.

(૩) **ફિરોઝા** : જે આંખોને શક્તિ પુરી પાડે છે. સીનાને મજ્બૂત અને વિશાળ બનાવે છે. દિલને શક્તિ પુરી પાડે છે. મતલબ હિંમત આપે છે. મોમિન બંદો જ્યારે કોઇ કામે જાય તો એને પહેરીને જાય તો તેની હાજત પુરી થઇ જાય છે.

(૪) **હદીદે ચીની** : બેહતર નગીનો છે. પરંતુ હું આ વાતને પસંદ નથી કરતો કે તેને દરેક સમયે પહેરી રાખે. જો કોઇ વ્યક્તિના ફસાદથી ડરતો હોય અને તેની મુલાકાતે જાય ત્યારે એને પહેરીને જાય. તેના ફિત્ના શરથી રક્ષિત રહેશે. કારણકે હદીદે ચીની શયતાનને દૂર કરે છે. એટલા માટે શયતાન સિફત-નુકશાન પહોંચાડનાર એવી વ્યક્તિઓ પાસે જતી વખતે ચીની પહેરે. પછી કાઢી નાખે.

**(૫) દૂર્રે નજફ :** ખુદાએ આ મુબારક પથ્થરને નજફે અશરફમાં પેદા કર્યો છે. આ મુબારક નગીના પર પડતી દરેક દૃષ્ટિના બદલામાં હજ અને ઉમરહ જેવો સવાબ લખે છે. એનો સવાબ અંબિયા અને સાલેહીનના ચેહરાને જોવા બરાબર છે.

જો અલ્લાહતઆલા અમારા દોસ્તો ઉપર રહેમ ન કરત તો એનો એક નગીનો મોટી મોટી કિંમત ચુકવવાથી જ મળી શકત. પરંતુ અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતે એહલેબયતના ચાહકો માટે આ નગીનાને સસ્તા બનાવી દીધા છે. જેથી અમીર અને ગરીબ બધા જ પહેરી શકે.

અબુ તાહિરનું વર્ણન છે કે મેં આ હદીસને હઝરત ઇમામ હસન અસ્કરી(અલ.) અમારા અગિયારમાં ઇમામની ખિદમતમાં પેશ કરી. તો આપે ઇરશાદ ફરમાવ્યોઃ આ હદીસ મારા જદ્દે

અમજદ (પૂર્વજ, અમારા બુઝુર્ગ, પૂર્વજો) જનાબ ઇમામ જઅફરે સાદિક(અલ.)ની છે. મેં વિનંતી કરી કે તો પછી આપ તો લાલ અકીકથી વધુ બેહતર કોઇને નથી માનતા. ફરમાવ્યું હા, તેની ફઝીલત વધારે છે. મારા વાલિદ બુઝુર્ગવારે મને ખબર આપી છે કે અવ્વલ નગીનો જે હઝરત આદમ(અલ.)એ પહેર્યો તે અકીક હતો. હઝરત આદમ(અલ.)એ અર્શે અઅલાની ઉપર નૂરથી આ પ્રમાણેનું લખાણ જોયું હતું.

અનલ્લાહો લાએલાહા ઇલ્લા અના વહદી વ મોહંમદુન સફવતી મિન ખલકી અય્યદતોહુ બે અખીહે અલીય્યિન વ નસરતોહુ બેહી વ બેફાતેમત વલ હસને વલ હુસૈન.

હું ખુદા છું. મારા સિવાય કોઇ મઅબુદ-યકતા નથી અને મોહંમદ(સલ.) મારી મખ્લૂકમાંથી

મારા બરગુઝીદહ છે. જેમની મદદ અને નુસરત મેં અલી અને ફાતેમા અને હસન અને હુસૈનના દ્વારા (ઝરીયાથી) કરી છે.

જ્યારે હઝરત આદમ(અલ.)થી તર્કે અવલા થયું જે ફળ ખાઇ લીધું જેથી જમીન ઉપર મોકલવામાં આવ્યા ત્યારે ઉપરોક્ત નામોના તુફૈલ અને સદકામાં હઝરત આદમ(અલ.)એ ખુદા પાસે દુઆ માંગી હતી. અને ખુદાતઆલાએ દુઆ કબૂલ કરી. ત્યારે હઝરત આદમ(અલ.)એ ચાંદીની અંગૂઠી બનાવી. તેમાં અકીકે સુર્ખનો નગીનો મુકાવ્યો. જે નગીનામાં ઉપરોક્ત મુબારક નામો ‘‘મોહંમદ, અલી, ફાતેમા, હસન, હુસૈન" કોતરાવેલ હતાં. જે અંગૂઠી આપે જમણા હાથમાં પહેરી હતી. જેથી આ સુન્નત સ્થાપિત થઇ ગઇ. વળી ઔલાદે આદમ(અલ.)માં

જેટલા પરહેઝગારો છે. બધા જ એના ઉપર અમલ કરે છે. મતલબ અંગૂઠી પહેરે છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક(અલ.)થી રિવાયત છે. કે બિલ્લૂરનો નગીનો ઘણો સારો છે. જે ઘણો જ સાફ અને ચકચકિત પથ્થર હોય છે. જેનો બિલ્લૂર ઉચ્ચાર પણ કરવામાં આવે છે. તેજસ્વી મણિ-પથ્થર.

અંગૂઠી જો સંજોગવસાત કે વધારાની અંગૂઠી તરીકે ડાબા હાથમાં પહેરી હોય તો ઇસ્તિન્જા-પેશાબ પાખાને જતાં અગાઉ બહારથી તેને જમણા હાથમાં કરી લે. અથવા કાઢી નાખી પછી ફારિગ થઇ પહેરી લે. આ ધ્યાન ખૂબ જરૂરી છે.

(અલ્લામા મોહંમદ બાકિર મજલિસી અલયહિર્રહમાની તેહઝીબુલ ઇસ્લામ કિતાબમાંથી)

વહાલા વાંચકો!

હજી તો આ વિષયમાં મકબુલ પથ્થરોની ફઝીલતોમાં ઘણી બધી બાબતો બાકી છે. દુઆ કરો અલ્લાહ મને સમય અને શક્તિ આપે. જેથી આ વિષયમાં એક નાની પુસ્તિકા તૈયાર કરીશ. તેની કિતાબ એટલી સુંદર હશે કે વાંચકો ઘણા શોખથી વાંચશે અને અમલ પણ કરશે.

# (૧૬) કોઈપણ પ્રકારના ત્રાસવાદનો ઇસ્લામ સખત વિરોધી છે.

પ્રથમ તો આપણે ત્રાસવાદનો સીધો સાદો અર્થ સમજીએ. “ત્રાસ" અને “વાદ" ભયભીત બનાવનારાં, ત્રાસ ફેલાવનારાં પરિબળોનો વાદ એટલે ત્રાસવાદ.

આ દુનિયામાં અનેક વિચારસરણીઓ પ્રચલિત છે. મૂડીવાદ, સામ્યવાદ, લોકતંત્રવાદ, ઉમરાવવાદ, ધર્મવાદ, કોમવાદ, પ્રાંતવાદ વગેરે. આ વાદો સાથે સંમત ન થનારા પોતાને અનુરૂપ હોય તેવો વાદ પસંદ કરી લે છે.

માનવીની વિચારશક્તિ એક એવું પરિબળ છે જે માનવીને અન્ય પ્રાણીઓથી જુદું પાડે છે. માનવી પોતાના વિચારોની અભિવ્યક્તિ કરી શકે છે. આ જ વિચારોમાંથી વાદનું સર્જન થાય છે. કોઇ

પણ વિચારસરણીની તંદુરસ્ત ટીકા, સ્પર્ધા, વિરોધ અને સમર્થન માનવ સભ્યતાની વિકાસયાત્રા છે, જેના દ્વારા માનવ સમાજ જીવંત રહે છે. ઉપરોક્ત વિચારસરણીઓમાં વિચારોની સામેનો ઉત્તર માનવી વિચારોથી આપે છે. દૃષ્ટાંતરૂપ કોઇ લોકતંત્રવાદ-લોકશાહીના વિચારો રજૂ કરે છે, તો તેના જવાબરૂપે બીજો સામ્યવાદને રજૂ કરે છે. મતલબ માનવી જેમાં હિંસાનો માર્ગ અપનાવતો નથી.

જ્યારે આવા કોઇ પણ વાદના પ્રતિકાર માટે વિચારોનો આશ્રય લેવાને બદલે હિંસાખોરી આચરી ઘાતક હથિયાર ઉગામવામાં આવે ત્યારે તે ત્રાસવાદનું રૂપ ઇખ્તિયાર કરે છે. દૃષ્ટાંતરૂપે પાકિસ્તાનમાં શીયા-સુન્ની બંને વિચારસરણીઓ વરસોથી પોતપોતાના વિચારો રજૂ કરતી આવી છે. આ વિષયમાં સેંકડોની સંખ્યામાં કિતાબો પણ

લખાઇ ચૂકી છે. ત્યાં સુન્ની બહુમતી છે. હુકૂમત પણ સુન્ની છે. તેથી જ્યારે દલીલની બુન્યાદ ઉપર બહુમતી પરાસ્ત થઇ જાય છે, ત્યારે લઘુમતી ઉપર ઘાતક શસ્ત્રો દ્વારા હુમલાઓ કરે છે. આ રીતે લઘુમતીને ત્રાસ આપે છે. ભારત અને પાકિસ્તાન આઝાદ થયા ત્યારે કાશ્મીર રાજ્ય ભારત સાથે જોડાયું. પરંતુ પાકિસ્તાને પણ કાશ્મીર ઉપર પોતાનો દાવો ચાલુ રાખી પાકિસ્તાન ભારત સાથે ત્રણ ત્રણ યુદ્ધો લડયું. આ ત્રણે યુદ્ધોમાં તેને હારનો સામનો કરવો પડયો. જેથી ભારતને પરેશાન કરવાનો નવો તરીકો તેણે શોધી કાઢયો, ત્રાસવાદ દ્વારા ભારતને સતત પરેશાન કરવું, ખુનામરકી કરવી. હિંસાખોરીનું માનવ સંહારરૂપી પરિણામ ત્રાસવાદનું નામ ધારણ કરે છે. પોતાની વિચારધારાને તાબે થવા માટેનો આ વિઘાતક રાહ

દુનિયાના અસ્તિત્વથી ચાલ્યો આવે છે. દુનિયાની દરેક બહુમતી પછી તે મુસલમાનો કેમ ન હોય લઘુમતી ઉપર ત્રાસવાદ કરતી આવી છે. જો કે ઇસ્લામમાં ત્રાસવાદને કોઇ સ્થાન નથી. ન તો કુર્આન ત્રાસવાદને પ્રોત્સાહન આપે છે કે ન તો હદીસમાં પયગંબરે ઇસ્લામ(સલ.)નું કોઇ ફરમાન ત્રાસવાદ તરફ પ્રેરણા આપે છે. છતાંય કહેવાતા મુસલમાનો અલ્લાહ અને રસૂલના ફરમાનનો દ્રોહ કરીને ત્રાસવાદ આચરે છે.

કરબલામાં ઇમામ હુસૈન(અલ.)ની પોતાના કટુંબ અને દોસ્ત, અહબાબ સાથેની શહાદત પણ શું છે? યઝીદ પલીદનો ત્રાસવાદ છે. યઝીદ પલીદ પોતાના વિચારો ઇમામ હુસૈન(અલ.) ઉપર બળજબરીથી લાદવા માંગતો હતો. આ નાપાક જાલિમે તે સમયના મુસલમાનો ઉપર પોતાના

વિચારો પ્રાસ્થાપિત કરી દીધા હતા. તેની સામે ઇમામ હુસૈન(અલ.)એ કુર્આન અને સુન્નતના વિચારો રજૂ કર્યા. યઝીદ કુર્આન અને સુન્નતનો ઇન્કારી હતો.

રાષ્ટ્રીય સ્તરે અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ વિચારધારાઓના કારણે ઉદ્‌ભવતા વાદનો સમન્વય કરવા, સમાધાન શોધવા અને બહુમતીથી કે સર્વાનુમતીથી માન્ય ઉકેલ શોધવાની વ્યવસ્થા અસ્તિત્વ ધરાવે છે. પરંતુ આવી સમાધાનકારી નીતિ-રીતિનો આશરો લેવાને બદલે જ્યારે કોઇ સમૂહ કે રાષ્ટ્ર ત્રાસનો આશરો લે છે ત્યારે ત્રાસવાદ ઉદ્‌ભવે છે.

છેલ્લા ત્રણસો વર્ષોનો ઇતિહાસ જોશો તો જણાશે કે અફઘાનિસ્તાનના કટ્ટરપંથી શાસકો તાલિબાનના આશ્રયે રહેલો ઓસામા બિન લાદેનનો

કટ્ટરવાદ અને ત્રાસવાદ એતો ઇતિહાસના પાનાની નીચે લખાતી ફૂટનોટથી વિશેષ નથી. ઓસામાનો ત્રાસવાદ કે કટ્ટરવાદ તો સમંદરની સામે પાણીનું એક ટીપું-બિંદુ છે. છતાંય અમે એના સખત વિરોધી છીએ.

પશ્ચિમના દેશોનું પૂર્વ ઉપરનું આક્રમણ જેના પરિપાકરૂપે આપણા દેશમાં ઇ.સ. ૧૭૫૭માં લડાયેલું પ્લાસીનું યુદ્ધ, તે પછી ઇ.સ. ૧૮૫૭નો બળવો, અને ત્યારબાદ ઇ.સ. ૧૯૪૭માં આપણને આઝાદી મળી તે અગાઉના ૧૦૦ વર્ષનો ઇતિહાસ માનવીના લોહીની નદીઓ વહી હોવાના જીવંત પુરાવા છે. જે યુરોપનો ત્રાસવાદ હતો.

પશ્ચિમના દેશોનાં આ આક્રમણો અગાઉ તુર્કો, અફઘાનો અને મોગલ શાસકોએ સર્જેલી ખૂનરેજી પણ કંઇ ઓછી ન હતી.

રશિયાનો સામ્યવાદ પણ નરસંહારથી ભરપૂર છે. ખુદ ઇંગ્લેન્ડમાં રાજા જ્હોન પાસેથી નાગરિકોએ મેગ્નાકાર્ટારૂપે મેળવેલા અધિકાર પૂર્વે પ્રજા અને રાજાઓ વચ્ચે, અમીર ઉમરાવો અને પ્રજા વચ્ચે થયેલો ટકરાવ અને રાજાઓ તથા અમીર ઉમરાવોના દમન અને અત્યાચારનો શિકાર બનેલી પ્રજા, જેમાં અનેક માનવીઓની કતલ થઇ હતી, આ શાસકોનો ત્રાસવાદ હતો.

ઇંગ્લેન્ડ સામે ગુલામી પ્રથાની નાબૂદી માટે પણ લોહીયાળ યુદ્ધો ખેલાયાં છે. પાછલી વીસમી સદીના ઇતિહાસમાં પ્રથમ વિશ્વયુદ્ધ હોય કે નાઝીવાદના કારણે થયેલી લાખો લોકોની કત્લેઆમ અને તેમાંથી છેડાયેલું બીજું વિશ્વયુદ્ધ જેમાં લાખો નિર્દોષ લોકોનાં લોહી રેડાયાં છે. આ પણ ત્રાસવાદનો એક પ્રકાર જ ગણાશે.

મિસ્ટર બુશ હંમેશા ટી.વી. ઉપર ઓસામા બિન લાદેનના ત્રાસવાદના પ્રશ્ને નસકોરાં ફુલાવતા દેખાય છે. પરંતુ સ્વયં પોતે આચરેલા, પોતાના દેશે આચરેલા ત્રાસવાદના ઇતિહાસ તરફથી મોં ફેરવતા દેખાય છે.

જાપાનના નાગાસાકી-હિરોશીમા પર અમેરિકાએ ફેંકેલા અણુંબોંબમાં બે લાખ લોકોનાં મોત નિપજાવવાની બાબત પણ ત્રાસવાદ જ ગણાયો હતો. પ્રજાનો શું દોષ હતો? પ્રજા ઉપર શા માટે બોંબ ફેંકવામાં આવ્યા? શું આ ત્રાસવાદ નહીં ગણાય? એને દયાવાદ કહેશો?

સર્વોપરી સત્તા સ્થાપવા માટે અમેરિકા અને રશિયાના દમનનો ભોગ બનનારાં અનેક નાના રાષ્ટ્રો અને ત્યાંના લોકો આ બંને મહાસત્તાના ત્રાસનો ભોગ બન્યા છે.

અમેરિકાનું વિયેટનામ સામેનું યુદ્ધ, રશિયાનું અફઘાનિસ્તાન સામેનું યુદ્ધ અને પોતાના યુરોપીય ખુદાઓની મદદ અને હુકમથી ચગી જઇ ઇરાકના નાપાક સદ્દામનું સરમુખ્તાયારનું નિર્દોષ ઇરાન ઉપરનું આક્રમણ પણ નર્યો ત્રાસવાદ જ ગણાશે. આ બધાં જ યુદ્ધો માનવજાત ઉપરના ત્રાસવાદની જ ઝાંખી કરાવે છે.

# (૧૭) ઇસ્લામ વિરૂધ્ધ યુરોપનો ત્રાસવાદ

મુસલમાનો ઇસ્લામનો અભ્યાસ કરે તેના કરતાંય ઇસ્લામનો વધુ અભ્યાસ યુરોપે કરેલો છે. અમેરિકાએ તો કુરઆન ઉપર ખાસ પ્રકારની રિસર્ચ કરેલી છે. વિશ્વના તમામ દેશો પાસે તેની બહુમતિ પ્રજાઓ પાસે જે ઇસ્લામ છે તે અર્ધસત્ય છે અથવા સત્ય અસત્યનું મિશ્રણ છે. યુરોપના રાષ્ટ્રોની, તેમાંય ખાસ તો બ્રિટન અને અમેરિકા તથા કેનેડાની ઇરાન પ્રત્યેની દુશ્મની એ તેઓના ઇસ્લામના અધકચરા અભ્યાસનો બોલતો પુરાવો છે. ઇરાન સાથેનો વ્યવહાર કાપી નાખવો, ઇરાનને એકલું અટૂલું પાડવા કોશિશ કરવી, આ પણ ઇસ્લામ વિરૂદ્ધ યુરોપનો ત્રાસવાદ છે.

સત્તા પરિવર્તન તો ઇરાનમાં થયું. તે પણ ઇ.સ. ૧૯૭૯ની સાલમાં થયું. શાહ પહેલવી હલાક થયો તેના સ્થાને કુર્આન અને સુન્નત મુજબની લોકશાહી તંત્ર વ્યવસ્થા અસ્તિત્વમાં આવી. ત્યારથી અમેરિકાના બધા જ પ્રમુખોના પેટોમાં તેલ રેડાયું છે. યુરોપના આ જ દેશોએ ઇરાનના ઇસ્લામી ઇન્કિલાબને પછાડવા પોતાનો પાળેલો કૂતરો એવા ઇરાકના ઝાલિમ શાસક સદ્દામને બધા જ પ્રકારની મદદ કરી ઇરાનની સામે આઠ આઠ વર્ષ લડાવ્યો. સદ્દામ થાકી ગયો, અમેરિકાને નિરાશા થઇ. અલ્લાહે ઇરાનને ફૂલતું ફાલતું સુખી અને કામિયાબ રાખ્યું. આ પણ ખુદાના મોઅજિઝાઓમાંથી એક મોઅજીઝો છે. ઇરાકની સાથેબીજા પચ્ચીસ દેશોની શક્તિ હતી. બુદ્ધિશાળીઓ માટે નિશાની રૂપ છે.

વિશ્વના બધા જ મુસ્લિમ દેશો આજે અમેરિકાની માનસિક ગુલામીમાં જીવે છે. ઇસ્લામી ઇન્કિલાબ પછી ઇરાન અમેરિકાની માનસિક ગુલામીમાંથી આઝાદ થઇ ગયું છે. જેથી તેને દબાવવા-ડરાવવા અમેરિકાએ આવા બાયકોટ પ્રકારના ત્રાસવાદનો આશરો લીધો. પ્રથમ પરોક્ષ રીતે બીજા પાસે યુદ્ધ કરાવ્યું. પછી બાયકોટનો આશરો લીધો. હવે સીધું આક્રમણ કરવાની વાતો કરે છે. મતલબ આ છે કે ઇરાન અમેરિકાની માનસિક અને રાજકીય ગુલામીમાંથી આઝાદ થઇ ગયું છે. ઇસ્લામ કોઇની પણ માનસિક ગુલામી સ્વીકારતો નથી. અલ્લાહે ઇન્સાનને આઝાદ પેદા કરેલો છે. તેને નેકી અને ભલાઇ સાથે આઝાદ જીવવાનો હક છે જેથી ઇરાનને દબાવવા આવા પ્રકારના ત્રાસવાદનો અમેરિકા આશરો લઇ રહ્યું છે.

# (૧૮) અમેરિકાનું હરામનું સંતાન-ઇઝરાઇલ

કિબ્લએ અવ્વલ બયતુલ મુકદ્દસ અને લેબનાન તથા ફલસ્તીન(પેલેસ્ટાઇન)ની મઝલૂમ પ્રજાઓ ઉપર અમેરિકાના હરામના સંતાન ઇઝરાઇલનો ત્રાસ કંઇ ઓછો ત્રાસ નથી. ફલસ્તીનની ભૂમિ એક પવિત્ર ભૂમિ છે, નબીઓની ભૂમિ છે. પોતાના વતન-ફલસ્તીન ઉપર અરબોને બળજબરીથી દબાયેલા રાખવા, તેમના નાગરિક હકો છીનવી લેવા, આ માટે ઇઝરાઇલને પ્યાદું બનાવી આગળ રાખી, પાછલે બારણે અમેરિકા જે ભાગ ભજવે છે, આ ત્રાસવાદ વિશ્વનો મોટામાં મોટો ત્રાસવાદ છે.

ભારતના માટે ત્રાસવાદ એટલે કાશ્મીર મુદ્દે કેટલાંક આતંકવાદી ઝાલિમ સંગઠનો દ્વારા ઘુસણખોરી કરી ભારતીય શાંત પ્રજાને હેરાન પરેશાન કરી, નિર્દોષ નાગરિકોનું નાહક લોહી વહાવવું, સ્ત્રીઓને વિધવા બનાવવી, બાળકોને યતીમ-અનાથ બનાવવાં. આનાથી વધુ નિંદનીય કૃત્ય બીજું કોઇ હોઇ શકે ખરૂં? મુસ્લિમ નામધારી સંગઠનો, મુસ્લિમ નામધારી વ્યક્તિઓ દ્વારા કાશ્મીરમાં અને સમગ્ર દેશમાં આવાં છૂટાંછવાયાં આક્રમણો કરાવે છે તે ઉઘાડો ઝુલમ છે, અત્યાચાર છે, બલ્કે આવાં નાપાક સંગઠનો, ઇસ્લામની તૌહીન કરી રહ્યાં છે. આ રીતે આવા નાપાક લોકો ઇસ્લામની બેઇજ્જતી કરી રહ્યા છે. ઇસ્લામની નિંદા થાય છે. લોકો ઇસ્લામનો તિરસ્કાર કરે છે. શું પયગમ્બરે ઇસ્લામની શરીઅતમાં, આવા બોમ્બ

બ્લાસ્ટ કરવા કે આવાં ઘાતક હથિયારો વડે હુમલા કરી ધર્મના નામે હત્યા કરવી જાઇઝ છે? આ ધરતી અલ્લાહની છે. તેમાં, તેના ઉપર કોઇ પણ ધર્મની વ્યક્તિને જીવવાનો અધિકાર છે.

અમે આવા મુસ્લિમ નામધારી સંગઠનો કે જેઓ ધર્મના નામે હિંદુ બિરાદરોની હત્યા કરે છે, તેમનાથી અમારી બેઝારી વ્યક્ત કરીએ છીએ. અમે આવા લોકોથી નફરત કરીએ છીએ. આવા મુસ્લિમ નામધારી તત્વો અગર આ દેશનાં હોય કે અન્ય કોઇ પણ દેશના હોય, તેઓને સખતમાં સખત સજાના અમે આગ્રહી છીએ. આ તો ઇસ્લામનો કાયદો છે.

અલ્લાહ તે તમામ મઝલૂમ લોકોની મદદ કરે, તેમને સબર આપે, હિંમત આપે. પછી તે લોકો કે જેઓ મઝલૂમ છે (ભલેને તે) હિંદુ હોય,

મુસલમાન હોય કે કોઇ પણ ધર્મના હોય, તે ઇન્સાનો છે. ઇન્સાનને મઝલૂમની પડખે રહેવાનો હુકમ કુરઆનનો છે. મઝલૂમ વ્યક્તિને મદદ કરવી, તેનો ધર્મ જોયા જાણ્યા વગર તેના માટે કંઇ ન થઇ શકતું હોય તો દુઆઓ કરવી,આપણી ફરજ છે, માનવધર્મ છે. અલ્લાહનો હુકમ છે, તમામ નબીઓનો તરીકો છે, ઇમામોનો અમલ છે.

ત્રાસવાદ, રાજકીય, ફિલોસોફિકલ, આઇડિયોલોજીકલ, ઝાતીય, વંશીય, ધાર્મિક અથવા એવા કોઇપણ પ્રકારની વિચારધારા માટે આચરવામાં આવે, ભય ફેલાવવામાં આવે, ઇસ્લામ એનો સખત વિરોધી છે.

ઉપરોક્ત કોઇ પણ પ્રકારનો ત્રાસવાદ આચરનારા ઝાલિમો પોતાને શહીદોમાં કે શૂરવીરોમાં ખપાવે છે, તે સદંતર ખોટું છે. એમના

ત્રાસવાદનો ભોગ બનનારા હજારો નિર્દોષ અનાથ બાળકો અને વિધવા સ્ત્રીઓનું આક્રંદ-રૂદન આવા અત્યાચારીઓ માટે શ્રાપરૂપ છે. એક વાત યાદ રાખો, બીજાને દુઃખી કરીને તમે સુખી થઇ શકતા નથી.

આપણે વિશ્વની તમામ પ્રજાઓને આ વાત સમજાવવી પડશે કે રસુલુલ્લાહ(સલ.)ના જમાનાની જંગો જ ફક્ત ઇસ્લામી જંગો હતી, જે રક્ષણાત્મક જંગો હતી. ત્યાર પછીના શાસકોએ, ખલીફાઓ, બાદશાહો, સુલતાનોએ લડેલ આક્રમણખોર જંગો ઇસ્લામી જેહાદ ગણાશે નહીં. કારણકે ફક્ત પયગમ્બરે ઇસ્લામ જ અલ્લાહના પ્રતિનિધિ હતા. ખલીફાઓ કે સુલતાનોની બાદશાહોની જંગો વિસ્તારવાદી જંગો હતી જેને ઇસ્લામ સાથે લેવા-દેવા નથી.

સઉદી અરબ અને અરબ અમીરાતના દેશોમાં રાજ્ય કરતા અરબી શાસકો તો ખેતરમાં ખેડુતે પાક સાચવવા બનાવેલા ચાડિયા જેવા છે. ફક્ત ઇરાનને બાદ કરતાં બધા જ મુસ્લિમ દેશોઉપર અમેરિકાનું શાસન છે. બધાજ મુસ્લિમ દેશો અમેરિકાની માનસિક સામાજિક અને રાજકીય ગુલામીમાં જીવે છે. તેમના ઉપર આડકતરી રીતે અમેરિકા રાજ કરે છે. અમેરિકા ઇચ્છે ત્યારે આ શાસકોને હટાવી શકે છે. ત્યાં લશ્કરી બળવો કરાવી શકે છે. અમેરિકાના નોકર એવા આ અરબ શાસકો જરાય વાંકા ચાલે તો અમેરિકા તેમનો ખાતેમો બોલાવી શકે છે. વળી ત્યાંના આલિમોના મતને પણ પ્રાધાન્ય આપી શકાય નહિ. કોઇપણ વૈશ્વિક પ્રશ્ન બાબત અરબ શાસકોએ કેવો મત લેવો તે બાબત અમેરિકા પ્રથમ તેઓને સમજાવે છે. પછી

હુકમ કરે છે. આ હુકમ પ્રમાણે ત્યાંના મુફતી સાહેબો પાસે ફતવા કઢાવે છે. બિચારા ગણાતા આ આલિમો આઝાદ નથી. બલકે હુકુમતના ગુલામ છે. જેથી કોઇ પણ પ્રશ્ને તેમના મતને મહત્વ આપી શકાશે નહિ.

ગત ઓગષ્ટ-સપ્ટેમ્બર ૨૦૦૬માં ઇસરાઇલે લબનાન ઉપર આક્રમણ કર્યું. ઇઝરાઇલને ફલસ્તીનની જેમ લબનાન જેવા એક નાનકડા દેશને પણ પચાવી પાડવું હતું. જ્યાં ઇસાઇ, શીયા અને સુન્ની ત્રણેની ભેગી આબાદી છે. ત્રણે ભેગી સરકાર પણ છે. રૂહાનિયત શું છે? આપણે રૂહાનિયતને સમજીએ. જ્યાં શીયા બિરાદરીની પાર્ટીનું નામ ‘‘હિઝબુલ્લાહ'' છે. એટલે કે અલ્લાહની પાર્ટી. ઇઝરાઇલનો હુમલો એટલે અમેરિકાનો હુમલો. આ હુમલો ખારવાની રોકવાની લબનાનની

કોઇ શક્તિ ન હતી. એની પાસે લશ્કર પણ કેટલું? ઇઝરાઇલ અને હિઝબુલ્લાહ વચ્ચે પૂરા ૩૩ દિવસ જંગ ચાલી. લબનાનનું લશ્કર તો લડવા પણ આવ્યું ન હતું. વિશ્વભરના ટેલિવિઝન કેમેરાઓમાં અબજો ઇન્સાનોએ આ જંગને પોતાની આંખોએ જોઇ છે.

હિઝબુલ્લાહે એટલો બહાદુરીપૂર્વક મુકાબલો કર્યો કે યહુદીઓને લબનાનમાં દાખલ થવા ન દીધા. કેટલીક જગ્યાએ આ નાપાક યહુદીઓએ હેલિકોપ્ટરોમાંથી લશ્કર ઉતાર્યું. ત્યાં પણ હિઝબુલ્લાહ પહોંચી જતા અને ઇઝરાઇલને ભાગવા પર મજબુર કરતા. પોતાના ઘણાંબધા હેલિકોપ્ટરો ઇઝરાઇલે ગુમાવ્યાં છે. ઇઝરાઇલ સૈનિકો પણ મરાયા છે. તે સાથે હિઝબુલ્લાહે યહુદી વસ્તીઓ ઉપર મિસાઇલ દાગીને એવા જોરદાર હુમલા કર્યા

કે ઇઝરાઇલને સુલેહ કરવી પડી. અમેરિકાને મોંની ખાવી પડી. અમારી દૃષ્ટિએ આ ઇઝરાઇલની હાર નથી બલકે અમેરિકાની હાર છે. કારણ કે ઇઝરાઇલ અમેરિકાનું હરામનું સંતાન છે.

# (૧૯) લબનાન ઇઝરાઇલ યુધ્ધ અને મુસ્લિમ દેશોની ખામોશી

લબનાન ઉપરના ઇઝરાઇલી આક્રમણ વખતે તમામ મુસ્લિમ દેશોએ (ઇરાનને બાદ કરતાં) ગુનાહિત ખામોશી ઇખ્તિયાર કરી. વળી પડયા પર પાટું(લાત મારવી)ની જેમ હરમૈન શરીફૈન-મક્કા અને મદીનાના વહાબી મુફતીઓ જેમને આપણે બિચારા, કહીએ તો કંઇ ખોટું નથી. તેમણે ફતવો આપી દીધો કે,

"હિઝબુલ્લાહની હિમાયત કરવી હરામ છે."

આ બાબતને શું કહીશું? વહાબીઓનો કીનો-કપટ અને અકીદા પરસ્તી. જેઓ પોતાના ફતવા દ્વારા ઝાલિમ ઇઝરાઇલને પ્રોત્સાહન આપી રહ્યા હતા. બલકે તેમની હિમાયત કરતા હતા.

ઇઝરાઇલના મનોબળને આ વહાબી મુફતીઓ મજબૂત કરતા હતા. બીજી તરફ ઇઝરાઇલ ઉત્તર લબનાન જ્યાં શીયાઓની આબાદી હતી ત્યાં ભયંકર બોંબવર્ષા કરતું હતું. તેઓના મકાનો તૂટતાં હતાં. સ્ત્રીઓ અને બાળકો ચીચીયારો સાથે દમ તોડતાં હતાં.

વિશ્વના મુસ્લિમ દેશોની પ્રજા શીયા-સુન્ની મતભેદોને ભૂલી જવા માંગે છે. એકતા ઇચ્છે છે. પરંતુ પોતાની પેઢીઓ ખોલીને ધર્મના નામે ધતીંગો કરી પોતાનું પેટ ભરતા આ આલિમો તેઓને સાચો રસ્તો બતાવતા નથી. જ્યારે મુસ્લિમ જગતમાં સઉદીના મુફતીનો ઘણો જ ઉગ્ર વિરોધ થયો ત્યારે સઉદી મુફતીઓ બિચારાએ પોતાનો ફતવો બદલ્યો.

“કારણ કે હિઝબુલ્લાહ ઇઝરાઇલ સામે લડે છે. તેથી તેની હિમાયત કરી શકાય છે."

આવા સેંકડો પ્રકારના ઢોંગ દુનિયા બધા જ રાજપુરૂષો જેઓ નેક નથી તેઓ કરતા આવ્યા છે.

# (૨૦) ગુનાહની સજા-અદલે ઇલાહી

નાહક કતલ, ઝુલ્મ અને ઝિનાની સજાઓ અલ્લાહે નક્કી કરી છે.

સહીહ બુખારી અને સહીહ મુસ્લિમ બંનેમાં આ ઘટના નોંધાયેલ છે કે બની મખઝૂમ એક ઘણો જ મોટો અને માલદાર કબીલો હતો. જેઓ ઇમાન પણ લાવ્યા હતા. તે કબીલાની એક સ્ત્રીએ ગુનો કર્યો. તેને હદ લાગુ કરવામાં આવી. તે કબીલાના માણસોના ઇમાનમાં કમજોરી હતી. આ^ર્યમાં ગરકાવ થઇ ગયા. શું અમે આટલા જથ્થામાં, આટલા માલદાર અને ઉચ્ચ ખાનદાનના માલિક છીએ અને અમારા કબીલાની વ્યક્તિને સજા કરવામાં આવે? તેઓએ દોડાદોડી શરૂ કરી. ઝયદના પુત્ર ઇબ્ને ઝયદ નામના સહાબીને રસૂલની પાસે ભલામણ લઇને મોકલ્યા. ઝયદના

પુત્ર રસૂલની ખૂબ જ નજીક હતા. કહ્યું કે આ કબીલાની બેઇઝ્ઝતી થાય છે. હદ લાગુ ન કરવામાં આવે. સજા થાય તો ગઝબ થઇ ગયો. જણાવ્યું કે કોઇપણ રીતે આ હદને રોકી લેવામાં આવે.

આપ(સલ.)એ ફરમાવ્યું “તુ વસીલો બનીને આવ્યો છે, કે હું હુકમે ખુદા ઉપર અમલ ન કરૂં? પાછલી ઉમ્મતો આ જ કારણથી હલાક થઇ છે. તેઓમાં મોટા લોકો ગુનો કરતા તેમને છોડી દેવામાં આવતા, જ્યારે ગરીબોને સજા કરવામાં આવતી. ખુદાની કસમ! જો મારી બેટી ફાતેમા પણ ગુનો કરે તો હું તેને પણ હદ લાગુ કરૂં.

સુન્ની આલિમો આ હદીસ માટે શું કહે છે? આ હદીસ તો અમે બુખારી, મુસ્લિમમાંથી નોંધી છે. જેથી તેમને એતેરાઝ કરવાનો કોઇ મોકો જ ન મળે.

અમારી દૃષ્ટિએ તો ઓસામા બિન લાદેન અને અફઘાનિસ્તાનના વહાબી શાસકો તાલિબાન પણ સદ્દામની નાની આવૃત્તિ જેવા જ છે. સખત સજાને પાત્ર છે. તાલિબાનો ઝાલિમ શાસકો હતા. સ્ત્રીઓ ઉપર ઝુલમ કરતા હતા. યુરોપીય દેશોમાં અફીણ પણ વેચતા હતા. જેઓ મઝહબમાં કટ્ટરપંથી બનીને દીને ખુદાને બદનામ કરનાર અવ્વલ દરજાના જાહિલો છે. તેઓના મતે બિનમુસ્લિમોને જાણે દુનિયામાં રહેવાનો-જીવવાનો અધિકાર જ નથી. તેઓ એવા પ્રકારનું કુર્આન સુન્નતનું ગલત અર્થઘટન કરે છે. આવા લોકો ઇસ્લામને બળજબરી પૂર્વક પડાવવામાં આવતો મઝહબ બનાવી દેવા માંગે છે.

# (૨૧) ખૂંબહા અને કિસાસમાં તમારી જિંદગી છે.

ખૂંબહા એટલે ખુનનો બદલો માલ, જાગીર, જમીન ગમે તે રૂપમાં, કિસાસ-ખૂનનો બદલો ફાંસી. સૂરએ બકરહની ૧૭૯ની આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

અર્થાત : અય બુદ્ધિશાળીઓ! ખૂંબહા અને કિસાસમાં તમારી જિંદગી છે. અને આ હુકમ એટલા માટે છે કે તમે ખૂનરેઝીથી પરહેઝ કરો. કારણ કે જ્યારે દરેક વ્યક્તિને ખ્યાલ રહેશે કે તે જો કોઇને મારી નાખશે, તો તેની સજારૂપ તેની ગરદન ઉડાડી દેવામાં આવશે. આ ડરથી તે બીજાને કતલ કરવાથી બચશે. આ ડરથી બંને જીવતા રહેશે. અલ્લાહ ફરમાવે છે કે અય બુદ્ધિશાળીઓ! ખૂંબહા

અને કિસાસમાં તમારી જિંદગી છે. ખૂંબહા એટલે મરનારના વાલી-વારસોને રાજી કરીને આપવામાં આવતી રકમ, જમીન અન્ય કંઇ પણ.

સૂરએ માએદહમાં આયત નં. ૪૫ માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે

‘‘અમોએ પ્રાણના બદલે પ્રાણ, અને આંખના બદલે આંખ, તથા નાકના બદલે નાક તથા કાનના બદલે કાન અને દાંત ના બદલે દાંત. એવી રીતે દરેક ઝખમનો બદલો હોય એવું તેમને ઉપર તવરેતમાં પણ વાજીબ કરી દીધું હતું. પછી જો કોઇ માફ કરી દે તો તે તેના પોતાના ગુનાહોનો કફફારો(પ્રાયશ્ચિત) બની જશે. અને અલ્લાહે જે કંઇ ઉતાર્યું છે. તે પ્રમાણે ન્યાય ન કરે તો તેઓ ઝાલિમ છે.

# (૨૨) ઇન્સાફ ઇન્સાફ છે. કોઈ ગમે તે ધર્મ પડતો હોય

અલ્લાહ અમૂક વખત ઝાલિમને ઝાલિમથી ટકરાવીને સજા આપે છે.

સુન્ની કિતાબોમાં અનેક ઘટનાઓ છે. એક વખત એક મુસલમાને યહુદીને કતલ કરી નાખ્યો. પેગંબરે ઇસ્લામની કોર્ટમાં આ કેસ દાખલ થયો. સહાબામાંથી અમૂક ટોળું એમ ઇચ્છતું હતું કે મુસલમાનને છોડી દેવામાં આવે. આમેય યહુદીઓ ક્યાં ઓછા ગુનેહગાર છે. તેઓએ પાછલા સમયમાં મુસલમાનોને ખૂબ માર્યા છે, સતાવ્યા છે.

પેગંબરે ઇસ્લામે મુસલમાનને સજા કરી. ફૈંસલો યહુદીના ફેવરમાં આપ્યો. કેટલાક લોકો

નારાજ થયા. પરંતુ આપ(સલ.)એ તેઓની કોઇ પરવા ન કરી.

વિશ્વના તમામ મઝલૂમીન માટે અલ્લાહથી દુઆ કરો પછી આ મઝલૂમો કોઇપણ ધર્મના હોય. મઝલૂમ મઝલૂમ છે. હિંદુ હોય, મુસલમાન હોય કે ઇસાઇ હોય. પછી શીયા-સુન્ની તો એકજ ધર્મને પાળનારા છે.

# (૨૩) મુસલમાનો હંમેશા રાષ્ટ્રવાદી રહ્યા છે ?

હિંદુસ્તાનના હાલના મઝહબી સંગઠનો જેવાં વિશ્વ હિન્દુ પરિષદ, આર.એસ.એસ., બજરંગદળ, મતલબ જેઓને એક જ શબ્દમાં સંઘ-પરિવાર કહેવામાં આવે છે. તેઓ ઘણા વખત આ બાબતનો ઉલ્લેખ કરે છે. તેઓનો આક્ષેપ છે કે મુસલમાનો રાષ્ટ્રવાદી નથી. જો કે આ આક્ષેપ ખોટો છે. મુસલમાનો રાષ્ટ્રવાદી જ છે. બલકે મુસલમાનો હંમેશા રાષ્ટ્રવાદી રહ્યા છે. જે મુસલમાનોમાંથી અમૂક લોકો ભૂલો કરતા હોય છે. પરંતુ ખરેખર તેઓની આ ભૂલ ઉપરોક્ત અર્થમાં નથી હોતી. બિચારા રાષ્ટ્રવાદને સમજતા જ નથી હોતા.

પ્રથમ આપણે આ સમજીએ કે રાષ્ટ્રવાદ શું છે? તે કેટલા પ્રમાણમાં ફાયદાકારક છે. અને કેટલા પ્રમાણમાં નુકસાનકારક છે. રાષ્ટ્રવાદી હોવું એટલે રાષ્ટ્રને પ્રેમ કરવો, વફાદાર રહેવું, રાષ્ટ્રના હિતોનું રક્ષણ કરવું, રાષ્ટ્રના દુશ્મનોથી નફરત કરવી.

હું માનું છું કે ઉપરોક્ત ત્રણ ચાર વાક્યોમાં રાષ્ટ્રવાદનો સંપૂર્ણ અર્થ સમાઇ જાય છે. કેટલાક નાસમજ બેવકૂફ મુસ્લિમ યુવાનો પાકિસ્તાની ક્રિકેટરોની રમત પસંદ કરતા હોય, પાકિસ્તાનીઓ જીતે તો ખુશી મનાવતા હોય, ફટાકડા ફોડતા હોય તો તરત જ આપણા રાષ્ટ્રીય પેપરો તેમને રાષ્ટ્રવાદી ન હવાનું લેબલ લગાવી દે છે. જો કે આવું કરનારા (બે-પાંચ યુવાનો સમગ્ર વસ્તીના પ્રમાણમાં) મહામૂર્ખ છે. જેઓ આવું કૃત્ય કરતા હોય છે. જ્યારે આવા અમૂક યુવાનોની મેં મુલાકાત કરી.

તેમની સાથે આ બાબત ચર્ચા કરી તો મને આશ્ચર્ય થયું. તેઓનો હેતુ આવો નથી. અરાષ્ટ્રવાદ એ રાષ્ટ્ર સાથે બેવફાઇ નથી. સિવાય કે મૂર્ખતા છે. નાસમજ છે. હવે તો અલ્હમ્દોલિલ્લાહ (અલ્લાહનો શુક્ર અદા કરૂં છું.) મુસ્લિમ યુવાનોની આ પ્રવૃત્તિ સદંતર બંધ થઇ ગઇ છે. મુસ્લિમ યુવાનો સમજદાર બની ચૂક્યા છે.

મારી દૃષ્ટિએ બેવફા તો તે લોકો ગણાવા જોઇએ. જેઓ સરકારી ખાતાઓમાં ઉચ્ચોચ્ચ હોદ્દા ધરાવે છે. કારકુની કરે છે. પરંતુ પોતાના મસમોટા પગારોના પ્રમાણમાં ૨૫% પણ કામ કરતા નથી. બલકે લાંચ-રૂશ્વત લે છે. જીભથી તો તેઓ એમ કહે છે કે અમે સાચા રાષ્ટ્રવાદી છીએ. રાષ્ટ્રધ્વજ ફરકાવી દેવો જ ફક્ત રાષ્ટ્રવાદી હોવાની નિશાની નથી.

આવા લાંચિયા અધિકારીઓના મેળાપીપણાંના કારણેજ આતંકવાદીઓ દેશમાં ઘુસી જાય છે. આર.ડી.એક્સ જેવા ખતરનાક પદાર્થો-મોતનો મસાલો દેશમાં ઘુસી જાય છે. જે હજારો દેશવાસીઓની બેગુનાહ મોતનું કારણ બને છે.

રાષ્ટ્રવાદી તે છે જે કદી પણ કોઇ એવું કૃત્ય ન કરે જેના દ્વારા પોતાના દેશબાંધવોને નુકસાન થાય, પ્રમાણિકપણે પોતાની ફરજ બજાવે, દેશના દુશ્મનોનો હાથો ન બને, સાથે દેશના દુશ્મનોથી નફરત કરે.

દેશની રાષ્ટ્રીય સંપતિને સળગાવનારા, નુકસાન પહોંચાડનારા, વફાદારી સાથે ફરજ ન અદા કરનારા અને રૂશ્વતખોર એવા બધા જ લોકો દેશના દુશ્મન ગણાવા જોઇએ. તો જ દેશ સાચો ઉદ્ધાર થશે.

રાષ્ટ્રવાદ વિશે આપણે ઉપરછલ્લી ચર્ચા કરી છે. હવે આપણે આ સમજીએ કે રાષ્ટ્રવાદનો જનેતા કોણ છે? જ્યારે રાષ્ટ્રવાદ સંકોચાતો સંકોચાતો તદ્દન નાના પાયા ઉપર આવે છે, ત્યારે એના કેટલાં નુકસાન છે. રાષ્ટ્રવાદનો જનેતા યુરોપ છે. ફક્ત મારૂં જ રાષ્ટ્ર, ફક્ત મારો જ દેશ, ફક્ત મારૂં જ વતન આ પ્રકારની વિચારધારામાં માનવીય મૂલ્યોનો હ્રાસ થઇ જાય છે. પોતાના દેશના હિતખાતર અન્ય દેશોના માનવીઓનું અહિત થતું હોય, તેમની જાનો જતી હોય તો આવો રાષ્ટ્રવાદ માનવધર્મનો ઘાતક સાબિત થાય છે. આવો રાષ્ટ્રવાદ હરગિજ ઊચિત નથી.

જો હિંદુ બિરાદરો વચ્ચે રામચંદ્રજી કે કૃષ્ણજી બેમાંથી કોઇ પણ હાજર હોત તો તેઓ આપણા દેશના આધ્યાત્મિક નેતા હોત, રૂહાની પેશ્વા

ગણાતા હોત. જેવા કે ઇરાનમાં અત્યારે આયતુલ્લાહ સૈયદ અલી ખામેનાઇ છે. તો તેઓ આવા રાષ્ટ્રવાદને કદીય પસંદ ન કરત.

જ્યારે રાષ્ટ્રવાદ પોતાના વિશાળ અર્થમાં સમગ્ર રાષ્ટ્રના હિત માટે પ્રયોજાય છે. ત્યાં સુધી તો ઠીક છે. બરાબર છે. પરંતુ જ્યારે રાષ્ટ્રવાદ રાજ્યવાદ બની જાય છે ત્યારે તેના બુરા પરિણામો જોવા મળે છે. જે આપણા દેશવાસીઓને જ ભોગવવાં પડે છે. શિવસેનાનું મુંબઇનું ઉદાહરણ આપણી સામે જ છે. મુંબઇમાં બિહારી અને યુ.પી. વાસી ન જોઇએ. કર્ણાટક અને તામિલનાડુનું જ દૃષ્ટાંત જોઇ લો. તામિલનાડુનો પાક સુકાય છે ત્યાં લોકોને પીવાના પાણીની તંગી છે. પરંતુ કર્ણાટક પોતાની પાસે પાણીનો વિપુલ ભંડાર હોવા છતાં આપવા તૈયાર નથી. આ મુદ્દે સરહદ ઉપર બંને

પ્રજાઓ એક જ દેશના રહેવાસીઓ મારવા મરવા તૈયાર થઇ જાય છે. અત્યારે આવી જ પરિસ્થિતિ આસામીઓ બિહારીઓની વિરૂદ્ધ કરી રહ્યા છે. આસામનું ઉલ્ફા સંગઠન કહે છે કે આસામમાં બિહારીઓ ન જોઇએ. સેંકડો બિહારીઓની કતલ થઇ છે. મિલ્કતોની હોળી થઇ રહી છે. આજ રીતે રાષ્ટ્રવાદ સંકોચાતો સંકોચાતો રાજ્યવાદથી મટીને જિલ્લાવાદ, તાલુકાવાદ, ગામવાદ, મહોલ્લાવાદ સુધી પહોંચીને બુરા પરિણામો લાવે છે. આપણે આવા સંકૂચિત પ્રકારના રાષ્ટ્રવાદનો વિરોધ કરવો પડશે. રામચંદ્રજીકે કૃષ્ણજી જો આપણી વચ્ચે અત્યારે હોત તો આનો વિરોધ જ કરત. વિચારો, વિચારો.

મુસ્લિમો હંમેશા રાષ્ટ્રવાદી જ રહ્યા છે અને આજે પણ રાષ્ટ્રવાદી જ છે. સરહદ પારથી જે

આતંકવાદનો ખેલ પાકિસ્તાન ખેલી રહ્યું છે તેને ભારતના મુસ્લિમો સાથે કોઇ જ સંબંધ નથી. સરહદ નજીકના આંગળીના વેઢે ગણાય એવા યુવાનો પૈસાની લાલચમાં કે ભૂખમરો અને ગરીબાઇ મિટાવવા કે બળજબરીથી આવા વિદેશી આતંકવાદીઓ સાથે જોડાઇ જતા હોય તો તે દોષ તેમના પૂરતો મર્યાદિત છે. તેમના કારણે સમગ્ર દેશના કરોડો મુસલમાનોને દેશદ્રોહી કે અરાષ્ટ્રવાદી કે બેવફા ગણી શકાય નહિ. હિંદુ ભાઇઓ વિચારે.

કેટલાક લોકો એટલા માટે પણ મુસલમાનોને રાષ્ટ્રવાદી નથી માનતા કે મુસલમાનો મક્કા અને મદીનાને ચાહે છે.

આ આક્ષેપ પણ સદંતર ખોટો છે. મક્કા અને મદીના બંને સ્થળો પૈગમ્બરે ઇસ્લામ(સલ.)ની જન્મભૂમિ છે. આપ(સલ.) ત્યાં આરામ ફરમાવી

રહ્યા છે. આ બંને સ્થળો મુસલમાનોના અતિ પવિત્ર સ્થળો તરીકે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. તેમની સાથે મુસલમાનોનો લગાવ હોવું એક કુદરતી બાબત છે. આ બંને પવિત્ર સ્થળોની મહબ્બત મુસલમાનોના દિલમાં હોવી એને રાષ્ટ્રવાદ સાથે શું લેવા દેવા? આ વાત મારા હિંદુ બિરાદરોને એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

આપણા હિંદુ બિરાદરો મોટી સંખ્યામાં યુરોપના દેશોમાં અને તે સિવાય પણ દુનિયાના અન્ય દેશોમાં વસે છે. ત્યાંના નાગરિક બની ચૂક્યા છે. કાશી, મથુરા અને દ્વારકા તેમના અતિ-પવિત્ર જાત્રાના સ્થળો આપણા દેશમાં હોઇ તેઓ હિંદુસ્તાન આવેછે. આ સ્થળોએ પૂજાપાઠની વિધિ અદા કરી પોતપોતાના દેશ ચાલ્યા જાય છે. ત્યાં શું તેઓ જે તે દેશના નાગરિક છે. ત્યાંના પરધર્મી લોકો એમને

એમ કહે છે કે તમે રાષ્ટ્રવાદી નથી. કારણ કે તમારા હૃદયમાં કાશી, મથુરા કે દ્વારકાનો પ્રેમ છે.

એવી જ રીતે બૌદ્ધ ધર્મીઓના ઘણાં બધા પવિત્ર સ્થળો હિંદુસ્તાનમાં કોઇ મોંગોલિયા, જાપાન, ચીન, શ્રીલંકા વગેરે અનેક દેશોના લોકો હિંદુસ્તાનની યાત્રાએ આવે છે. પોતાના પવિત્ર સ્થળોની મુલાકાત લે છે. પછી પોતપોતાના દેશમાં પાછા ફરે છે. તો આવા લોકો પોતપોતાના દેશ માટે રાષ્ટ્રવાદી નથી?

શીખ ધર્મના કેટલાક પવિત્ર ગુરૂદ્વારાઓ તથા ચિહ્નો પાકિસ્તાનમાં છે. જેથી દર વર્ષે સેંકડોની સંખ્યામાં શીખ બિરાદરો પાકિસ્તાન જાય છે. તેમને વીઝા પણ તરત જ મળી જાય છે. તો તેમને કેમ હિંદુ સંગઠનો એમ નથી કહેતા કે શીખ રાષ્ટ્રવાદી નથી.

આ દેશ હિંદુસ્તાન અમારૂં પ્યારૂં વતન છે. તે અમને પ્રાણથી વધારે પ્યારો છે. એની સમૃદ્ધિ, એની વિકાસ અમારા દેશવાસીઓની સમૃદ્ધિ અને વિકાસ છે. આ અમારૂં વતન છે. અમે એને કેવી રીતે ભૂલી શકીએ. એની મહબ્બત તો અમારા લોહીમાં વણાઇ ગયેલી છે.

આઝાદીની લડતમાં ગાંધીજી સાથે અનેક મુસલમાનો હતા. આઝાદીની ચળવળમાં દરેક રાજ્યમાં ગામેગામ મુસલમાનોની સારી એવી સંખ્યા હતી. કોઇ એક પણ મુસ્લિમ અંગ્રેજોના પક્ષે રહ્યા નથી. તેનાથી ઉલટું આ દેશની અન્ય લઘુમતિ કોમોએ આઝાદીની લડતમાં હિસ્સો લીધો નથી. એટલું નહિ પરંતુ તેઓ અંગ્રેજોના સાથી બનીને રહ્યા છે. છતાંય આવા લોકો આજે રાષ્ટ્રવાદી ગણાય છે. આવો વ્યવહાર અમારી સાથે શા માટે?

આઝાદી પછી પાકિસ્તાન અલગ પડયું. આ વાતે હિંદુ બિરાદરોના હૃદયમાં હિંદુસ્તાનના મુસલમાનો પ્રત્યે એક કડવાશ પેદા કરી દીધી. પરંતુ પાકિસ્તાનના અલગ થવા માટે હિંદુસ્તાની મુસલમાન થોડા જવાબદાર છે? આ તો બંને પક્ષના મોટા માણસોનો ફેંસલો હતો. વળી અધુરામાં પૂરૂં દુર્ભાગ્ય વાત આ બની કે કાશ્મીરના ભારત સાથેના જોડાણને પાકિસ્તાને માન્ય રાખ્યું નહિ. જેથી પાકિસ્તાન આઝાદીના પ્રથમ દિવસથી લઇને આજ સુધી આ પ્રશ્ને આપણી સાથે ઝઘડી રહ્યું છે. કાશ્મીર પ્રશ્ન આપણા દેશ માટે તો એક મુસીબત છે જ, પરંતુ હિંદુસ્તાની મુસલમાનો માટે પણ મુસીબત બની ગયો છે.

આપણા માટે રાષ્ટ્રીય પેપરો પણ મોટાભાગે દરેક ગુનાને મુસલમાનો સાથે જોઇન્ટ કરી દે છે.

ગુનો કરનાર નામે મુસલમાન હોય તો મુસલમાન શબ્દ પ્રયોગ અવશ્ય કરે છે. પરંતુ જો ગુનો કરનાર હિંદુ બિરાદર હોય તો તેનું વર્ણન કરતી વખતે હિંદુ શબ્દ પ્રયોગ કરતા નથી. મુસ્લિમો પ્રત્યે આ એક પ્રકારની નફરત છે.

પાકિસ્તાન બૉમ્બ બનાવે તો તેના આપણા રાષ્ટ્રીય પેપરો ‘‘ઇસ્લામી બૉમ્બ" કહે છે. બૉમ્બને મઝહબ સાથે શું લેવા દેવા? અમેરિકા કે બ્રિટન પાસે પણ બૉમ્બ છે તો તે બૉમ્બને આપણે ‘‘ઇસાઇ બૉમ્બ" કે ખ્રિસ્તી બૉમ્બ" કેમ કહેતા નથી? આવી ઘણી વાતો વિચાર માંગી લે છે. આપણા દેશ પાસે પણ બૉમ્બ છે. તો તે બૉમ્બને કોઇપણ વિદેશીઓ હિંદુ બૉમ્બ કહેતા નથી. જો કે આપણા દેશની ૮૦ ટકા બલકે ૮૫ ટકા વસ્તી હિંદુ બિરાદરોની છે.

મીડિયા અને પ્રેસ આજ બહુમતિના હાથમાં છે. કેટલીક વખત સાચી-જુઠી વાતોનું મિશ્રણ કરીને પણ લઘુમતિને બદનામ કરવામાં આવે છે. લઘુમતિનો નાનો ગુનો કે ભૂલને પણ મોટો ગુનો કે ઘણી મોટી ભૂલ તરીકે ચિતરવામાં આવે છે. જ્યારે બહુમતિના મોટા ગુનાહને પણ રફેદફે કરી દેવામાં આવે છે. આ પણ રાષ્ટ્રીય અખબારોનો અખબારી ભ્રષ્ટાચાર કે મીડિયાના મીડિયા ભ્રષ્ટાચાર જ ગણાશે.

અમૂક નેક તબિયતના હિંદુ વિદ્વાનો આ બાબત પોતાના લેખો પેપરોમાં આપે છે. પોતાની વ્યથાને પોતાના હમમઝહબ હિંદુ ભાઇઓ સુધી પહોંચાડવાની કોશિશ કરે છે. ત્યારે અમને ઘણી ખુશી થાય છે.

હિંદુ બિરાદરો આટલું વિચારે કીડી ઉપર પડેલા આપણા પગથી કીડીને થતી વેદનાનો ખ્યાલ આપણને ત્યારે આવે જ્યારે આપણી ઉપર હાથીનો પગ પડે. મારા હિંદુ બિરાદરો મુસ્લિમ લઘુમતિ જે ફક્ત ૧૨% જેટલી છે. તેના મામલામાં આ પંક્તિને પોતાની દૃષ્ટિ સમક્ષ રાખે. અમારી વેદનાને સમજે. સમય બળવાન છે અને સમય બદલાય પણ છે. અલ્લાહ ઘણો મોટો ઇન્સાફ કરનારો છે.

# (૨૪) ઈમામ હુસૈન અને હિંદુસ્તાન

## *ઈમામ હુસૈન (અલ.) સાથે હિંદ રાજાઓ અને તેમના સંબંધ ઈમામ હુસૈન (અલ.) સાથે હિંદુસ્તાનના સંબંધો*

સચ્ચાઇ અને ઇન્સાનિયતના સિદ્ધાંતો ઉપર પ્રથમ વખત દુનિયાના ઘણા-બધા આલિમો અને વિચારકોએ આ વાત કબૂલી છે કે સમગ્ર વિશ્વમાં જેટલા વિશાળ પ્રમાણમાં ઇમામ હુસૈન(અલ.)ની યાદ મનાવવામાં આવે છે. એટલા પ્રમાણમાં કોઇપણ શહીદ અથવા લીડર કે હીરો અથવા પેગમ્બર વગેરેની યાદ પણ મનાવવામાં આવતી નથી. આ સચ્ચાઇના ઘણાં-બધાં કારણો છે. તેમાનું મુખ્ય કારણ આ છે કે ઇમામ હુસૈન(અલ.)ની આ કુરબાનીઓમાં ઇન્સાનિયતને અમન વ સલામતી,

ભાઇચારો અને બીજી ઘણી બધી ભલાઇઓ પ્રાપ્ત થાય છે.

ઇમામ હુસૈન(અલ.)ની યાદ મનાવવામાં સૌથી મોટી ખૂબી આ છે કે સૈયદુશ્શોહદાની યાદ મનાવતી વખતે ઇન્સાનો નાત-જાત, ધર્મ, સંપ્રદાય, મુલ્ક કે કૌમ દરેક વાતનો ફરક ભૂલી જાય છે. બધા જ વાદો સદંતર મટી જાય છે. ‘‘યાદે હુસૈન'' વખતે દરેક માણસ ફક્ત ‘‘ઇન્સાન'' રહે છે. બસ પોતાને ‘‘ઇન્સાન'' જ સમજે છે.

આ બધામાં હિંદુ, મુસલમાન, શિખ, ઇસાઇ, જૈન, પારસી અને બૌદ્ધ વગેરે ઘણાં-બધાં જુદા જુદા વિચોરોની ખુશ્બૂ તો મળી શકે છે. પરંતુ કોઇનું પણ અલગ અસ્તિત્વ તો દેખાતું જ નથી. બધા આમ કહેતા નજરે પડે છે કે ‘‘હમારે હૈં હુસૈન''

ઇમામ હુસૈન(અલ.)ની કુરબાનીઓના કારણે હિંદુ દેવતાઓમાં શ્રી શંકરજી, શ્રી રામચંદ્રજી, મહાત્મા બુદ્ધ, મહાવીર સ્વામી અને ગુરૂનાનકજી વગેરે તમામ દેવતાઓનો સંબંધ તેમની સાથે હંમેશા રહ્યો છે. પેગમ્બરે ઇસ્લામના પરિવારના આ બલિદાનોના કારણે હિંદુસ્તાનમાં ઇમામ હુસૈન(અલ.) એ પોતાનું એક આગવું અસ્તિત્વ બનાવ્યું. આ ધર્માત્માઓના હૃદયમાં ઇમામ હુસૈન(અલ.)ના પ્રેમને કારણે હિંદુસ્તાનમાં કોમી એકતાને પ્રોત્સાહન મળ્યું. જાત-ભાતના ખ્યાલો, અલગ અલગ ધર્મોના ખ્યાલો, બધું જ એક તરફ હટી ગયું. બધા જ હિન્દુસ્તાની ભાઇઓ અલગ ધર્મ કે અલગ સંપ્રદાય મટીને ઇમામ હુસૈન(અલ.)ની અઝાદારીમાં સરખો હિસ્સો લે છે. આપણે હિંદુસ્તાની પણ છીએ અને મુસલમાન પણ છીએ. હિંદુ

હિંદુસ્તાની છે પણ હિંદુ ધર્મને અનુસરનાર છે. શીખ હિંદુસ્તાની છે પણ શીખ ધર્મને અનુસરનાર છે. અને એ જ રીતે બૌદ્ધ, જૈન કે ઇસાઇ મજહબને અનુસરનાર બિરાદરો પણ હિંદુસ્તાની છે. સાથે સાથે પોતપોતાના ધર્મના અનુયાયી પણ છે.

આપણે મુસલમાન છીએ તો આપણે હિંદુસ્તાની મટી જતા નથી. આ મહાન દેશના આપણે નાગરિક છીએ. સદીઓથી આપણા બાપ-દાદા પણ આ દેશના વતની હતા. આપણા પૂર્વજો આ જ ધરતીના પુત્રો હતા. આપણે ભલે મઝહબે ઇસ્લામ ધર્મ પાળતા હોય, પરંતુ આપણું લોહી તો હિંદુસ્તાની જ છે. અને હિંદુસ્તાની જ રહેશે. આ પવિત્ર ધરતી સાથેનો આપણો પ્રેમ કુદરતી બાબત છે.

ઇમામ હુસૈન(અલ.) પેગમ્બરે ઇસ્લામના નવાસા છે. હઝરત અલી(અલ.)ના નાના ફરઝંદ છે. તેમના જ ઘેરથી ઇસ્લામ ફેલાયો. મોહંમદ(સલ.) અને આપના જાનશીન (ઉત્તરાધિકારી) હઝરત અલી(અલ.) અને એમના ફરઝંદ ઇમામ હુસૈન(અલ.) એ દુનિયામાં ખુદા અને તેની પાક કિતાબનો સંદેશ પહોંચાડયો. એક તરફ આ પવિત્ર હસ્તીઓ ખુદાનો પૈગામ પહોંચાડી રહી હતી જ્યારે બીજી તરફ કેટલાક નાફરમાન લોકો આ નેક ઇન્સાનોના કાર્યોને પોતાના બુરા અમલો દ્વારા બરબાદ કરવા પોતાનું એડી-ચોટીનું જોર લગાવી રહ્યા હતા. ખુદા અને તેના પેગમ્બર(સલ.)ના મામલામાં ખોટી વાતો પણ ફેલાવતા હતા. અહીં સુધી કે તેમણે ઇસ્લામના બુનિયાદી ઉસૂલોની ખુલ્લેઆમ મુખાલેફત પણ કરી. હિજરીસન ૬૦માં

યઝીદની હુકૂમત અસ્તિત્વમાં આવી. યઝીદ એવો ઇન્સાન હતો, જેને ફક્ત ખેલકૂદનો રસિયો હતો. શરાબી પણ હતો. જાહેરમાં ખુલેઆમ શરાબ પીતો હતો. વ્યભિચારી પણ હતો. આ તે સમયગાળો હતો કે મુસલમાનોના હાથે જ ઇસ્લામની ઘોર(કબર) ખોદાઇ રહી હતી. ઇસ્લામની ઘણી જ બુરી હાલત બની ચુકી હતી. ખૂબ જ ઝાલિમ એવો યઝીદ પોતાના પ્રજાજનો ઉપર અત્યાચાર કરતો હતો. બળજબરી કરતો હતો. નેક લોકો ખૂણામાં બેસી ગયા હતા.

આવી નાજુક પરિસ્થિતિમાં પેગમ્બરે ઇસ્લામના નવાસા હઝરત ઇમામ હુસૈન(અલ.) ઇસ્લામની હિફાઝત માટે યઝીદના મુકાબલા માટે ઊભા થયા. આ તે જમાનો હતો કે એક વખત જુમ્માના દિવસની નમાઝ બુધના દિવસે

પઢાવવામાં આવી હતી. અને મુસલમાનોએ પઢી પણ લીધી. આ તે જમાનો હતો કે યઝીદની હુકૂમતના આમિલો જેઓ મસ્જિદોમાં પેશનમાઝ તરીકે મુકર્રર હતા. તેઓ આખી રાત શરાબ અને સુંદરીમાં મસ્ત રહી ફજરની નમાઝ નશાની હાલતમાં બે રકાતની જગ્યાએ ચાર રકાત પઢાવી પાછા ફરી પૂછતા “ઔર પઢાઉં" આવી હતી ઇસ્લામી જગતની હાલત. આ રીતે કહેવાતા મુસલમાનોના હાથે જ ઇસ્લામની બુરી હાલત બની ચૂકી હતી. છતાં પણ કોઇ વ્યક્તિમાં હિંમત ન હતી કે આવા નાલાયક હાકેમોની વિરૂદ્ધ અવાજ ઊઠાવે. છેવટે પેગમ્બરના ઘરાનાના આ સપૂત જનાબે ફાતેમા(સલા.)ના ફરઝંદ ઇમામ હુસૈન(અલ.)એ દુનિયાની ઇન્સાનિયતને આ બતાવી આપ્યું કે સચ્ચાઇ અને દીનના ખાતર મોટામાં મોટી કુરબાની

આપીને પોતાનું સર્વસ્વ લુંટાવીને અસત્યનો માર્ગ રોકી શકાય છે.

આજે ઇમામ હુસૈન(અલ.)ની આ શ્રેષ્ઠ કુરબાની હિંદુ, બુદ્ધ, શીખ, ઇસાઇ, જૈન, પારસી અને મુસલમાન બધા જ માટે અંધકારભર્યા રસ્તાઉપરના દીપક સમાન છે. જેના પ્રકાશમાં ઇન્સાન ઇન્સાનિયતને પેહચાની શકે, ઓળખી શકે.

આ માટે એક પ્રખ્યાત ભારતીય નેતા જનાબ વિરેન્દ્રકુમાર વિરોજી જેમનો સંબંધ આર. એસ. એસ. સાથે પણ છે. જેઓને ઇમામ હુસૈન(અલ.)થી ઘણી જ અકીદત છે. જેમને ઇમામ હુસૈન(અલ.) ઉપર ઘણી જ આસ્થા છે. આ નેતાના વિચારો તેમના એક કાવ્યમાં વર્ણવાય છે. જેની પ્રથમ પંક્તિ આ પ્રમાણે છે.

આવો ભૈયા તુમ્હેં સુનાએં ગાથા હુસૈન મહાન કી
ઇસ્લામકે સચ્ચે અનુયાયી પરિવારોંકે બલિદાન કી

## *ઈમામ હુસૈન(અલ.) અને હિન્દુસ્તાન*

હઝરત મોહંમદ(સલ.)ના ખાનદાન સાથે હિંદુસ્તાનનો સંબંધ હઝરત અલી(અલ.)થી થયો છે. હઝરત અલીના હુકમથી તેમના ઘણાં-બધા અનુયાયીઓ, સહાબીઓ, દોસ્તો હિન્દુસ્તાન આવ્યા હતા. હિન્દુસ્તાનના ઘણા બધા હિંદુ બિરાદરોએ રસૂલુલ્લાહની ઔલાદોની સેવામાં હાજર થઇને તેમની પાસેથી રૂહાની(આધ્યાત્મિક) ફાયદો ઊઠાવ્યો હતો. આ રીતે હિંદુસ્તાનમાં ઇસ્લામનો પ્રકાશ ફેલાયો. બીજી તરફ રસૂલુલ્લાહ(સલ.)ની સંતાનો સાથે આપણા હિંદુસ્તાની બિરાદરોનો અતૂટ સંબંધ સ્થાપિત થઇ ગયો.

## *હિંદુસ્તાનમાં શીયાઓનું આગમન*

યઝીદ અને ત્યારબાદના બધા જ બાદશાહો ઝાલિમ હતા. તેમના ઝુલમોથી તંગ આવીને શીયાઓ ધીરે ધીરે અરબ, આફ્રિકા વગેરે મુલકો છોડીને હિંદુસ્તાનમાં આવીને રહેવા લાગ્યા. અહિયાંના હિંદુ બિરાદરોએ જ નહિ પરંતુ અહીંના હિંદુ રાજાઓએ પણ તેમની આવભગત કરી, સત્કાર કર્યો, આવકાર આપ્યો. હિંદુસ્તાનના હિંદુ રાજાઓ કદી પણ કટ્ટરવાદી વિચારધારા ધરાવનાર ન હતા.

હિજરીસનની છઠ્ઠી સદીમાં શીયાઓનું એક મોટું ગ્રુપ સુલતાન સલાહુદ્દીન અય્યુબીના ઝુલમોથી તંગ આવીને મિસર અને આફ્રિકાથી ભાગીને હિંદુસ્તાન આવ્યું. ત્યારબાદ કાસિમ બિન ઇબ્રાહીમ બિન ઇસ્માઇલ બિન ઇમામ હસન(અલ.) પોતાનો જીવ બચાવીને હિંદુસ્તાન

આવ્યા. આ સિલસિલો ઘણી મુદ્દત સુધી ચાલુ રહ્યો. શીયા બિરાદરી હિંદુસ્તાન આવતી રહી. આ જનાબ કાસિમ(અલ.) ઇમામ હસન(અલ.)ના પૌત્રના દીકરા થાય છે. મતલબ પ્રપૌત્ર ગણાય.

## *હિંદુસ્તાન સાથે ઈમામ હુસૈન(અલ.)નો સંબંધ*

રસૂલે ઇસ્લામ(સલ.)ના ખાનદાન સાથેનો હિંદુસ્તાનનો સંબંધ હઝરત અલી(અલ.)ની દુન્યવી હયાતી દરમિયાન શરૂ થઇ ચૂક્યો હતો. ત્યારબાદ ઇમામ હુસૈન(અલ.)નો સંબંધ પણ પોતાના શીયાઓની નિસ્બતથી અહીંના રાજવી ખાનદાનો સાથે તો હતો જ. સાથે સાથે આ ફરઝંદે રસૂલને આપણા પ્યારા દેશ હિંદુસ્તાન સાથે સગાઇ સંબંધ પણ હતો. તે પણ અહીંના ઉચ્ચતમ કુટુંબો સાથે.

ઇરાનના બાદશાહનું નામ યઝ્દજર્દ હતું તેઓ આગની પૂજા કરતા હતા. આ બાદશાહને ત્રણ

કુંવરીઓ હતી. મોટી કુંવરીનું નામ માહબાનું બીજીનું નામ શહેરબાનું અને ત્રીજી સૌથી નાની કુંવરીનું નામ કિસરાબાનુ હતું. તે સમયગાળામાં આપણા દેશમાં મહારાજા ચંદ્રગુપ્ત રાજા હતા. તેમની રાજધાની ઉજ્જૈનમાં હતી. રાજા ચંદ્રગુપ્તના સેનાપતિનું નામ પંડિત ભોજદત્ત હતું.

ઇરાનના બાદશાહ યઝદજર્દે પોતાની મોટી દીકરી માહબાનુની શાદી આપણા હિંદુસ્તાનના મહારાજા ચંદ્રગુપ્ત સાથે કરી હતી. માહબાનુ ઇરાની નામ છે. માહનો મતલબ તે લોકો ચાંદ લે છે. હિન્દીમાં આપણે ચાંદને ચંદ્ર કહીએ છીએ આ રીતે આ કુંવરીનુ નામ હિંદુસ્તાની ઇતિહાસમાં ‘‘ચંદ્રલેખા" મળશે. મહારાજા ચંદ્રગુપ્તને ચંદ્રલેખાથી એક પુત્ર જન્મ્યો. જેનુંનાં સમુદ્રગુપ્ત રાખવામાં આવ્યું. આ આપણા દેશનો પ્રચલિત અને સાચો ઇતિહાસ છે.

ત્યારબાદ થોડાક જ સમયમાં અરબોએ ઇરાન ઉપર આક્રમણ કર્યું. ઇરાની ફોજ હારી ગઇ. બાદશાહ યઝદજર્દ મરાઇ ગયો. ત્યારબાદ બાદશાહની બંને કુંવરીઓ જેમની શાદી હજી થઇ ન હતી. તેમને મદીના લાવવામાં આવી. આ જ બાદશાહ યઝદજર્દની બીજી બેટી શહરબાનું સાથે ઇમામ હુસૈન(અલ.)એ શાદી કરી. આ રીતે હઝરત ઇમામ હુસૈન(અલ.)ને હિંદુસ્તાન સાથે વધુ મજબૂત સંબંધ સ્થાપિત થઇ ગયો. જે સગાઇના રૂપમાં હતો.

આ તરફ શહરબાનુથી ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) પેદા થયા. જ્યારે માહબાનુથી(ચંદ્રલેખા-મોટી બહેન) સમુદ્રગુપ્તનો જન્મ થયો. આ રીતે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) અને મહારાજા ચંદ્રગુપ્ત મૌર્યના

પાટવી કુંવર સમુદ્રગુપ્ત મસિયાઇ ભાઇઓ ગણાયા. આ એક રિશ્તેદારી સગાઇસંબંધ છે.

## *ઈમામ હુસૈન(અલ.)એ કરબલામાં હિંદુસ્તાન આવવા માટેની ઈચ્છા કેમ વ્યક્ત કરી હતી?*

૧૦મી મોહર્રમ હિજરીસન ૬૦માં જ્યારે ઇમામ હુસૈન(અલ.)ને યઝીદી ફોજે ચારે તરફથી ઘેરી લીધા હતા, ત્યારે યઝીદી ફોજની સમક્ષ આપે પોતાના છેલ્લા ખુતબામાં (ઉદ્‌બોધનમાં) ફરમાવ્યું હતું :

‘‘મને હિંદુસ્તાન જતો રહેવા દો, રસ્તો આપી દો, હું હિંદુસ્તાન ચાલી જઇશ.''

આશ્ચર્યની વાત છે કે હિંદુસ્તાનમાં તે વખતે મુસ્લિમ આબાદી ન હતી. જો કે હઝરત મોહંમદ(સલ.)ના ખાનદાનથી અહીંના હિંદુ રાજા-મહારાજાઓ અને હિંદુ બિરાદરો પરિચિત હતા.

હઝરત અલી(અલ.)ના સમયથી આવન-જાવન ચાલુ હતી. અહીં સાધુ પુરૂષો, વિદ્વાનો અને મજહબી માણસો વચ્ચે આધ્યાત્મિક વિચારોની આપ-લે તો ચાલુ જ હતી. અહીં આપણા હિંદુસ્તાનમાં મુસ્લિમ આબાદી ન હોવા છતાં ઇમામ હુસૈન(અલ.) એ યઝીદી ફોજ સમક્ષ આ પ્રસ્તાવ મૂક્યો હતો કે ભલે મક્કા મદીના કે બીજા કોઇ મુસ્લિમ મુલકમાં મારા જવાથી તમને ખતરો લાગતો હોય તો હું કોઇ પણ મુસ્લિમ મુલકમાં જવા માંગતો નથી. પરંતુ લોહી ન વહાવો, મને હિંદુસ્તાન જવાનો રસ્તો આપી દો. હું હિંદુસ્તાન ચાલી જઇશ. ઇમામ હુસૈન(અલ.)ની હિંદુસ્તાન આવવાની ઇચ્છા આ વાત સ્પષ્ટ કરે છે કે આપ ઘણી સારી રીતે જાણતા હતા કે હિંદુસ્તાનમાં હિંદુ બિરાદરો હિંસાથી નફરત કરે છે. અહિંસા આપણા દેશના લોહીમાં, અહીંની માટીમાં,

અહીંની હવામાં વણાયેલો પ્રસરાયેલો ગુણ છે. ઝુલ્મથી અહીંના રાજા-મહારાજાઓ હંમેશા નફરત કરતા આવેલા છે. સાથે પ્રજા પણ ઝુલ્મ અને અત્યાચારથી નફરત કરે છે. તેઓમાં મહબ્બતની ભાવના છે. તેથી જ આપે હિંદુસ્તાન આવવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. કોઇ મુસ્લિમ મુલકમાં જવા માટેની ઇચ્છા વ્યક્ત ન કરી. કારણકે આપ સમયના ઇમામ હતા. ઘણી સારી રીતે જાણતા હાત કે કોઇ પણ નાના-મોટા મુસ્લિમ દેશમાં આપ રક્ષિત રહી શકશે નહિ. આપને હિંદુસ્તાન ઉપર સંપૂર્ણ ભરોસો હતો, યકીન હતું.

ઇમામનું હિંદુસ્તાન આવવાની માંગણી કરવાનું એક કારણ આ પણ હતું કે ઇમામની શરીકે હયાત(પત્ની) શહરબાનુના મોટા બહેન માહબાનુ હિંદુસ્તાનના શાહી ખાનદાનની બેગમ હતાં. રાજવી

વંશના રાણી હતાં. આ વિષયમાં મિસ્ટર જગદીશ પ્રસાદ માથુર લખે છે કે, મહારાજા જયપુરના વંશનામામાં(શજરામાં) ઉપરોક્ત ઉલ્લેખ છે.

આ સંબંધોના કારણે જ ડરના માર્યા યઝીદ નાપાકે ઇમામ હુસૈન(અલ.)ને હિંદુસ્તાન આવવા ન દીધા. આપને આપના કુટુંબ-કબીલા, બાલ-બચ્ચાં, દોસ્ત અહબાબ સહિત ત્રણ દિવસના ભૂખ્યા-પ્યાસા શહીદ કરી દીધા.

**લાનતુલ્લાહે અલલ કાઝેબીન**

**અલ્લાહ દરેક જમાનાના ઝાલિમો ઉપર પોતાનો અઝાબ ઉતારે.**

જો કે ઇમામ હુસૈન(અલ.) હિંદુસ્તાન આવી શક્યા નહિ, છતાંય કરબલાના ઝુલમ પછી અરબસ્તાનમાં રહેનારા હિંદુ બિરાદરોએ બળવો કરેલો. હિંદુસ્તાની ફોજે પણ અરબ પહોંચીને યુદ્ધ

કર્યું હતું. આ જંગમાં હિંદુ બિરાદરો પણ શહીદ થયા હતા. જેઓએ પેગમ્બરે ઇસ્લામના નવાસા અને તેમના ખાનદાનની સામૂહિક હત્યાના વિરોધમાં યઝીદી ફોજનો મુકાબલો કર્યો હતો. આ જંગમાં નિર્દોષ બેગુનાહ કત્લેઆમના વિરોધમાં હિંદુસ્તાની ફોજના હિંદુ બિરાદરોએ શહાદત વહોરી લીધી.

ઇમામ હુસૈન(અલ.)ના આ શબ્દો ‘‘મને રસ્તો આપી દો, હું હિંદુસ્તાન ચાલી જઇશ.'' ઉપર ઘણા બધા હિંદુ શાએરોએ આપને યાદ કર્યા છે. વીરજી એક કવિતાની પ્રથમ પંક્તિ છે.

**ભારતમેં કહીં આ જાતા યદી, મેહમાન સા ઉતારા જાતા**
**હમારા મેહમાન બન જાતા, મેહમાન બન જાતા**
**હુસૈન હમારા મેહમાન બન જાતા**

## *ઈમામ હુસૈન(અલ.)ના ફરઝંદનો પત્ર હિંદુસ્તાનના રાજા ચંદ્રગુપ્તના નામે*

ઇમામ હુસૈન(અલ.)ના મોટા પુત્ર ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) એ એક પત્ર મહારાજા ચંદ્રગુપ્તના નામે લખ્યો હતો. જેમાં અરબના હાકેમ યઝીદના ઝુલ્મના વિષયમાં લખ્યું હતું. સાથે એમનાથી મદદની ઉમ્મીદ પણ વ્યક્ત કરી હતી. આ ઐતિહાસિક પત્ર આજે પણ જોધપુર(રાજસ્થાન)ના શાહી ખજાનામાં રક્ષિત છે. જ્યારે ઇમામનો પત્ર મહારાજાને મળ્યો તો તેમણે હિંદુસ્તાની બ્રાહ્મણોની એક ફોજ યુદ્ધસામગ્રી અને હથિયારો સાથે ઇરાક મોકલી હતી. આ ફોજમાં દત્ત બ્રાહ્મણોની સંખ્યા વધારે હતી. આ દત્ત બ્રાહ્મણો તે સમયમાં વધારે બહાદુર ગણાતા હતા.

આ ફોજ લાંબો સફર કરીને ઇરાક તે સમયે પહોંચી જ્યારે ઇમામ હુસૈન(અલ.) પોતાના ૭૨ સાથીઓ સાથે શહીદ થઇ ચૂક્યા હતા. ખબર પડતાં જ અમીર મુખ્તારે આ હિંદુસ્તાની ફોજની આગતા સ્વાગતા કરી. જે સ્થળે આ ફોજનો પડાવ નાખવામાં આવ્યો હતો, રોકાઇ હતી તે સ્થળને આજે પણ ‘‘દેરએ હિંદી"ના નામથી ઓળખવામાં આવે છે. આ હિંદુસ્તાની ફોજને જ્યારે આ સમાચાર મળ્યા કે ઇમામ હુસૈન પોતાના ખાનદાન સાથે શહીદ થઇ ગયા છે તો આ ફોજ અમીર મુખ્તારની ફોજમાં સામેલ થઇ ગઇ. બહાદુરીથી લડી. આ ફોજના સેનાપતિ ભોર્યદત્ત હતા. જેઓ બ્રાહ્મણ હતા. છેલ્લે ફોજના અમૂક લોકો ત્યાં જ રોકાઇ ગયા હતા. જ્યારે થોડાક હિંદુસ્તાન પરત આવ્યા.

જ્યારે આ ફોજ હિંદુસ્તાન પાછી આવી તો તેમણે કરબલાની જંગનો સંપૂર્ણ અહેવાલ મહારાજા ચંદ્રગુપ્તને સંભળાવ્યો. આ સાંભળી મહારાજા ઘણા જ ગમગીન થયા.

## *શહાદતે ઈમામ હુસૈન(અલ.) ઉપર હિંદુસ્તાનમાં મહારાજા ગમગીન*

કરબલાનો ગમનાક ઝુલમ જાણીને મહારાજા ઘણાં જ ગમગીન થયા હતા. પોતાની તમામ હુકૂમતમાં ગમ મનાવવાનું એલાન કરવામાં આવ્યું. મોટા પાયા ઉપર આયોજન કરીને માતમી પ્રોગ્રામો કરવામાં આવ્યા. પુરસો આપવામાં આવ્યો. સ્વયં મહારાજા ચંદ્રગુપ્તે ગમ મનાવવાનું એલાન કર્યું હતું. જેથી સમગ્ર હિંદમાં કેવો ગમ મનાવાયો હતો તેનો અંદાઝો લગાવી શકાય છે. ગમ મનાવવાથી મુલકનો કોઇ હિસ્સો કે ગામ બાકી નહીં

રહ્યું હોય. તે સમયના મર્યાદિત પ્રચાર માધ્યમોમાં સમગ્ર મુલકમાં જે જે સ્થળે જ્યારે જ્યારે ખબર પહોંચતી ગઇ. તે તે સ્થળોએ ગમો-માતમ મનાવવામાં આવ્યું. દિવસો સુધી આ સિલસિલો ચાલુ રહ્યો. સમગ્ર મુલકમાં ઇમામ હુસૈન(અલ.)ના માતમી પ્રોગ્રામો દિવસો સુધી થતા રહ્યા. આ રીતે સૌ પ્રથમ આપણા દેશના હિંદુ રાજા ચંદ્રગુપ્તે અને સમગ્ર દેશની હિન્દુ બિરાદરીએ મોહર્રમની બુન્યાદ નાખી. કાવ્યો, નઝમો, દોહા, જે જે પ્રકારની કાવ્ય રચનાનો તે સમયમાં આપણા દેશમાં રિવાજ હતો. તે બધી જ કાવ્ય રચનાઓમાં ઇમામ હુસૈન(અલ.) છવાઇ ગયા. આજે પણ હજારો હિંદુઓ આ ગમનાક બનાવ ઉપર પોતાના વિચારો રજૂ કરે છે.

એક પ્રખ્યાત શાયર કનૈયાલાલ(એમ.એ.) પ્રમુખ હુસૈની યુવક

મંડળ આઝમગઢ પોતાના વિચારો નીચેની પંક્તિઓમાં રજૂ કરી એહલેબયતે રસૂલના ઘરાનાને પુરસો આપતાં કહે છે,

ગમે હુસૈન હંમેશા મનાએંગે હિંદુ
હુસૈન પ્યાસે પે આંસુ બહાએંગે હિંદુ
હમારી નઝરોં મેં રાવન સે ભી બુરા તૂ હૈ
યઝીદ તેરા ભી પુતલા જલાએંગે હિંદુ

## *ઈમામ હુસૈન(અલ.)ની મદદ માટે હિંદુસ્તાનથી ૫૦૦૦ હિંદુ બહાદુર લડાકુઓ ઈરાક ગયા હતા*

પ્રખ્યાત હિન્દી લેખક જનાબ રાજકુમાર અસ્થાણાએ પોતાના પુસ્તક ‘‘પ્રાચીન ભારત" જે ૧૯૩૬માં દિલ્હીથી પ્રકાશિત થયું છે. તેના પેજ નં. ૨૧૭ ઉપર લખ્યું છે કે ‘‘શાહે ઇરાન યઝદ જર્દની પુત્રી માહબાનુ(ચંદ્રલેખા) જે હિન્દમાં ઉજ્જૈનના

મહારાજા ચંદ્રગુપ્ત મૌર્યની બેગમ હતી. તેનાથી ચંદ્રગુપ્તને એક બેટાનો જન્મ થયો હતો. તેનું નામ સમુદ્રગુપ્ત હતું આ જ સગાઇ સંબંધના કારણે હિજરીસન ૬૧માં ઇમામ હુસૈન(અલ.) એ કરબલામાં ઉમર બિન સઅદ સમક્ષ હિંદુસ્તાન આવવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.

પ્રસિદ્ધ લેખક મિ. રાજકુમાર અસ્થાણા આગળ લખે છે કેઃ

"આ વાતની સાબિતી પણ મળે છે કે કરબલાની જંગના મોકા ઉપર ચંદ્રગુપ્ત મૌર્યએ પોતાના સેનાપતિ પંડિત ભોજદત્તની સરદારીમાં ૫૦૦૦ લડાકુઓની એક ફોજ હિંદુસ્તાનથી ઇરાક ઇમામ હુસૈન(અલ.)ની મદદ માટે રવાના કરી હતી. આ ફોજ જ્યારે દુર્ગમ રસ્તાઓ અને જંગલો પાર કરતી ઇરાકના કુફા શહેરમાં પહોંચી ત્યારે

ઇમામ હુસૈન(અલ.)ને શહીદ કરી નાખવામાં આવ્યા હતા. તે જ સમયે જનાબ મુખ્તાર ઇમામ હુસૈન(અલ.)નો બદલો લેવાની તૈયારીમાં લાગેલા હતા. જેથી અડધી ફૌજ જનાબ મુખ્તાર સાથે ખૂને હુસૈનનો બદલો લેવા માટે સામેલ થઇ ગઇ અને અડધી ફોજ હિંદુસ્તાન પરત આવી. આ સમયગાળો એટલો લાંબો થઇ ગયો હતો અને સફર એટલી દુર્ગમ હતી કે અડધી ફોજ જ્યારે કૂફાથી(ઇરાકથી) પરત હિંદુસ્તાન આવી ત્યારે ચંદ્રગુપ્ત મૌર્યના પુત્ર સમુદ્રગુપ્તનો રાજ્યાભિષેક થઇ ચૂક્યો હતો."

***હુસૈની બ્રાહ્મણો જેઓ ઈમામ હુસૈન(અલ.)ની દુઆથી જીવંત રહ્યા હતા યઝીદી ફોજના હાથે માર્યા ગયા હતા***

પંજાબમાં એક નાની આબાદી હુસૈની બ્રાહ્મણોની હતી. જ્યારે આપણો દેશ આઝાદ થયો, ત્યારે આ હુસૈની બ્રાહ્મણો સમગ્ર દેશમાં ફેલાઇ ગયા હતા. આ લોકો ઇમામ હુસૈનને પોતાના દેવતા માનતા હતા. આ બ્રાહ્મણોની ઓળખ આ છે કે એમના ગળા ઉપર એક ખાસ નિશાની હોય છે. આસાનસોલમાં મેહતા પ્રેસ આ જ બ્રાહ્મણોનું હતું. કેટલાક પ્રત્યક્ષ દર્શીઓનું વર્ણન છે કે આજથી ૪૦ વર્ષ પહેલાં લખનઉ યુનિવર્સિટીમાં કાશ્મીરનો એક હુસૈની બ્રાહ્મણ નવયુવાન અભ્યાસ કરતો હતો. અને એવી જ રીતે ઔરંગાબાદ જિલ્લા ખીરમાં મોહર્રમના પ્રસંગે કેટલાક આવા લોકો જોવામાં આવ્યા હતા. જેમના ગળા ઉપર તલવારના ઝખમની નિશાની હતી.

## *હુસૈની બ્રાહ્મણોના ગળા ઉપર આ નિશાન હોવાનું કારણ*

હુસૈની બ્રાહ્મણો હુસૈની કેમ કહેવાયા? અને તેમના ગળા ઉપરના નિશાનોનું કારણ શું છે? આ એક મોઅજેઝો (ચમત્કાર) છે. એની પાછળ એક આશ્ચર્યજનક ઇતિહાસ પણ છે.

વિશ્વ જીતવા નિકળેલો સિકંદર જેને સિકંદરે આઝમ કહેવાય છે. જેનો સમયગાળો પેગમ્બરે ઇસ્લામના અગાઉ સદીઓ પહેલાંનો છે. જે યુનાની ગ્રીક હતો. ઇતિહાસમાં છે કે આ સિકંદર દુનિયાના અનેક દેશો ઉપર કબજો કરતો કરતો પોતાના દેશ યુનાનથી પંજાબ(હિંદુસ્તાન) સુધી આવ્યો. જ્યારે અહીયાંથી પાછો ફર્યો, ત્યારે તે હિંદુસ્તાનની બેહતરીન અને અલભ્ય વસ્તુઓ અને કીમતી ચીજો પોતાની સાથે યુનાન લઇ ગયો. સાથે હિંદુસ્તાનના

અમૂક બ્રાહ્મણોને પણ લઇ ગયો. જેઓ ઇલ્મ અને વિદ્યામાં નિષ્ણાંત હતા. જેઓ ખગોળશાસ્ત્રના અભ્યાસી હતા. તે સમયમાં આપણા દેશના જ્યોતિષીઓ વિશ્વવિખ્યાત હતા.

આ રીતે સિકંદર આ જ્યોતિષિઓને પોતાની સાથે લઇ ગયો. યુનાન પરત જતાં સિકંદર ઇરાનના રસ્તે જતો હતો. તે જમાનામાં ઇરાક ઇરાનીઓના કબજામાં હતું. આ રીતે ઇરાન આવીને સિકંદરને વિચાર આવ્યો કે પોતાની બધી જ હુકૂમત ઉપર સુંદર બંદોબસ્ત ગોઠવવા માટે આ જગ્યા સારી છે. જેથી ત્યાં જ રોકાઇ ગયો. થોડા સમય પછી ત્યાં જ સિકંદરનું મૃત્યુ થયું. આ રીતે આપણા દેશના જે બ્રાહ્મણોને જ્યોતિષિઓને સિકંદર સાથે લઇ ગયો હતો. તેઓ પણ ત્યાં જ વસી ગયા. ત્યાં આ લોકોની વસ્તી ખાસી વધવા લાગી. આ

બ્રાહ્મણોએ પોતાના મંદિરો પણ ત્યાં સ્થાપિત કર્યા-બંધાવ્યાં.

આ વાતને સદીઓ વીતી ગઇ. પેગમ્બરે ઇસ્લામની દુનિયામાં પધરામણી થઇ. હઝરત અલી(અલ.) ખલીફા બન્યા. શામના ગવર્નર મઆવિયા મલઉને બગાવત કરી. આપને (અલી(અલ.)ને) તેની સાથે સિફ્ફીન મુકામે જંગ લડવી પડી. મતલબ જંગે સિફ્ફીન પછી હઝરત અલી(અલ.)એ હુકૂમતની વ્યવસ્થા માટે કૂફાને(ઇરાક) પોતાની રાજધાની બનાવી. તે વખતે ત્યાંના લોકો હઝરત અલી(અલ.)ના મોઅજેઝાથી (ચમત્કારોથી, કરામાતોથી) વાકેફ હતા.

આ જ વિસ્તારમાં આપણા હિંદુસ્તાની બ્રાહ્મણોની પણ ખાસ્સી મોટી આબાદી હતી. મોટું મંદિર પણ હતું. આ મંદિરનો એક પુજારી હતો. તેને

ત્યાં જેટલા બચ્ચાં પેદા થાય તે મૃત્યુ પામે. એક પણ બચ્ચું જીવિત રહેતુ ન હતું. આ બ્રાહ્મણ પુજારીને કોઇએ કહ્યું કે તું આ મૌલા અલી(અલ.) પાસે જા, અને દુઆ કરવાનું કહે. અલી(અલ.) ઘણાં જ મોટા ચમત્કારિક પુરૂષ  છે.

આ મંદિરનો બ્રાહ્મણ પુજારી ઘણો જ ખુશ થઇને મૌલા અલી(અલ.)ની સેવામાં આવ્યો. પોતાની મુસીબત રજૂ કરી. કુદરત સંજોગે ઇમામ હુસૈન(અલ.) પણ પોતાના વાલિદ મોહતરમની(પિતાજીની) પાસે જ બેઠેલા હતા. હઝરત અલી(અલ.)એ પેલા પુજારીને ખૂબ જ પ્રેમ-મહબ્બતથી આવકાર આપ્યો. તેનું દુઃખ જાણ્યું. પછી આપે પોતાના ફરઝંદ ઇમામ હુસૈન(અલ.)ને દુઆ કરવા કહ્યું. તરત જ ઇમામ હુસૈન(અલ.)એ દુઆ કરી.

થોડાક જ દિવસો પછી બ્રાહ્મણને ત્યાં એક ખૂબસુરત ફરઝંદ પેદા થયો. તે જીવતો રહ્યો. પછી તો એક પછી એક સાત પુત્રો થયા. તે બધા જ જીવિત રહ્યા. તેનું ઘર ભર્યુંભાદર્યું બની ગયું.

થોડાક સમય પછી કરબલાની કરૂણાંતિકા સર્જાઇ. પરંતુ આ બ્રાહ્મણને આ વાતની ખબર પહોંચી ન હતી. પુજારી પોતાના સંકૂલની બહાર ઓછો જતો હતો. અચાનક યઝીદી ફોજનો આ મંદિર પાસેથી ગુજર થયો, રાત થઇ ચૂકી હતી, તેથી યઝીદી ફોજે આ જગ્યાએ આરામ કરવાનો ઇરાદો કર્યો. આ લોકો ઇમામ હુસૈન(અલ.) અને તેમના સાથીઓના માથાઓને ભાલાઓની અણી ઉપર ઊઠાવીને સરઘસ આકારે સીરિયા જતા હતા. જ્યાં પણ રોકાતા તો આ ૭૨ શહીદોના

માથાંઓને એક સંદૂકમાં મૂકી તે સંદૂકને પોતાના રક્ષણમાં રાખતા.

## *ઈમામ હુસૈન(અલ.)નું માથું મંદિરમાં*

જ્યારે યઝીદી ફોજે આ બ્રાહ્મણના મંદિરની પાસે રોકાવાનો ઇરાદો કર્યો. તો આ ૭૨ માથાઓને સંદૂકમાં પેક કરીને મંદિરમાં મૂકી તે ઓરડો બંધ કરીને પહેરેગીર મૂકી દીધા. આ બ્રાહ્મણ આ વાત જાણી ઘણો જ ગમગીન થઇ ગયો. શું કરવું તે કંઇ સમજાતું ન હતું.

જ્યારે આ બ્રાહ્મણ સૂવા માટે પથારી ઉપર ગયો તો તેને ઊંઘ ન આવી. તે વારંવાર ઊઠી જતો અને મંદિરને ચક્કર લગાવીને પથારી ઉપર સૂવા જતો. ફરીવાર સૂવાની કોશિશ કરતો, પરંતુ તેને ઊંઘ આવતી ન હતી. એનો આત્મા એને કોરી ખાતો હતો કે આ પાક પવિત્ર હસ્તીઓના માથાંઓ

પોતાના મંદિરમાં મૂકેલાં છે. અને આ કૂતરા જેવા યઝીદીઓ તેનું રક્ષણ કરી રહ્યા છે. પોતે લાચાર છે. બ્રાહ્મણની બેચેનીનો પાર ન હતો.

એટલામાં એણે જોયું તો મંદિરના જે ઓરડામાં આ માથાંઓ મૂકવામાં આવ્યાં હતાં તે ઓરડો એકદમ પ્રકાશિત થઇ ગયો. બ્રાહ્મણને લાગ્યું કે કયાંક આગ તો નહીં લાગી હોય, તેણે દરવાજા ઉપર વૉચમેન બની ઘોરતા યઝીદી સૈનિકોને ઊઠાડયા, કહ્યું કે ઓરડો ખોલો મંદિરને આગ લાગી છે. યઝીદી સૈનિકોએ કહ્યું કે આ આગ નથી આ તો ઇમામ હુસૈન(અલ.)નો મોઅજિઝો છે. પછી કરબલાની સંપૂર્ણ ઘટના બ્રાહ્મણને કહી સંભળાવી.

બ્રાહ્મણ હવે વધારે બેચેન થઇ ગયો. તે વિચારવા લાગ્યો કે ઇશ્વર મને કેવી રીતે માફ કરશે. જે અતિ-પવિત્ર હસ્તીની દુઆઓથી મને સાત સાત

પુત્રો મળ્યા છે. તે પવિત્ર હસ્તીના માથાંઓની આવી બેહુરમતી આ ઝાલિમ સેના કરી રહી છે. જ્યારે કે હું એને જોયા કરૂં છું. તરત જ પોતાના બધા જ પુત્રોને જગાડયા પછી કહ્યું, જે પવિત્ર હસ્તીની દુઆઓથી તમો જીવિત છો, તેમને તેમના પરિવાર અને સાથીઓ સહિત શહીદ કરીને તેમના માથાંઓ સાથે આ ઝાલિમો આપણા મંદિરમાં રોકાયા છે.

આ બહાદુર લોકો હતા. વિચાર્યું કે આકા હુસૈન અને બીજા તમામ શહીદોના માથાંઓને આ બદમાશો પાસેથી છોડાવી લઇએ. હથિયારો સાથે મંદિરના દરવાજાનો કબજો લઇ લીધો. હો હલ્લો થવાથી મંદિરની બહાર પણ દીવાલને લગોલગ સૂતેલી યઝીદી સેના જાગી ગઇ. આ સાત બહાદુર બાપ દીકરાઓ અને સેંકડોની

સંખ્યામાં નાપાક યઝીદી ફોજ વચ્ચે જંગ થઇ. જેમાં બ્રાહ્મણના સાતે પુત્રો મૃત્યુ પામ્યા. સવાર થતાં આ નાપાક ફોજ સંદૂક લઇને ચાલી ગઇ. ત્યારથી આ લોકો હુસૈની બ્રાહ્મણ કહેવાયા.

## *હુસૈની બ્રાહ્મણો ઈમામ હુસૈન(અલ.)ના મોઅજિઝાથી જીવતા થયા*

વાત આટલેથી અટકતી નથી. બ્રાહ્મણના સાતેય પુત્રો યઝીદી ફોજના હાથે કતલ થઇ ગયા. ત્યારે આ બ્રાહ્મણે પોતાના સાતેય પુત્રોની લાશોને એક જગ્યાએ રાખી અને દરેક પુત્રના ધડની સાથે તેનુ માથું જોડીને મૂક્યું. પછી આ બ્રાહ્મણે ખૂબ જ આહો-ઝારી સાથે દુઆ માંગી.

‘‘આકા હુસૈન! આપની દુઆથી તો આ ઔલાદો મને મળેલી હતી અને આપના જ રસ્તામાં આ લોકો બધા જ શહીદ થઇ ગયા."

બસ બ્રાહ્મણનું રડવું હતું. ઉપરોક્ત શબ્દો જ એણે કહ્યા કે તેના સાતે પુત્રો સજીવન થઈ ગયા. પરંતુ ગળાની આસપાસ નિશાનો બાકી રહ્યાં. જે આજ સુધી તેમની વંશોમાં પણ જોવા મળે છે. ત્યાર પછી આ બ્રાહ્મણ પોતાના પુત્રો સાથે હિંદુસ્તાન ચાલ્યો આવ્યો. પંજાબમાં રહેવા લાગ્યો. આ રીતે પંજાબમાં હુસૈની બ્રાહ્મણોની આબાદી થઇ. ગળું કપાયેલા નિશાનને કારણે એમનું નામ પ્રખ્યાત છે.

## *દત્ત બ્રાહ્મણોની કરબલામાં મદદ*

હિંદુસ્તાનમાં દત્ત બ્રાહ્મણો તે સમયમાં સૌથી વધારે શક્તિશાળી યોદ્ધા ગણાતા હતા. તેમની જ ફોજ હિંદુસ્તાનથી ઇરાક પહોંચી હતી. પોતાને કુરબાન કરી દીધા હતા. જેઓ મુખ્તારની ફોજમાં સામેલ થયા હતા. જનાબ મુખ્તાર

યઝીદથી બદલો લેવા ફોજ તૈયાર કરતા હતા. આ દત્ત બ્રાહ્મણના સરદાર રાહિબે પણ પોતાના પુત્રોને ઇમામ હુસૈન(અલ.) ઉપર કુરબાન કરી દીધા હતા. એક યુરોપિયન ઇતિહાસકારે આ હિંદુ સરદારના પુત્રોના નામ નીચે પ્રમાણે લખ્યા છે. સાહસરાય, હરજાસરાય, શિરરાય, રામસિંગ, રાયપુન, ધબરા અને પોરા બતાવ્યા છે. આ નામો તે સમયમાં લખાયેલી કિતાબ હુસૈન પોથીમાંથી મળે છે. આ બધાએ પોતાની કુરબાની ઇમામ હુસૈન(અલ.)ની રાહમાં આપી છે.

## *ઈમામ હુસૈન(અલ.)ની શહાદત ઉપર હિંદુ દેવતાઓનો ગમ*

અનેક હિંદુ દેવતાઓએ પોતપોતાના સમયગાળામાં કરબલાના કરૂણ કિસ્સાની ભવિષ્યવાણી કરી હતી. આ કરૂણ કિસ્સાથી તેઓ

પણ ચિંતિત હતા. જેથી આ દેવતાઓએ પોતપોતાના સમયગાળામાં પોતાના દુઃખદર્દને વ્યક્ત કર્યું હતું.

શંકરજી જેઓને મહાદેવજી પણ કહેવાય છે. જેઓ લાખો વર્ષ પહેલાં આ દુનિયામાં આવ્યા હતા. તેમણે પણ કરબલામાં ઘટનારી આ કરૂણ ઘટનાનું જ્ઞાન હતું. આ વિષયમાં હિંદુ ધર્મની લાખો વર્ષ જૂની કિતાબ મનુસ્મૃતિમાં લખેલી એક કહાનીનો અમૂક ભાગ વાંચકોની સમક્ષ રજૂ કરી રહ્યો છું.

મનુસ્મૃતિ જે હિંદુ બિરાદરોની એક મહત્વની કિતાબ જ નથી પરંતુ એક અગત્યનો દસ્તાવેજ પણ છે. તેમાં એક ઘણી જ જૂની ઘટનાનું વર્ણન આ પ્રમાણે છે.

એક દિવસ ભોલાનાથ શંકરજી પોતાની પત્ની પાર્વતીજી સાથે ખુલ્લા વાતાવરણમાં અવકાશમાં ઊડી રહ્યા હતાં. ત્યાં એક જગ્યાએ શરીરને સેકી નાખે એવી ખૂબ જ ગરમી મહસૂસ થઇ. બંને ખૂબ જ બેચેન થઇ ગયાં. પાર્વતીજીએ શંકરજીને પૂછ્યું: ‘‘આ દુનિયાની કઇ જગ્યા છે જ્યાં આટલી બધી ગરમી છે? મારૂં શરીર તો જાણે સેકાઇ રહ્યું છે. ઉત્તરમાં શંકરજીએ જે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી તે ફક્ત મુસલમાનો માટે જ નહિ બલ્કે હિંદુ બિરાદરો માટે પણ વિચારવાનો વિષય છે.

શંકરજીએ કહ્યું: ‘‘આ તે જગ્યા છે જ્યાં એક જમાના પછી મગમત(મોહંમદ)ના નવાસાને ત્રણ દિવસ સુધી ભૂખ્યા અને પ્યાસા રાખી પછી

મારી નાખવામાં આવશે. એમને મારી નાખનારા ઝાલિમો સખત ગુનેહગાર લોકો હશે."

હવે વાચકો સમક્ષ બીજી ભવિષ્યવાણી પણ રજૂ કરવામાં આવે છે. જે કિતાબ ‘‘બશારતે અહમદી"થી લેવામાં આવી છે. જેના લેખક મોહદ્દિસ મોલવી અબ્દુલ અઝીઝ છે. પ્રસ્તુત છે :

### *કૈલાસ પર્વત ઉપર શરી મહાદેવજીએ ઈમામ હુસૈન(અલ.)ના વિષયમાં શું કહયું ?*

હિંદુ ધર્મના મહાન દેવતા શ્રી મહાદેવજીએ કૈલાસ પર્વત ઉપર પાર્વતીજીને કહ્યું :

‘‘અય પાર્વતી ! મહામત(મોહંમદ)ના મૃત્યુ પછી મહામતના બંને નવાસાઓને કેટલાક ઝાલિમ લોકો દુનિયાના ખાતર નાહક ઝુલમ કરીને મારી નાખશે. અને આ લોકો કમીના હશે. તેમના હૃદયમાં મહામતની મહબ્બત ન હશે

પરંતુ જાહેરમાં (દેખાવમાં) મહામત(મોહંમદ)ના દીન ઉપર રહેશે. મહામત(મોહંમદ) અને તેમના નવાસાઓની સીરતના (ચાલચલન-રહેણી કહેણી) વિરૂદ્ધ ઘણાં બધા કામો જીદમાં કરશે જ્યારે થોડા લોકો મોહંમદ અને તેમના ચિંધેલા રસ્તા ઉપર ચાલશે."

## *વિશ્વના પ્રથમ શંકરાચાર્ય કહે છે*

સ્વામી શંકરાચાર્ય ઇમામ હુસૈન(અલ.)ના વિષયમાં કહે છે કે ‘‘મેં હુસૈન(અલ.)થી વધીને મરતબામાં કોઇ શહીદ જોયો નથી અને હુસૈન(અલ.)ની શહાદતની અસરથી વધીને કોઇ શહીદની કુરબાનીનો આટલો બધો પ્રભાવ નથી જોયો."

## શ્રી રામચંદ્રજીની ભવિષ્યવાણી

આખર જમાનામાં ખુદાના જે નુરોનો ઝુહૂર થશે. તેની રોશની અને ચમક દરેક જમાનામાં અલ્લાહના પ્યારા બંદાઓ જોયા કરશે. (રિસાલા વેદાંત નઇ દિલ્હી)

ઉપરોક્ત ટૂંકી ભવિષ્યવાણીમાં શ્રી રામચંદ્રજીએ ઇમામ હુસૈન(અલ.) અને કરબલાની કરૂણ કહાની ઉપર પ્રકાશ નાખ્યો છે. આપ કહે છે કે:

આખર જમાનામાં અલ્લાહ જે નૂરોને મોકલશે તેની રોશનીની ચમક દરેક જમાનાના લોકો જોઇ શકશે. આખર જમાનામાં પેગમ્બરે ઇસ્લામ અને તેમના એહલેબયત(ઘરના લોકો) આવ્યા. જેમના વિષયમાં હિંદુ બિરાદરોના ઉચ્ચોચ્ચ દેવતાઓએ પોતપોતાના જમાનામાં

તેમના આગમન અને કરબલાના જુલમના વિષયમાં ભવિષ્યવાણીઓ ફરમાવી છે. મતલબ કે આ દેવોએ આ બધાના નૂર જોયાં છે. પાંડવો અને કૌરવોની પ્રખ્યાત લડાઇ મહાભારતમાં શ્રીકૃષ્ણજી કુરૂક્ષેત્રના મેદાનમાં આવીને આ પ્રમાણે દુઆ કરે છે.

## *શ્રી કૃષ્ણની દુઆ*

અય અલ્લાહ! દુનિયાના પાલનહાર! તને તારા મહામતની કસમ(મોહંમદના સોગંદ) જેના કારણે તે આ જમીન અને આસમાનને પેદા કર્યાં. તેમના સોગંદ જે તારા વહાલાના વહાલા છે. તારા મહેબૂબના મહેબૂબ (પેગમ્બર મોહંમદ સલ. અલ્લાહને પ્યારા અને અલી, ફાતેમા, હસન, હુસૈન નબીને પ્યારા. જેથી પ્યારાના પ્યારા) તને સોગંદ તેમાં જે આહીલી છે. (અલી છે) જે દુનિયાના

બધાથી મોટા મંદિરના કાળા પથ્થરની પાસે પોતાના ચમત્કાર દેખાડશે. તું મારી વિનંતી સાંભળી લે. જુઠ્ઠા ઝાલિમોને ખતમ કરી દે, અને સાચાઓને ફતેહ આપ. અલ્લા ઇલ્લા, ઇલા, ઇલા.

(રિસાલો કૃષ્ણબંતી, લેખક પંડિત રામધુન, પેજ નં. ૭૨, દિલ્હી ઇ.સ. ૧૯૩૯)

શ્રી કૃષ્ણજીના ઉપરોક્ત દુઆના શબ્દો ઉપર ધ્યાન આપવામાં આવે. તેઓ કેટલા સારા શબ્દોમાં આ હસ્તીઓને પોકારી રહ્યા છે. જેમના કારણે જમીન અને આસમાન અસ્તિત્વમાં આવ્યાં. મહેબૂબના મહેબૂબ-હઝરત મોહંમદ(સલ.) અને અલી ફાતેમા તથા તેમની ઔલાદો ત્યાર પછી તે મહેબૂબનું નામ પણ પોકારે છે ‘‘આહીલી'' આ સંસ્કૃત શબ્દ છે. જે અરબીના અલી(અલ.)ની જગ્યાએ લખાય છે. સૌથી મોટું મંદિર ‘‘કાબા'' અને

કાળો પથ્થર ‘‘હજરે અસવદ''ની પાસે ચમત્કાર દેખાડશે. પછી છેલ્લે ત્રણ વખત ઇલા, ઇલા, ઇલા ફરમાવ્યું. તેનો અર્થ ઘણા ઊંચા દરજ્જાવાળો એટલે કે ‘‘અલી, અલી, અલી''

આ સાબિતીઓ દ્વારા આ વાત સ્પષ્ટ થઇ જાય છે કે બધા જ હિંદુ દેવતાઓને આ પવિત્ર હસ્તીઓનું જ્ઞાન હતું. અને એ લોકો પણ તેમને યાદ કરતા હતા. આ જ કારણથી કરબલાની કરૂણ કહાનીનું બધા જ દેવોને દુઃખ હતું સાથે સાથે બધા હિંદુ દેવતાઓએ આ શ્રેષ્ઠ હસ્તીઓના ચમત્કારો પણ પોતપોતાના જમાનામાં જોયા હતા. ત્યારે તો આ શ્રીરામચંદ્રજી કહે છે કે આ પંજતનની પાંચ હસ્તીઓ મોહંમદ, અલી, ફાતેમા, હસન, હુસૈન(અલ.)ની રોશની અને

ચમક દરેક જમાનામાં અલ્લાહના પ્યારાઓ જોતા રહેશે.

## *કરબલા અને ગાંધીજી*

ગાંધીજી કહે છે કે મેં કરબલાનો ગમગીન બનાવ ત્યારે વાંચ્યો જ્યારે કે હું નવયુવાન હતો. આ કરૂણ કિસ્સાએ મને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધો. અત્યારે હું મારા હિંદુસ્તાની બિરાદરો સમક્ષ કોઇ નવી વાત રજૂ નથી કરતો. મેં કરબલાના હીરો ઇમામ હુસૈન(અલ.)ની તેહરીકનો (ચળવળનો) ઘણી જ સારી રીતે અભ્યાસ કર્યો છે. જેના દ્વારા હું આ વાત શીખ્યો છું કે હિંદુસ્તાન ત્યારે જ આઝાદ થઇ શકે છે, જ્યારે આપણે હુસૈની સિદ્ધાંતો ઉપર ચાલીશું.

## *ગુરૂનાનકની ઈમામ હુસૈન(અલ.) સાથે મહબ્બત*

મુરતઝા અલી શેરે ખુદાઇ, ખાલિક તા કો દી અતાઇ

ઉપરોક્ત શબ્દો ગુરૂનાનકજીના છે. જેનો અર્થ થાય છે કે અલી મુરતઝા અલ્લાહના શેર છે અને આ મરતબો તેમને અલ્લાહે આપેલો છે.

ગુરૂનાનકજી આગળ કહે છે કે ‘‘મોહંમદ મારા હૃદયમાં વસેલા છે. સાથે હઝરત ઇમામ હસન, ઇમામ હુસૈન તેમના માતા-પિતા ફાતેમા અને અલી પણ છે. મારા દિલમાં કાબાની મહબ્બત પણ સમાયેલી છે.

ઉપરોક્ત ગરૂવાણીમાં નાનકજીએ રસૂલે ઇસ્લામથી લઇને તેમના ઘરવાળાઓના(એહલેબયતના) નામો પોકારી આ

વાત સિદ્ધ કરી દીધી કે આ બધા જ લોકો ઉચ્ચોચ્ચ દરજ્જાના છે. અને તે પોતે તેમની સાથે મહબ્બત કરે છે. આપ કાબાની પણ ઇઝ્ઝત કરે છે.

ઉપરોક્ત વિચારો હિંદુ બિરાદરોના દેવતાઓના છે. જેમણે સમગ્ર વિશ્વને આ તાલીમ આપી કે ઇસ્લામના અવતારોની ઇઝ્ઝત કરવામાં આવે.

## *ઈમામ હુસૈન(અલ.) અને રજપૂતો*

પ્રખ્યાત પ્રવાસી અને લેખક અબ્દુલ લતીફ શાસ્ત્રી લખે છે કે હિંદુસ્તાનમાં કેટલીય જગ્યાઓ એવી છે કે જ્યાં સેંકડો કિલોમીટર સુધી કોઇ મુસલમાન દૃષ્ટિગોચર થતો નથી. ફક્ત હિંદુ રજપૂતોની જ આબાદી હોય છે. જ્યાં અઝાનની અવાજો સુદ્ધાં સાંભળી શકાતી નથી. ત્યાં માલદાર હિંદુઓએ મોટા મોટા ઇમામવાડા અને અઝાખાના

બનાવ્યા છે, મોહર્રમનો ચાંદ જોતાં જ આ લોકો કાળા કપડાં પરેહી લે છે. એશ-આરામ છોડીને રાત-દિવસ પોતાની જીભથી નૌહા પઢે છે. માતમ કરે છે. ગરીબો અને કમજોરોને ઇમામ હુસૈન(અલ.)ના નામ ઉપર ખાવાનું ખવડાવે છે. ગલીઓ અને સડકો ઉપર પીવાના પાણીની વ્યવસ્થા કરે છે. ઝરીહ અને તાજીયાઓની ખૂબ જ તાઝીમ કરે છે. મને આ બાબત હૈરત થાય છે કે રજપૂતોને ઇમામ હુસૈન પ્રત્યે આટલી બધી આસ્થા છે?

### *મરાઠાઓની ઈમામ હુસૈન(અલ.) સાથે મહબ્બત*

અંગ્રેજી ફોજનો એક ઑફિસર પ્રખ્યાત વ્યક્તિ મિસ્ટર થોમસ દોયર બ્રથ પોતાના એક લેખમાં મરાઠાઓની અઝાદારીનો આંખે દેખ્યો

અહેવાલ રજૂ કરતાં લખે છે કે (આ પત્ર ૨૬ ફેબ્રુઆરી ઇ.સ. ૧૮૦૯માં લંડનમાં પ્રકાશિત થયો હતો.)

મરાઠાઓમાં મેં ઇમામ હુસૈન(અલ.)ની અજીબ મહબ્બત જોઇ, હું દંગ રહી ગયો. લીલા રંગના ફાટેલા કપડાં પહેરીને લીલા અને લાલ રંગના પટા ગળામાં નાખીને, ફકીરી વેશમાં કેમ્પમાં ચારે તરફ ફરતા લોકો જોયા. મોહંમદ, અલી, ફાતેમા, હસન, હુસૈનના નામો તે પટાઓ ઉપર લખેલાં હતાં. ત્યાં માલદારો, ઠાકોરો, રાજાઓ પણ હુસૈનના ફકીર બને છે. મેં અંગ્રેજી સેનાપતિઓ અને મરાઠા રાજાઓને જોયા કે તેઓ દરબારમાં પણ ગમગીની હાલતમાં દેખાય છે. અહીં સુધી કે આવા જ ફકીરી ફાટેલા વેશમાં રાજાઓ પોતાના દરબારીઓ સાથે આશુરા-૧૦ મોહર્રમની પૂરી રાત

કેમ્પમાં હરતા-ફરતા જોવામાં આવતા. રાતે બધા જ તાજીયા જુલુસ આકારે બાદશાહના કેમ્પ સુધી લઇ જવામાં આવતા. એક જગ્યાએ તો મેં જોયું કે ૧૦૦ તાજીયા હતાં. દરેક તાજીયાની પાછળ હુસૈની ફકીરોના ટોળાં માતમ કરતાં, છાતી કૂટતાં અને હુસૈન હુસૈન કરતા જોવામાં આવ્યાં.

(પન્દ્રહ રોઝહ બદલતે દીન(હિન્દી) અખબારમાંથી સાભાર અનુવાદ)

(ઇસ્લાહ મંથલી, ઉર્દૂ લખનવ, માહે મોહર્રમ-૨૦૦૩)